સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

સપ્ટેમ્બર, ૨૦૨૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-



રાજધાની દિલ્હીમાં સ્વતંત્રતા પર્વે રાષ્ટ્રહિતની મંગલ પ્રાર્થનાઓ સાથે

## મહંત સ્વામી મહારાજે લહેરાવ્યો ત્રિરંગો





**દિલ્હીમાં સ્વામિનારાયણ અક્ષરધામના પવિત્ર પરિસરમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજનું શાનદાર સ્વાગત**

રાજધાની દિલ્હી ખાતે સ્વામિનારાયણ અક્ષરધામમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આગમનને વધાવતો દિલ્હીનો ભક્ત સમુદાય. દુહા-છંદોના ગાનથી થિરકતા યુવાનોએ ભક્તિનૃત્ય દ્વારા અને હજારો ભક્તોએ જયનાદોથી સ્વામીશ્રીને સત્કાર્યા. (તા. ૧૩-૮-૨૦૨૪)



# સાચી સ્વતંત્રતાથી જીવતરને સાર્થક કરીએ...

## ક્રમિકા


૩. સંપાદકીય

૪. શ્રીહરિ એક અનોખા શિલ્પી
- સાધુ અક્ષરજીવનદાસ

૭. વંદે સંતપરંપરામ્
- સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી (૭)
- મહર્ષિ બૌધાયન (૮)

- સાધુ અક્ષરવત્સલદાસ

૧૩. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૨૭. હોંગકોંગમાં યોજાયો દશાબ્દી મહોત્સવ

૨૯. બેંગકોકમાં પ્રતિષ્ઠિત થયું નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર

૩૨. મોન્ટગોમરી અને વોરિંગ્ટન શહેરમાં રચાયાં નૂતન બી.એ.પી.એસ. મંદિર

૩૪. અમેરિકામાં બી.એ.પી.એસ. સત્સંગને ૫૦ વર્ષ પૂર્ણ થતાં થયાં સન્માનો

૩૭. એશિયા પેસેફિક દેશોમાં યોજાયાં - યુથ સેમિનાર અને સત્સંગ શિબિર

૩૯. સિડની બી.એ.પી.એસ. મંદિરમાં ન્યૂ સાઉથ વેલ્સના પ્રીમિયરનું અભિવાદન

૪૦. ટોરન્ટોમાં બી.એ.પી.એસ. મંદિરમાં યોજાઈ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી શિબિર

૪૧. ઈટલીના રોમમાં ૨૫મી વર્લ્ડ કોંગ્રેસ ઑફ ફિલોસોફીમાં અક્ષર-પુરુષોત્તમ દર્શનનું સ્વાગત


બંધન અને ગુલામી ક્યારેય કોઈનેય સ્વીકાર્ય બનતાં નથી. વ્યક્તિ હોય કે રાષ્ટ્ર, ગુલામી અને બંધનની ઝંઝીરો સૌ કોઈને અકળાવે છે. ભારતે સદીઓ સુધી એવી અકળામણ સહન કરીને અંતે આઝાદીનો ત્રિરંગો લહેરાવ્યો હતો. ૧૯૪૭નો ૧૫મી ઓગસ્ટનો એ દિવસ નવા ભારતના નિર્માણનો પ્રથમ શિલાસ્થાપન સમો બની રહ્યો. બલિદાનો અને સમર્પણની વેદી પર એ શિલાસ્થાપન થયું છે. આજે એ વાતને ૭૮ વર્ષ થઈ ગયાં છે, આમ છતાં પ્રત્યેક વર્ષની ૧૫મી ઓગસ્ટ રાષ્ટ્રના નવનિર્માણની વધુ ઊંચાઈએ પહોંચવાના નવા સંકલ્પનું પર્વ બની રહે છે. પ્રત્યેક ભારતીય માટે આ પર્વ ગૌરવ અને ગર્વનું પર્વ બની રહે છે.

તાજેતરમાં એવા રાષ્ટ્રગૌરવ અને સૌ ભારતીયોની સુખાકારીની મંગલ પ્રાર્થના સાથે રાજધાની દિલ્હીના દિલમાં વસેલા 'સ્વામિનારાયણ અક્ષરધામ' ખાતે મહંત સ્વામી મહારાજે સ્વતંત્રતાનું આ પર્વ ઊજવ્યું. સ્વામિનારાયણ અક્ષરધામના યજ્ઞપુરુષ કુંડના એક કિનારે શોભી રહેલા ભગવાન નીલકંઠવર્ણી સમક્ષ તેઓએ આ પર્વે ગગનમાં ત્રિરંગો ફરકાવીને ધ્વજવંદન કર્યું ત્યારે ઉપસ્થિત સૌ કોઈએ રાષ્ટ્ર પ્રત્યે અસ્મિતાની અનોખી ઊર્જા અનુભવી હતી. મહંત સ્વામી મહારાજે ભારતનું વિરલ ગૌરવ બની રહેલા અક્ષરધામના ચોકમાંથી આધ્યાત્મિક સ્વતંત્રતાનો સંદેશ પણ આપ્યો. આત્માની એવી શાશ્વત સ્વતંત્રતા કે મુક્તિ માટે આપણને જન્મ પ્રાપ્ત થયો છે, એમ જણાવી સ્વામીશ્રીએ એ મુક્તિ માટે ગુણાતીત ગુરુના ચીંધેલા માર્ગે જીવન જીવવાની પ્રેરણા આપી હતી.

સ્વભાવથી લઈને સમાજ સુધીની અનેકવિધ ગુલામીઓ વચ્ચે જીવતા આપણે સૌ એવા ગુણાતીત ગુરુ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને પામીને મુક્તિનો શાશ્વત માર્ગ પામ્યા છીએ. એમના ચીંધેલા માર્ગે ચાલીને, શ્રીહરિની નિષ્કામ ભક્તિ કરીને આપણે જીવતરને સાર્થક કરી લઈએ. એ જ સાચી સ્વતંત્રતા છે. એવી સ્વતંત્રતા પામીને જીવતરને ધન્યતા ને કૃતાર્થતાથી છલકાવીએ, એ જ સ્વતંત્રતા દિનનો સંદેશ છે. ◆

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥


**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૬, અંક : ૯,**
**સપ્ટેમ્બર, ૨૦૨૪**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**



# શ્રીહરિ
# એક અનોખા શિલ્પી

■ સાધુ અક્ષરજીવનદાસ

'બાપુ, મહારાજ દર્શન તો દેશે ને!'

'દેશે જ બેટા! એના માટે તો આપણે આવ્યા છીએ.'

આજ જવું... કાલ જવું... એમ નક્કી કરતા બાપ-દીકરો આજે ગઢડા મહારાજના દર્શને પહોંચી જ ગયા.

જાડી ધડૂસ ચોરણીઓ પહેરી છે. માથે રાતી પાઘડીઓ બાંધી છે. કાંડે ચાંદીનાં કડાં રહી ગયાં છે. હાથમાં ડાંગો રાખી છે. પગમાં ભારેખમ જોડા પહેર્યા છે. કાનમાં સાવ સોનાના કોકરવા ને કડીઓ લટકે છે. શરીરનો વાન સહેજ શામળો છે. પુત્ર વીરાની ઉંમર ૨૦ વર્ષની છે. પિતાનું નામ છે રામભાઈ. તેઓ ખાસ ગઢડે ઠેઠ બાબરિયાવાડ(અમરેલી પંથક)થી દર્શને આવ્યા છે. રામભાઈ ગુણભાવી છે, પરંતુ પુત્ર વીરો શ્રીહરિના સત્સંગથી દૃઢપણે જોડાઈને ઉચ્ચ ધર્મ-નિયમ પાળે છે. સંતોના વિચરણથી આ પંથકમાં સત્સંગ થયો, ત્યારથી કોળી ભક્તોએ લોકોનાં હૃદયમાં સ્વામિનારાયણીય સત્સંગની આગવી છાપ ઉપસાવી હતી. તેની વાત ઈતિહાસમાં આ રીતે નોંધાયેલી મળી આવે છે –

એકવાર એક અંગ્રેજ અમલદાર આ જ બાબરિયાવાડમાં સીમ જોવા નીકળ્યા. તે વખતે તેણે એક ખેતર જોયું કે જે એકદમ સારી રીતે ખેડાયેલું હતું,

વવાયેલું હતું. તે કોણ હશે! સાથેના પટેલે કહ્યું કે સાહેબ એ જેઠાભાઈ કોળીનું ખેતર છે.

'બળદ રાખે છે?'

'સા'બ, એના જેવા ગામમાં કોઈને બળદ નથી.'

પછી અમલદારે ઝીણી નજરે જોયું તો બોરડીના ગળાયા નીચે પાણીની માટલી દીઠી. પૂછતાં એ કોળી ભક્ત જેઠાભાઈ બોલ્યાઃ 'અમારે પાણી પીવા માટે ઢાંકીને ભમલી રાખીએ છીએ, ઉપર કાગડો ન બેસે તે માટે પાલેરુ ઢાંક્યું છે.'

અમલદાર કહેઃ 'લોટકો છેટે કેમ પડ્યો છે?'

'સાહેબ! દિશાએ જવું હોય ત્યારે પાણી લેવું જોઈએ ને! વળી, પાણી પીવાનો તો જુદો જ લોટકો છે.'

સાથેના પટેલે સાહેબને સમજાવ્યું કે સાહેબ અમારા ગામમાં આ એક જ ખેડૂત એવો છે જે સ્વામિનારાયણનો સત્સંગી છે. એકાદશી પાળે છે. અન્ન-વસ્ત્ર અને આબરૂ એનાં જેવાં કોઈને નથી. તે દશમીને રોજ ઉના મંદિરે જાય. એકાદશીનો ઉપવાસ કરે ને ભજન કરે. બારસે પારણાં કરી ઘરે આવે. એવું એને નિયમ છે. સવારે નિત્ય વહેલા ઊઠે. નાહીને પૂજાપાઠ કરે અને તિલક ચાંદલો કરે. ઊજળા લુગડાં પહેરે!' આ સાંભળી અમલદારનું હૃદય આનંદથી ભરાઈ ગયું. એને થયું કે સ્વામિનારાયણે ખરેખર કેટકેટલાનાં જીવન પલટી દીધાં હશે!

વીરો ભક્ત એ પૈકીના હતા. શ્રીહરિને અંતર્યામી જાણીને એમનું ભજન કરતા. વર્તનમાં તેઓ ગામમાં જુદા તરી આવતા. નિયમ-ધર્મ પાકા પાળતા. અણહકનું લેતા નહીં. ગામ લોકો એને હૃદયથી વંદતા.

ભગવાન સ્વામિનારાયણ માણકી નચાવતા લક્ષ્મીવાડીથી પધારી રહ્યા છે. પેંગડું છાંડતાં હરિવરે ધરતી પર ચરણ ધર્યા અને આ બાપ-દીકરો મહારાજ પાસે પહોંચી ગયા. પાઘડી ઉતારી ધરતીને માથાં ટેકવી બંને મહારાજને પગે લાગ્યા. શ્રીહરિએ બંનેને માથે હાથ મૂક્યા, આશીર્વાદ આપ્યા. અને જમાડવા રસોડે મોકલી આપ્યા.

સાંજના સભા થઈ. તે વખતે ત્યાં આ બાપ-દીકરો આવ્યા. મહારાજને દંડવત્ કરી પગે લાગ્યા ને સભામાં બેઠા. અંતર્યામી શ્રીહરિએ તેમને નજીક બોલાવ્યા અને વિસ્તારથી વાતો કરી. મહારાજે પૂછ્યુંઃ 'તમારું ગામ કયું? નામ શું?'

'મહારાજ! અમે મોલી ગામ રહીએ છીએ. જ્ઞાતિએ કોળી છીએ. તમારા સાધુના સંગે તમારો રંગ લાગ્યો છે.'

શ્રીહરિ કહે, 'અમે વન વિચરણ કરતા હતા તે વખતે જૂનાગઢ તરફ જતાં વચ્ચે બાબરિયાવાડથી પસાર થયા ત્યારે ગામ મોલીના પાદરમાં થઈને ગામ ગાંગડે ગયા હતા, તે જ ગામ મોલી કે?'

વીરો ભક્ત કહે, 'હા મહારાજ! એ જ મોલી.'

પહેલી જ વાર ગઢડે આવેલા આ બાપ-દીકરો શ્રીહરિના સ્નેહમાં ગરકાવ થઈ ગયા. બાપ કરતાં દીકરાને મહારાજ પ્રત્યે કોઈ પૂર્વનું હેત હોય તેમ લાગતું હતું. મહારાજે તે બંનેને સમાગમ માટે રોક્યા. રોજ શ્રીહરિ વીરા ભક્ત સાથે ગોષ્ઠિ કરતા.

સુરા ખાચરે પૂછ્યું, 'મહારાજ! આ જુવાનનાં એવાં તે શું પુણ્ય છે કે આપ એના ઉપર આટલું હેત વરસાવો છો!'

મહારાજ કહે, 'આ વીરા ભગતે જ્યારથી સત્સંગ થયો ત્યારથી અમારો એક પણ નિયમ લોપ્યો નથી.' એમ કહી શ્રીહરિએ સંતસમાગમનો મહિમા કહ્યો અને ત્યાં સભામાં બેઠેલા પરમહંસો તરફ ઈશારો કરી ભક્તોને કહ્યું, 'તમને પણ આ મનુષ્ય દેહે કરીને અમારો યોગ થયો છે તે આવા સંતોના સમાગમથી થયો છે. હવે આ યોગ જતો ન રહે તે માટે સૌ સંતોના સમાગમમાં રહેજો.'

આ સાંભળી સૌ જનો હાથ જોડી બોલ્યા, 'મહારાજ! આપની આજ્ઞા અમે હંમેશાં યાદ રાખીશું અને સંસારમાંથી વૃત્તિ તોડીને સંતનો સમાગમ કરીશું.'

વીરા ભક્ત પોતે સત્સંગની વૃદ્ધિ થાય એવા આગ્રહવાળા હતા, તેથી તેમણે લગભગ પોતાના સંબંધીઓને સત્સંગ કરાવી દીધો હતો; પણ એમના પિતા રામભાઈ સત્સંગી નહોતા થયા. હોકાના હરેડ બંધાણી હતા; તેથી કાયમ હાથમાં હોકો રાખી ભેંસો ચારતા. તેમનો સ્વભાવ બહુ જ આકરો હતો, વીરા ભક્ત આકરા સ્વભાવના પિતાને શાંત કરવાના ઉપાયો કર્યા કરતા હતા. કોઈ વખતે પ્રકૃતિની ઉગ્રતાને લીધે અણધાર્યો કંકાસ થઈ પડતો. અહીં શ્રીહરિનાં દર્શનથી તેમને અંતરમાં શાંતિ થઈ ગઈ. વ્યસન છૂટી ગયું. શ્રીહરિએ તેમને માથે હાથ મૂકી કહ્યું કે હવે ફરી વ્યસન વળગે નહીં તેનું ધ્યાન રાખજો. તેમણે પણ શ્રીહરિનું વચન માથે ચડાવ્યું.

શ્રીહરિની આજ્ઞાથી બાપ-દીકરો ગઢડે રોકાયા તે દરમ્યાન એકવાર વાસુદેવનારાયણના ઓરડા ચણાતા હતા તે તૈયાર થઈ ગયા. તેના ઉપર આડસર ચડાવવું બાકી હતું તે ચડાવતા હતા, પણ થોડા માણસોને લીધે આડસર ચડે નહીં. રામભાઈ શૂરવીર ને શરીરે મહાબળવાન હતા. તેમણે આ બધું જોઈ પોતાને ખભે પછેડી આઠવડી નાખી, નિસરણી ઉપર ચડી ગયા. આડસર બરાબર ખભા ઉપર રાખી એક સાથે બળ કરી જોરથી હાકલ મારી કે બધાનું એક બળ થયું

ને તરત જ આડસર ગોઠવાઈ ગયું! ત્યાં સ્વયં શ્રીહરિ ઊભા હતા તેઓ રામભાઈ પર ખૂબ રાજી થયા ને ખૂબ આશીર્વાદ આપ્યા. શ્રીહરિની દયાદૃષ્ટિથી રામભાઈની પ્રકૃતિમાં ઘણો ફેરફાર થઈ ગયો, વ્યસન છૂટી ગયું ને પાકા સત્સંગી થઈ ગયા.

વીરા ભગતની આ મોટી ઇચ્છા શ્રીહરિએ આજે પૂરી કરી દીધી. તેઓ અંતરથી શ્રીહરિને પ્રાર્થના કરતા હતા તે આજે ફળી. થોડા દિવસ રોકાઈને બંને બાપ-દીકરાએ મોલી ગામ જવા રજા માંગી. શ્રીહરિને કહ્યું, 'હે મહારાજ! અમે ચાલીએ છીએ. તમે દયા રાખજો ને તમારી મૂર્તિની અખંડ સ્મૃતિ રહે તેવી કૃપા કરજો.'

શ્રીહરિ કહે, 'વીરા ભગત! જાઓ તમને હંમેશાં દર્શન દેશું.' એમ રાજી થઈને વર દીધો.

મોલી ગામથી તેઓ હવે ટીંબી રહેવા ગયા હતા. જૂનાગઢના જોગી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા શ્રીહરિએ સ્વમુખે કહેલો. તેથી વીરો ભગત અવારનવાર જૂનાગઢ જઈને સ્વામીનો સમાગમ કરતા.

વીરા ભક્તને સ્વામીની કૃપાથી જીવનો સત્સંગ થયો. એમને અખંડ મહારાજનાં દર્શન થતાં.

શ્રીહરિ સ્વધામ પધાર્યા તો પણ વીરા ભક્તને દર્શન દેતા અને પોતે કોઈ હરિભક્તને અંતકાળે તેડવા જાય ત્યારે પણ વીરા ભગતને કહેતા જાય જે 'અમે ફલાણા હરિજનને તેડવા જઈએ છીએ.' વળી કોઈ વખત એમ પણ કહેતા કે 'ફલાણા હરિભક્તને બે ચાર દિવસ પછી ધામમાં તેડી જઈશું.' એમ શ્રીહરિ હંમેશાં તેને દર્શન દેતા ને વાત કરતા. વળી, વીરા ભક્ત ખેતરમાં જે પાકે તેનો ચોખ્ખો દશમો ભાગ જૂનાગઢ મંદિરે અર્પણ કરતા. શ્રીહરિની સર્વોપરિ નિષ્ઠા ધરાવતા આ ભક્તના યોગ-ક્ષેમનું વહન અને ખેતરની રખેવાળી શ્રીહરિ સ્વયં કરતા.

એકવાર ચોર લોકો ચોરી કરવા આવ્યા ત્યારે કોઈ ઘોડેસવારને ખેતરની રખેવાળી કરતા દીઠો. તેથી પાછા વળી ગયા. ગામમાં વીરા ભક્તને પૂછ્યું: 'તમે કયા ગામનો રખોપિયો રાખ્યો છે? ખેતરની ભારે દેખરેખ રાખે છે!

ભગત કહે: 'ભાઈ! મેં તો કોઈને રાખેલ નથી. પ્રભુને ભળાવ્યું છે. તે એમને જેમ કરવું હોય તેમ કરે, આપણે કાંઈ ચિંતા કરતા નથી.' ભગતની વાત સાંભળી લોકો આશ્ચર્યચકિત થઈ ગયા અને ત્યારથી એ લોકો ભગત તરફ માનની દૃષ્ટિથી જોવા લાગ્યા.

એક વખત સમઢિયાળા ગામે વ્રજાનંદ સ્વામી મંદિર કરતા હતા. ત્યાં વીરો ભક્ત દર્શને ગયા ને સ્વામીને દંડવત્ કરીને પગે લાગ્યા. ત્યારે સ્વામીએ કહ્યું, 'ભગત! આ ગામમાં નળિયાં નથી મળતાં માટે ઓણ મંદિર ઉઘાડું રહેશે. તમારે ત્યાં ગામમાં અથવા બીજે નળિયાં મળે તો વેચાતાં લેવાં છે.'

વીરો ભગત કહે, 'સ્વામી! મારી સાથે ચારેક બળદગાડાં લઈને સાધુને મોકલો, નળિયાં ભરી દઉં.' પછી ગાડાં જોડાવીને સાધુ સાથે તે ભક્ત પોતાને ગામ ટીંબી ગયા ને પોતાના ફળિયામાં ગાડાં છોડાવ્યાં. પછી વીરા ભગતે પોતાને ખોરડે નિસરણી મંડાવીને સાધુને કહ્યું, 'સ્વામી, તમે તથા આ હરિભક્તો ખોરડે ચડી જાઓ ને નળિયાંના ખડુકલા કરીને ઉતારવા માંડો અને ગાડામાં ભરો.'

સાધુ કહે, 'તમારા ખોરડાંનાં નળિયાં અમારે ન લેવાય.'

વીરો ભગત કહે, 'સ્વામી! ઠાકોરજીનું મંદિર ઉઘાડું ન રહેવું જોઈએ. વળી, અમે તો અમારા ખોરડાં ઉપર પૂળાનું છાજ નાંખી દેશું જેથી વરસાદનું ટીપું પણ નહીં પડે.'

પછી વીરા ભગતે અતિ આગ્રહ કર્યો તેથી સંતો-ભક્તોએ તે નળિયાં ઉતારવા માંડ્યાં તે બધાંય ઉતારીને ગાડામાં ભર્યાં. પણ રસોડા ઉપર સાધુએ રહેવા દીધાં. ત્યારે વીરો ભગત કહે, 'તે પણ ઉતારી લીયો ને! શું કરવા રહેવા દીધાં?' સંતો કહે, 'ભગત! ચૂલા માથે ચોમાસામાં ચુવે નહીં એટલા માટે ભલે રહ્યાં.' ત્યારે વીરો કહે, 'એ ઉપર તો બથરું છાજ નાંખશું (ડબલ પૂળા મૂકીશું)' એમ કહી પોતે ખોરડા ઉપર ચડીને તે નળિયાં પણ ઉતારી દીધાં અને મંદિર માટે આપી દીધાં. વીરા ભગતનું આવું સમર્પણ જોઈને સાધુ તથા સમઢિયાળાથી આવેલા ગાડાવાળા હરિભક્તો મનમાં બહુ આશ્ચર્ય પામ્યા.

જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે સ્વામી બહુ રાજી થયા ને વખાણ કર્યાં, 'મંદિર માટે ઘર માથેથી નળિયાં ઉતારી આપે એવા વીરા ભગત જેવા હરિભક્તો બહુ જ થોડા જોવા મળે.'

ગુણાતીતાનંદ સ્વામી સંતોને કહેતા કે તમે ગામડે ફરવા જાવ ત્યારે આવા હરિભક્તોનાં ખાસ દર્શન કરજો, તેની વાતો સાંભળજો.

ભગવાન સ્વામિનારાયણ અને એમનું ધામ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ પકવેલા હરિભક્તોની ગાથાઓ ખૂબ ન્યારી છે. આવા ભક્તો પકવીને ગુજરાતની કાયાપલટ કરવામાં શ્રીજીમહારાજનો ફાળો અમૂલ્ય રહેશે. પથ્થરનો મહિમા વધારનાર શિલ્પી છે. શિલ્પી મૂર્તિ કંડારે છે પછી જ તે પૂજનીય બને છે. સમાજ ઘડતરના એવા આગવા શિલ્પી ભગવાન સ્વામિનારાયણને કોટિ કોટિ વંદન. ◆

# વંદે સંતપરંપરામ્...




જેમનાં પ્રેમરસ ભરેલાં કીર્તનોએ
શ્રીહરિને ચિરંજીવ રાખ્યા છે...

# પ્રેમાનંદ સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણની નક્ષત્રમાળ સમી સંતમાળામાં એક દેદીપ્યમાન અમર સંતકવિ એટલે સ્વામી શ્રી પ્રેમાનંદજી. તેમનાં જન્મ, વતન, કુળ અને બાળપણ અંગે અલગ અલગ સ્રોતોમાંથી અલગ અલગ વિગતો મળે છે. એક પ્રચલિત મત મુજબ તેમનો જન્મ વિ.સં.૧૮૪૦માં (સન ૧૭૮૪) ભરૂચ પાસેના દોરા ગામે થયો હતો. બાળપણમાં જ માતાપિતાની છત્રછાયા ગુમાવનાર તેમને દ્વારિકામાં ભગવાન સ્વામિનારાયણના મહાન સંત મહાનુભાવાનંદ સ્વામી મળ્યા અને તેમના દ્વારા તેઓ ભગવાન સ્વામિનારાયણના યોગમાં આવ્યા. શ્રીહરિ સાથેની પ્રથમ મુલાકાતમાં જ તેઓ તેમના આધ્યાત્મિક પ્રેમ-પ્રભાવમાં એવા તલ્લીન થઈ ગયા કે સમગ્ર જીવન તેમની સેવામાં સમર્પિત કરી દીધું. ગઢડા ખાતે દીક્ષા આપીને ભગવાને તેમનું નામ નિજબોધાનંદ સ્વામી પાડ્યું હતું. પાછળથી શ્રીહરિએ તેમને પ્રેમાનંદ સ્વામી નામ આપ્યું હતું. ભગવાન સ્વામિનારાયણની પ્રાપ્તિથી તેમના ભક્તિમય આત્માને વિહાર કરવા જાણે એક વિશાળ ગગન મળી ગયું. કાવ્ય-રચના, ગાયન, વાદન વગેરે અનેકવિધ વિદ્યાઓથી સંપન્ન આ સંતે પોતાનું એ સઘળું શ્રીહરિની દિવ્ય લીલાઓના ગાન-ગુંથનમાં સમર્પી દીધું. ગુજરાતી, હિન્દી, વ્રજ વગેરે ભાષાઓનાં હજારો પદો લખનાર આ કવિરાજ ગાયન-વાદનમાં એવું અજોડ પ્રભુત્વ ધરાવતા હતા કે એમના પ્રેમ-ભક્તિમય કીર્તનગાનથી સમગ્ર વાતાવરણ બદલાઈ જતું. શ્રીહરિના અંગે અંગનું સૂક્ષ્મ વર્ણન કરતાં અને તેમની નિત્ય લીલાઓનું ચિત્રાત્મક વર્ણન કરતાં પદો રચીને તેમણે ભગવાન સ્વામિનારાયણનું દસ્તાવેજી શબ્દચિત્ર રચ્યું છે, જેને ચેષ્ટા તરીકે આજે પણ લાખો ભક્તો રોજ રાત્રે ગાય છે અને ભગવાન સ્વામિનારાયણને તાદૃશ અનુભવે છે. સારંગીના સૂર છેડીને તેઓ મધુર સ્વરે સ્વરચિત કીર્તનો ગાવામાં લીન થઈ જતા ત્યારે તેને સાંભળવા સ્વયં શ્રીહરિ મુગ્ધ બનીને ક્યારેક આખી રાત ઊભા રહેતા. સ્વામિનારાયણીય અષ્ટકવિઓમાં જ નહીં, સમગ્ર ભારતના સંતકવિઓમાં અનોખું સ્થાન ધરાવતા આ મહાન સંતે ભગવાન સ્વામિનારાયણના વિરહ-પ્રેમની અવસ્થામાં જ, સન ૧૮૫૬માં ગઢડામાં દેહલીલા સંકેલી લીધી. આવનારી અનેક પેઢીઓને એક અજોડ અને ચિરંતન કીર્તનવારસો આપીને ઉપકૃત કરનાર આ મહાન સંતકવિનાં ચરણમાં કોટિ કોટિ વંદન. ◆

છબિ: પ્રેમાનંદ સ્વામી, સ્વામિનારાયણ અક્ષરધામ, ન્યૂજર્સી, યુ.એસ.એ.



■ સાધુ અક્ષરવત્સલદાસ

ભારત જ્ઞાનનો એક એવો પ્રાચીન ભંડાર છે, જેનાં અનેક ઝળહળતાં રત્નો આજે પણ આપણને પ્રભાવિત કરે છે અને આધુનિક વિશ્વને અજવાળે છે. એવાં મહાન રત્નોમાંનું એક ઋષિ-રત્ન એટલે મહર્ષિ બૌધાયન.

ક્યારેક જિજ્ઞાસા થાય કે વિશ્વની પ્રાચીન અજાયબી સમા પિરામિડોની ડિઝાઇન કેવી રીતે થઈ હશે? ક્યારેક મનમાં સવાલ થાય છે કે વિશ્વને ચકિત કરતાં ધોળાવીરા નગર જેવી પાંચ હજાર વર્ષ પુરાણી આયોજનબદ્ધ શહેરી રચનાઓ કેવી રીતે થઈ હશે? તેમાં આધુનિક શહેર મુજબ ઊભી-આડી આયોજનબદ્ધ શેરીઓ, આધુનિક હાઇડ્રોલિક એન્જિનિયરિંગની કમાલ સમા જળકુંડો વગેરેની ડિઝાઇન પાંચ હજાર વર્ષ પહેલાં કેવી રીતે કરવામાં આવી હશે? આધુનિક વિશ્વનાં મહાનગરો અને ભવ્ય મહેલો કે અજાયબી સમી ઇમારતોના આર્ટ-આર્કિટેક્ચરની પહેલી રેખા કોણે આંકી હશે?

## પ્રાચીન અજાયબીઓથી લઈને આધુનિક આર્કિટેક્ચરમાં જેમના સિદ્ધાંતો પ્રયોજાયા છે એ

# મહર્ષિ બૌધાયન

# હજારો વર્ષ પહેલાં યજ્ઞકુંડોની ડિઝાઈન માટે મહર્ષિ બૌધાયને આપેલા ભૂમિતિ શાસ્ત્રમાંથી જ શું શહેર પ્લાનિંગથી લઈને વિશ્વની અજાયબીઓ વિકસી છે ?

આવા અનેક સવાલોનો જવાબ ભારત અને વૈદિક પરંપરા પાસે છે, જ્યાં હજારો વર્ષો પહેલાં ભૂમિતિના સૌપ્રથમ શાસ્ત્રીય અને સૈદ્ધાંતિક જ્ઞાનનો કક્કો ઘૂંટવામાં આવ્યો છે. એ પાયાના સિદ્ધાંતો પર જ પ્રાચીન વિશ્વ કે આજના વિશ્વની અજાયબીઓનું વિશ્વ રચાયું છે.

જગતને ભૂમિતિના એ પ્રાચીન સિદ્ધાંતોનો એકડો શીખવનાર પ્રાચીન ભારતીય મહર્ષિ બૌધાયન અને મહર્ષિ આપસ્તંબ જેવા વૈદિક ઋષિઓને એક વિનમ્ર અંજલિ અર્પવાનો અહીં એક પ્રયાસ છે.

કોણ હતા મહર્ષિ બૌધાયન? કેવો છે ભારતીય ભૂમિતિનો એક વૈશ્વિક અધ્યાય? મહર્ષિ બૌધાયન હતા - યજુર્વેદના તૈત્તિરીય શાખાના એક મહાન વિદ્વાન ઋષિ. એક પ્રાચીન સૂત્રકાર. એક મહાન ગણિતજ્ઞ. એક પ્રાચીન પુરોહિત. બૌધાયન ઋષિ દ્વારા રચિત કલ્પસૂત્ર વૈદિક પરંપરામાં પ્રસિદ્ધ છે. યજુર્વેદની તૈત્તિરીય શાખામાં આવાં સૂત્રશાસ્ત્ર રચનારા છ ઋષિઓનાં નામ પ્રસિદ્ધ છેઃ બૌધાયન, ભરદ્વાજ, આપસ્તંબ, સત્યાષાઢ, વૈખાનસ અને વાધૂલ. તેમાં બૌધાયનનું નામ સર્વપ્રથમ ક્રમે મૂકવામાં આવ્યું છે.[૧] આ છ ઋષિઓમાં બૌધાયન સિવાયના પાંચ ઋષિઓને 'સૂત્રકાર' એટલે કે સૂત્રોના રચયિતા તરીકે સંબોધવામાં આવ્યા છે, જ્યારે બૌધાયન સૂત્રકાર હોવા છતાં તેમને 'પ્રવચનકાર' તરીકે સંબોધવામાં આવ્યા છે. કારણ કે તેમણે રચેલાં સૂત્રો જાણે એક પ્રવચન સમાન છે. સૂત્રમાં સંક્ષેપ હોય, પ્રવચનમાં વિસ્તાર હોય. સૂત્રકાર સૂત્રો લખે, પ્રવચનકાર સામે બેઠેલા લોકોને સંબોધે. જાણે સામે બેઠેલા કોઈને સમજાવતા હોય તે રીતે બૌધાયને આ સૂત્રો લખ્યાં છે. જરૂર પડે તો પ્રવચનકાર પોતાના હાથના અભિનય દ્વારા વાતને વધુ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરે. તેમ બૌધાયન પણ પોતાનો જમણો હાથ ઊંચો કરીને અધ્વર્યુએ યજ્ઞમાં પ્રજ્વલિત કાષ્ઠને હાથમાં લઈને કેવી રીતે તેને ઉપર-નીચે કરવું તેનું માર્ગદર્શન આપે છે.[૨] આમ, બૌધાયન એક આદર્શ પ્રવચનકાર છે.

## ક્યાં અને ક્યારે જન્મ્યા હતા બૌધાયન ઋષિ?

ભારતના મહાન ઋષિઓની વિશેષતા એ હતી કે અનેક પ્રદાનો આપ્યા પછી પણ તેમણે પોતાના વિશે લખવાનું હંમેશાં ટાળ્યું છે અથવા ગૌણ રાખ્યું છે. મહર્ષિ બૌધાયન પણ પોતાના વિશે મૌન રહ્યા છે, પરંતુ તેમણે રચેલાં સૂત્રોની ભાષા, શૈલી, પ્રકાર અને વિષયવસ્તુ ઉપરથી ઘણા વિદ્વાનો માને છે કે તે પાણિનિ અને ગૌતમ બુદ્ધ પહેલાં થયા હોવા જોઈએ. જ્યોર્જ બુહલર જેવા જર્મન વિદ્વાન માને છે કે બૌધાયન આંધ્રપ્રદેશના હતા.[૩] આ પ્રદેશમાં આજે પણ બૌધાયન શાખાના બ્રાહ્મણો જોવા મળે છે. વેદોના પ્રસિદ્ધ ભાષ્યકાર સાયણ આચાર્ય પણ આ બૌધાયન શાખાના જ એક બ્રાહ્મણ વિદ્વાન હતા. બૌધાયન એક વિદ્વાન ગણિતજ્ઞ હોવા ઉપરાંત અનુષ્ઠાનો માટે યજ્ઞ-નિર્માણ કરનાર એક કુશળ કારીગર પણ હતા.

વૈદિક શાસ્ત્રોના પ્રસિદ્ધ બ્રિટિશ વિદ્વાન એ. બી. કીથના કથન મુજબ, બૌધાયન ઋષિ આધુનિક સંવત પૂર્વે પાંચમી સદીમાં થયા હોવા જોઈએ.[૪] જ્યારે મોટા ભાગના વિદ્વાનો માને છે કે આધુનિક સંવત પહેલાં ઓછાંમાં ઓછાં ૮૦૦ વર્ષ પહેલાં, એટલે કે આજથી ૨૮૦૦ વર્ષ પહેલાં તેઓ થયા હોવા જોઈએ. અમુક વિદ્વાનો કહે છે કે શુલ્બસૂત્રોનાં મૂળ જ્યાં સંકળાયેલાં છે એ યજુર્વેદને લક્ષમાં લઈએ તો, યજુર્વેદના શાખાના એક વિદ્વાન તરીકે ઓછાંમાં ઓછાં ૩૦૦૦ વર્ષ પહેલાં તેઓ થયા હોવા જોઈએ. સાચો સમય

---

૧. આ શ્રૌતસૂત્રો એટલે કે વૈદિક શ્રુતિઓ-મંત્રો પર રચાયેલાં સૂત્રો પર મહાદેવ નામના એક વિદ્વાને 'વૈજયંતી' નામનું ભાષ્ય લખ્યું છે. આ ભાષ્યના પ્રારંભમાં તેમણે આ છ સૂત્રકાર ઋષિઓને આ રીતે યાદ કરીને પ્રણામ કર્યા છેઃ

यत्राकरोत् सूत्रमतीव गौरवाद् बौधायनाचार्यवरोऽर्थगुप्तये।
तथा भरद्वाज मुनीश्वरस्तथाऽऽपस्तम्ब आचार्य इदं परं स्फुटम्॥
अतीव गूढार्थमनन्यदर्शितं न्यायैश्च युक्तं रचयन्नसौ पुनः।
हिरण्यकेशीति यथार्थनामभाग् अभूद्वरात्तुष्ट मुनीन्द्रसम्मतात्॥
वाधूल आचार्यवरोऽकरोत् परं सूत्रं तु यत् केरल देशसंस्थितम्।
वैखानसाचार्यकृतं त्वथापरं पूर्तेन युक्तं त्विति सूत्र षड्विधाः॥

૨. इत्यग्नेय हरति अर्थवति अर्थयति।

૩. Translated by George Buhler, *The Sacred Books of the East, vols. 2, 14, and 25.*, (Oxford University Press, UK, 1879) pp. xliii, pp. xxx

૪. T. A. Sarasvati Amma, *Geometry in Ancient and Medieval India,* (Motilal Banarsidass Publishers PVT. LTD., Delhi, 1999) p. 15



૦.૦૭૫ મિલિમીટરની ચોકસાઈ સાથે બનાવવામાં આવેલી ૫૦૦૦ વર્ષ જૂની માપપટ્ટી,
એ સમયના ભારતીયોની ભૂમિતિશાસ્ત્રની આગવી હથોટીનું એક ખૂબ મોટું પ્રમાણ બની રહી છે.

જે હોય તે, પરંતુ તે પાણિનિના વ્યાકરણ પૂર્વેનો સમય છે તે અંગે કોઈનેય શંકા નથી.[૫]

બૌધાયન દ્વારા રચિત કલ્પસૂત્રોનો સંગ્રહ સંપૂર્ણ અવસ્થામાં અપ્રાપ્ય છે, પરંતુ તેના પર થયેલાં ભાષ્યો પરથી તે અમુક અંશે ઉપલબ્ધ છે. બૌધાયને આપેલાં કલ્પસૂત્રોને છ વિભાગમાં વહેંચી શકાય: ૧. બૌધાયન શ્રૌતસૂત્ર, ૨. બૌધાયન ધર્માંતસૂત્ર, ૩. બૌધાયન દ્વૈધસૂત્ર, ૪. બૌધાયન ગૃહ્યસૂત્ર, ૫. બૌધાયન ધર્મસૂત્ર, ૬. બૌધાયન શુલ્બસૂત્ર.

અહીં મુખ્યત્વે વાત કરવી છે, બૌધાયનનાં શુલ્બસૂત્રોની. આ શુલ્બસૂત્રો એટલે આધુનિક ભૂમિતિની ગંગોત્રી.

વિશ્વ જેને 'જ્યોમેટ્રી' તરીકે સંબોધે છે તેનું મૂળ ઘણા વિદ્વાનો પ્રાચીન સંસ્કૃત શબ્દ 'જ્યામિતિ' સુધી લઈ જાય છે.[૬] 'જ્યા' એટલે વર્તુળના કેન્દ્રમાંથી પસાર થતી વર્તુળના પરિઘ સુધીની રેખા, એટલે કે વ્યાસ (diameter). તેના પરથી જ 'ત્રિજ્યા' (radius) શબ્દ પ્રયોજાયો છે. તેના 'મિતિ' એટલે કે માપમાંથી રચાતી વિવિધ આકૃતિઓનું જ્ઞાન એ જ્યામિતિ. જ્યારે હજારો વર્ષ પહેલાં વૈદિક ઋષિઓ વિવિધ પ્રકારના યજ્ઞો કરતા ત્યારે અલગ અલગ પ્રકારની સાંકેતિક આકૃતિઓ પરથી યજ્ઞકુંડોની ડિઝાઈન કરવામાં આવતી. યજ્ઞવિધિની સાથે સાથે એ ડિઝાઈનનું માર્ગદર્શન આપતું એક વિધિવત્ શાસ્ત્ર એટલે જ 'શુલ્બસૂત્ર'. આધુનિક જ્યામિતિ, ભૂમિતિ, રેખાગણિત કે જ્યોમેટ્રીનું મૂળ સૈદ્ધાંતિક વિજ્ઞાન.

એવા એક શુલ્બસૂત્રના રચયિતા હતા મહર્ષિ બૌધાયન.

સામાન્ય રીતે ક્યાંય પણ ભૂમિતિ કે જ્યોમેટ્રીની વાત આવે એટલે ગ્રીક વિદ્વાન પાયથાગોરસ અને યુક્લિડનું જ નામ વિશ્વમાં પ્રથમ લેવામાં આવે, પરંતુ એ ગ્રીક વિદ્વાનો જન્મ્યા તે પહેલાં સેંકડો નહીં, હજારો વર્ષ પહેલાં ભારતમાં ભૂમિતિના સ્થાનિક સિદ્ધાંતો પર અનેકવિધ આકૃતિઓના યજ્ઞકુંડો, ભવ્ય ભવનો અને શહેરોની રચનાઓ થતી હતી. આથી હવે ઘણા વિદ્વાનો માને છે કે જે સિદ્ધાંતો ગ્રીક વિદ્વાનોના નામે આપણાં પાઠ્યપુસ્તકોમાં ભણાવવામાં આવે છે, હકીકતે તેના જનક હતા મહર્ષિ બૌધાયન.[૭]

બૌધાયનના પ્રદાન વિશે વધુ સમજીએ તે પહેલાં ભારતીય ભૂમિતિના ઇતિહાસ પર એક નજર નાંખી લઈએ.

### ભારતીય પરંપરામાં ભૂમિતિ

વિદેશી આક્રમણકારોની વિનાશક પ્રવૃત્તિઓને કારણે ભારતમાં જ્ઞાન-વિજ્ઞાનના ઘણા બધા રેકોર્ડ્સ નાશ પામ્યા હોવાથી ભારતે આપેલાં પ્રાચીન પ્રદાનોનો સમય કે તેનો સાચો ઇતિહાસ નક્કી કરવાનું મુશ્કેલ બન્યું છે.

ભૂમિતિના ક્ષેત્રમાં પણ એવું જ બન્યું છે. તેમ છતાં સદ્ભાગ્યે કેટલીક હસ્તપ્રતો, તેના પર લખાયેલાં આજપર્યંત જળવાઈ રહેલાં ભાષ્યો, તેમજ આર્કિયોલોજિકલ પુરાવાઓ ભારતીય ભૂમિતિના ઇતિહાસ પર કંઈક પ્રકાશ પાડે છે. આ સામગ્રીના આધારે ભારતીય ભૂમિતિશાસ્ત્રને ત્રણ તબક્કાઓમાં આમ વિભાજિત કરી શકીએ:

૧. સિંધુ સભ્યતાની નગરરચનાઓનો તબક્કો
૨. વૈદિક સાહિત્ય અને ખાસ કરીને શુલ્બસૂત્રોનો તબક્કો
૩. આધુનિક સંવતનો પ્રારંભ થયો ત્યાર પછીનો તબક્કો


દુર્ભાગ્યે, પૂરતા રેકોર્ડ્સ્ ઉપલબ્ધ ન હોવાથી દેશ-વિદેશના અનેક વિદ્વાનોએ ગણિત, ભૂમિતિ અને જ્ઞાન-વિજ્ઞાનની અન્ય શાખાઓમાં ઋષિઓનાં પ્રદાનોને પૂરતો

૫. ibid.
૬. डा. प्रसन्नकुमार आचार्य, *हिन्दु संस्कृति अंक, कल्याण,* गीताप्रेस, गोरखपुर, १९५०, पृ. ५४५-५४६
૭. George Gheverghese Joseph, *The Crest of the Peacock Non-European Roots of Mathematics,* (Princeton University Press, Princeton & Oxford, 2011) p. 344-45





૫૦૦૦ વર્ષ પહેલાંના સિંધુ સભ્યતાના નગરોમાં ભારતીય ભૂમિતિનો અદ્‌ભુત પ્રભાવ નીરખવા મળે છે. બૌધાયને સૂચવેલ ડિઝાઇન(નીચે) અને હડપ્પા-મોંહેજો દડોમાંથી મળી આવેલ ઘડાની ડિઝાઇનમાં કેટલું સામ્ય છે! કચ્છમાં આવેલ ધોળાવીરાની ઊભી અને આડી કાટખૂણે બંધાયેલી શેરીઓ અને ટાઉનપ્લાનિંગમાં ભૂમિતિનો કેવો અદ્‌ભુત પ્રભાવ અનુભવાય છે!



ન્યાય આપ્યો નથી. આ Eurocentric વિદ્વાનોએ મોટે ભાગે ભૂમિતિ જેવાં પ્રાચીન પ્રદાનોમાં ભારતીયોને બદલે ગ્રીસ અને અન્ય યુરોપિયન વિદ્વાનોની દુહાઈ દીધી છે. અમેરિકાની પ્રિન્સ્ટન યુનિવર્સિટીના જ્યોર્જ જી. જોસેફ નામના પ્રસિદ્ધ વિદ્વાન લખે છેઃ 'For some their Eurocentrism (or Graeco-centrism) is so deeply entrenched that they cannot bring themselves to face the idea of independent developments in early Indian mathematics, even as a remote possibility.'[૮]

હકીકતે, ગ્રીસ અને બેબિલોનિયામાં જ્ઞાન-વિજ્ઞાનનો વિકાસ જોવા મળે છે. ભારત અને એ પ્રાંતો વચ્ચે પ્રાચીન સમયમાં જ્ઞાન-વિજ્ઞાનનાં આદાન-પ્રદાન પણ જરૂર થયાં જ હશે. પરંતુ ભારતમાં મળતા પ્રાચીન આર્કિયોલોજિકલ અવશેષો પુરવાર કરે છે કે, અન્ય સંસ્કૃતિઓ કરતાં ભારતમાં ભૂમિતિનું જ્ઞાન ઘણું પુરાણું હતું. સિંધુ સભ્યતાનાં ૫૦૦૦ વર્ષ પુરાણાં નગરો તેનો એક મોટો પુરાવો છે. સિંધુ સભ્યતાનાં નગરોનાં ખોદકામમાં મોટું યોગદાન આપનારા આર્કિયોલોજિસ્ટ અર્નેસ્ટ જે. એચ. મેકે (Ernest J. H. Mackay) નોંધે છે કે, "It is surprising to find that an instrument was actually used for this purpose (i.e. for drawing circles) in the Indus valley as early as 2500 BC."[૯]

અર્થાત્, સિંધુ સભ્યતાના ખોદકામ દરમિયાન ભૂમિતિની વિવિધ આકૃતિઓ બનાવી શકાય તેવાં સાધનો પણ મળી આવ્યાં છે. મોહેં-જો-દડો, હડપ્પા તથા લોથલમાંથી એવી માપપટ્ટીઓ મળી આવી છે, જેનો ઉપયોગ ભૌમિતિક આકૃતિઓ કરવા માટે થતો હતો. જેમ કે, મોહેં-જો-દડોમાંથી એવી એક માપપટ્ટી મળી છે જે ૬૬.૨ મિલિમીટર લાંબી છે અને તેમાં દર ૬.૭૦૫૬ મિલિમીટરે એક આંકો પાડવામાં આવ્યો છે. તેની ચોકસાઈ અચંબો પમાડી રહી છે. દર આંકા વચ્ચે એટલી ચોકસાઈ છે કે જેમાં ભૂલ(error)નું પ્રમાણ માત્ર ૦.૦૭૫ મિલિમીટર જેટલું છે! વળી, નિશ્ચિત અંતરે દર છઠ્ઠા આંકા પર મીંડા

૮. ibid. p. 311

૯. E.J.H Mackay, *Further Excavations at Mohenjo-Daro, Vol. I,* (Archaeological Survey of India, New Delhi, 1938) p. 222

જેવું એક ટપકું મૂકવામાં આવ્યું છે. આવાં બે ટપકાં વચ્ચેનું અંતર ૧.૩૨ એટલે કે ૩૩૫ મિલિમીટર જેટલું છે![૧૦]

હડપ્પા, ધોળાવીરા, મોહેં-જો-દડો વગેરે સિંધુ સભ્યતાનાં પ્રાચીન નગરોના આયોજનબદ્ધ ટાઉન પ્લાનિંગ, એ સમયના લોકોના ભૂમિતિના જ્ઞાનની સાખ પૂરે છે. કચ્છમાં આવેલા ધોળાવીરા નગરનું ગ્રીડબદ્ધ ટાઉન પ્લાનિંગ ૫,૦૦૦ વર્ષ પહેલાંના ભારતીયોની ભૂમિતિની સિદ્ધિઓનું એક અદ્વિતીય ઉદાહરણ છે. ઉપર દર્શાવેલી ધોળાવીરાની કાટખૂણે બનાવેલી શેરીનું દૃશ્ય જુઓ.

હડપ્પામાં મળી આવેલ વિવિધ ૧૫ આકારની લાખો ઈંટો આશ્ચર્ય પમાડે છે. આ ઈંટોનાં નાના-મોટાં કદ ગમે તે હોય, પરંતુ તેનું પ્રમાણ એક જ સરખું જોવા મળે છે - ૪:૨:૧. આધુનિક ઈંટોમાં પણ મોટે ભાગે આ જ પ્રમાણ મળે છે. યજ્ઞ માટે આવા જ પ્રમાણ સાથે ઈંટોના નિર્માણનું માર્ગદર્શન આપતા બૌધાયનની જ કોઈ અસર સિંધુ સભ્યતામાં નહીં હોય ને?

વળી, આ નગરોના ખોદકામમાંથી મળી આવેલાં ઘડાઓ-માટલાંઓ-કુંજાઓ પર અદ્‌ભુત ભૌમિતિક આકૃતિઓ જોવા મળે છે. તેમાં પણ કેટલાંક માટલાંઓ એવાં મળી આવ્યાં છે કે જેના પર એકબીજાને છેદતાં વર્તુળો કરીને જે ડિઝાઇન કરવામાં આવી છે તે બૌધાયનનાં શુલ્બસૂત્રોમાં સૂચવવામાં આવી છે! (જુઓ આગળના પૃષ્ઠ પરની છબિ)

વળી, આ નગરોમાં ત્રિકોણ, ચોરસ કે અન્ય આકૃતિઓનો જે રીતે વિનિયોગ કરવામાં આવ્યો છે તે અચંબો પમાડે છે. વૈદિક ભારત અને સિંધુ સભ્યતા વચ્ચે શું સંબંધ છે તે વિશે મોટા ભાગના વિદ્વાનો હજુ સ્પષ્ટ નથી, પરંતુ આ ઘડાઓ પર જોવા મળતી ડિઝાઇનો કે જુદાં જુદાં બીબાંઓ તેમજ પકવેલી માટીમાંથી બનાવેલી આકૃતિઓ વૈદિક સમયમાં યજ્ઞકુંડની ડિઝાઇન કરવા માટે વપરાતા સિદ્ધાંતોનું જ જાણે પ્રતિબિંબ પાડે છે.

વિદ્વાનોના મતે શુલ્બસૂત્રો એ સિંધુ સભ્યતા અને વૈદિક સમય વચ્ચેની એક કડી છે.[૧૧]

## શી છે બૌધાયનના શુલ્બસૂત્રોની વિશેષતા?

વેદનાં છ અંગો છે. તેમાંનું એક અંગ એટલે કલ્પસૂત્ર. એ કલ્પસૂત્રોનો એક ભાગ એટલે શુલ્બસૂત્રો. કલ્પસૂત્રોની આ વિશાળ પરંપરાને જીવંત રાખવામાં ઘણા ઋષિઓએ પ્રદાનો આપ્યાં છે. લૂઈસ રેનો (Louis Renou) એવા આઠ ગ્રંથકારોનાં નામ સૂચવે છેઃ બૌધાયન, લૌંગાક્ષી, માનવ, વરાહ, વાધુલ, આપસ્તંબ, હિરણ્યકેશીન અને કાત્યાયન.[૧૨] આ બધાના સારરૂપે જ બૌધાયનનાં શુલ્બસૂત્રો મુખ્ય ભૂમિકા પૂરી પાડે છે. પ્રસિદ્ધ વિદ્વાન શ્રી બી. બી. દત્તા આ આઠ ઉપરાંત મૈત્રાયણ નામના નવમા સૂત્રકારનો પણ નિર્દેશ કરે છે.[૧૩] આ સૂત્રો કૃષ્ણ યજુર્વેદ અને શુક્લ યજુર્વેદના એક ભાગરૂપે જ જોવા મળે છે. કાત્યાયન સૂત્ર સિવાયના ઉપરોક્ત બધાં સૂત્રો કૃષ્ણ યજુર્વેદમાં સમાવવામાં આવ્યાં છે.

બૌધાયન ઋષિએ લખેલા શુલ્બસૂત્રને ભૂમિતિની આદિ મેન્યુઅલ કહી શકાય. વૈદિક યજ્ઞો કરવા માટેની પદ્ધતિઓ, વિવિધ હેતુઓ માટે વિવિધ આકારના યજ્ઞકુંડોની ડિઝાઇન કરવા માટે ભૂમિતિના સિદ્ધાંતો, યજ્ઞવેદીના નિર્માણ માટે ઈંટોની સિસ્ટમેટિક રચનાઓ અને તેની ગોઠવણી, તેમજ કર્મકાંડ અંગેની વિગતપૂર્વક સૂચનાઓ આ શુલ્બસૂત્રોમાં સમાવાયેલી છે.

ઉલ્લેખનીય છે કે શુલ્બસૂત્રોમાં ક્યાંય ‘શુલ્બ’ શબ્દનો પ્રયોગ જોવા મળતો નથી. પરંતુ યજ્ઞવેદીના નિર્માણમાં વ્યવહારમાં એક માપદંડ તરીકે તેનો ઉપયોગ થતો હતો તેથી તેનું નામ પ્રયોજવામાં આવ્યું છે. શુલ્બ એટલે આમ તો માપવાની દોરી કે માપવાની પટ્ટી એવો અર્થ થાય છે. બૌધાયન માપની બાબતમાં ખૂબ ચોક્કસ છે. તેઓ પોતાની માપપટ્ટીનો નાનામાં નાનો એકમ ‘તિલ’ આપે છે. ૩૪ તિલ = ૧ અંગુલ થાય. (૧ અંગુલ = ૦.૭૫ ઈંચ થાય.) આવા ૧ તિલથી લઈને ૧૮૮ અંગુલ સુધીનાં માપ આપીને બૌધાયન યજ્ઞવેદીના નિર્માણની ભૌમિતિક ચોકસાઈ દર્શાવે છે.[૧૪]

બૌધાયને સૂત્રો પ્રશ્ન-ઉત્તર શૈલીમાં લખ્યા છે, જેમાં કુલ ૪૯ પ્રશ્નો અને તેના જવાબ આપવામાં આવ્યા છે. એટલે જ, અહીં પ્રત્યેક પ્રકરણ કે અધ્યાયને ‘પ્રશ્ન’ નામ આપવામાં આવ્યું છે.

શુલ્બસૂત્રનો મુખ્ય અને પ્રાથમિક હેતુ એવી યજ્ઞવેદીઓના નિર્માણનો છે, જેનાં માપ, દિશા, ક્ષેત્રફળ અને આકાર અંગે ખૂબ ચોકસાઈ રાખવી અનિવાર્ય હતી. વૈદિક મંત્રોના ઉચ્ચારણમાં જેટલી ચોકસાઈ અનિવાર્ય હતી એટલી જ ચોકસાઈ આ યજ્ઞકુંડોના નિર્માણમાં રાખવી ફરજિયાત હતી. તેનું કારણ એ (**અનુસંધાન પૃષ્ઠ ૩૪ ઉપર**)

૧૦. George Gheverghese Joseph, *The Crest of the Peacock Non-European Roots of Mathematics,* (Princeton University Press, Princeton & Oxford, 2011) p. 318

૧૧. ibid. p. 327


૧૨. Louis Renou and Jean Filliozat, Translated from the French by Philip Spratt, *Classical India,* (Susil Gupta, Calcutta, 1957) pp. 43-51

૧૩. B. B. Datta, *The Science of Sulba,* (University of Calcutta, Calcutta, 1932) p. 2

૧૪. बौधायन शुल्बसूत्र, १.३

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## ભાદરામાં સ્વામીશ્રીની અલૌકિક સ્મૃતિઓ માણતા સંતો-ભક્તો...

તા. ૧૦-૭-૨૦૨૪ થી તા. ૧૮-૭-૨૦૨૪ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના પ્રાકટ્યતીર્થ ગુણાતીતનગર-ભાદરામાં બિરાજીને સંતો-હરિભક્તોને દિવ્ય સત્સંગલાભ આપ્યો હતો. ભગવાન સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તથા ગુણાતીત ગુરુઓની ચરણરજથી પાવન થયેલી ભાદરાની પવિત્ર ભૂમિ પર એક સપ્તાહના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ હાલાર પંથકના હરિભક્તોને સત્સંગ-ભક્તિ-દર્શન અને અલૌકિક સ્મૃતિઓથી લાભાન્વિત કર્યા હતા. વહેલી સવારે સ્વામીશ્રી નિજનિવાસેથી પ્રાતઃપૂજામાં પધારતા ત્યારે તેઓના ગમનપથ પર ઊભા રહીને હજારો ભક્તો-ભાવિકોએ સમીપદર્શનનો લાભ પ્રાપ્ત કર્યો હતો. પૂજાદર્શન બાદ સ્વામીશ્રીના મુખે ‘યોગીવાણી’ પર મનનીય કથાવાર્તાનો લાભ પ્રાપ્ત કરીને સૌ અહોભાગી બન્યાં હતાં. આજુબાજુનાં વિવિધ સત્સંગ કેન્દ્રોમાંથી પદયાત્રા કરીને આવેલા આબાલ-વૃદ્ધ હરિભક્તો પર સ્વામીશ્રીએ આશીર્દૃષ્ટિ કરી, પ્રસન્નતા વરસાવી હતી.

ભાદરા ખાતે સ્વામીશ્રીએ વહાવેલા અલૌકિક સ્મૃતિલાભને અહીં માણીએ...



# ગુણાતીતનગર-ભાદરામાં મહંત સ્વામી મહારાજનું દિવ્ય સાંનિધ્ય

## ■ આગમન

તા. ૧૦-૭-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ગુણાતીતનગર-ભાદરા પધાર્યા હતા. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું પ્રાકટ્યસ્થાન સ્વામીશ્રીને ખૂબ પ્રિય છે.

બાઈક સવાર યુવકોના એસ્કોર્ટ સાથે મંદિરમાં પધાર્યા ત્યારે બાળકોએ પુષ્પપાંદડી વરસાવીને અને યુવકોએ બી.એ.પી.એસ.ની ધજા લહેરાવીને ઈષ્ટદેવ-ગુરુદેવનું સ્વાગત કર્યું.

સૌને દર્શનસુખ આપતાં સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા. ઠાકોરજીનાં પ્રેમપૂર્વક દર્શન કરીને સ્વામીશ્રી મંદિરના પોડિયમ પર પધાર્યા ત્યારે મંદિરના ચોકમાં દર્શનકાજે અધીરાઈથી બેઠેલા ભાદરા અને આજુબાજુનાં ગામના સેંકડો હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શનથી પુલકિત થઈ ઊઠ્યા. સૌએ ગગનભેદી જયનાદોથી સ્વામીશ્રીને આવકાર્યા. સંતોએ હારતોરા પહેરાવી ગુરુહરિને વધાવ્યા. ઘણા સંતો-ભક્તોએ વિધ વિધ તપ-વ્રત કર્યાં હતાં. જામનગરના ઘણા ભક્તોએ પણ ભક્તિ-તપ કર્યાં હતાં. જેમાં, ૩,૬૩,૧૨૭ માળાઓ!, ૧,૯૬,૨૭૨ દંડવત/પંચાંગ પ્રણામ, ૨,૦૪,૦૮૬ પ્રદક્ષિણાઓ, આ ઉપરાંત વિવિધ તપ, સહજાનંદ નામાવલિના પાઠ, વચનામૃત વાંચન, ભાવતી વાનગીઓનો ત્યાગ વગેરે નિયમો પણ લીધા હતા. તેમને પ્રસન્નતાપૂર્વક દર્શન આપીને સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

સ્વામીશ્રીના આગમન નિમિત્તે અંતરનો ભક્તિભાવ વહાવતાં મહિલાભક્તોએ વિધ વિધ રંગોળીઓ રચી હતી. સ્વામીશ્રીએ તેના પર દૃષ્ટિ કરીને તેઓની ભક્તિ સ્વીકારી હતી.

● તા. ૧૧-૭-૨૦૨૪ના રોજ સ્વામીશ્રી અનાદિ મૂળઅક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના જન્મસ્થાને પધાર્યા હતા. જેનાં દર્શન કરવાની સ્વામીશ્રીને ખૂબ ઈન્તેજારી હતી, જેના માટે સ્વામીશ્રીએ વિચરણ કાર્યક્રમમાં ફેરફાર કરાવીને આટલો બધો ભીડો ઉઠાવ્યો હતો!

સ્વામીશ્રીએ નવીનીકરણ પામેલા ગુણાતીત જન્મસ્થાનનાં દર્શન કર્યાં. ગર્ભગૃહમાં ચરણારવિંદનાં દર્શન કર્યાં, બે પ્રદક્ષિણા કરી. 'અહીં રોજ મહાપૂજા થાય છે' - વાત જાણીને સ્વામીશ્રીએ અતિશય પ્રસન્નતા દર્શાવી. ગુણાતીત જન્મસ્થાનની શોભા નીરખી તેમજ નિર્માણાધીન હરિભક્તોના ઉતારા પર દૃષ્ટિ કરીને સ્વામીશ્રીએ વિશેષ

પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

● તા. ૧૩-૭-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ જૂનામંદિરે પધારી દિવ્ય મૂર્તિઓનાં દર્શન કર્યાં, આરતી ઉતારી. શ્રીજીમહારાજના પ્રાસાદિક પત્તર, પ્રસંગચરિત્ર ચિત્રો તેમજ વિવિધ પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરીને સ્વામીશ્રી નિજમંદિરે પધાર્યા હતા.

● સારંગપુર સંત-તાલીમ કેન્દ્રમાં ભાદરાના રોનકભાઈ સાધક અને નીલભાઈ સાધક તાલીમ લઈ રહ્યા છે. આજે તેમના પિતાશ્રીઓએ નારિયેળ-સાકરના પડા સાથે સ્વામીશ્રીનાં ચરણોમાં પોતાના વહાલસોયા પુત્રોને વિધિવત્ અર્પણ કર્યા હતા.

## ■ ગુરુપૂર્ણિમા પ્રતીકસભા

તા. ૧૪-૭-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં ગુરુપૂર્ણિમાની પ્રતીક સભા યોજાઈ હતી. આજના પ્રસંગે ગુણાતીત જન્મસ્થાનમાં અન્નકૂટ રચવામાં આવ્યો હતો. અહીં દર્શન કરીને સ્વામીશ્રીએ અન્નકૂટ સાથે જન્મસ્થાનની આરતી ઉતારી. મંદિરમાં ઠાકોરજીને સુંદર પુષ્પોનાં વાઘા પહેરાવવામાં આવ્યા હતા. સ્વામીશ્રી દર્શન કરીને અતિ પ્રસન્ન થયા.

આજે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં 'તુલસી તુલા' યોજાઈ હતી. તદ્વિષયક આશીર્વાદમાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આજે તુલસી તુલા છે, તો એમાં જે બધા દાન કરે છે, તને-મને-ધને યોગદાન આપે છે, તે સર્વે મોક્ષને માર્ગે ચાલે છે. તલનો દાણો હોય તોય ભગવાન મેરુ જેટલું માની લે છે. એટલે બધાએ શ્રદ્ધા પ્રમાણે અને સ્થિતિ પ્રમાણે આ તુલામાં દાન આપવું. એટલે તમારી ઘણી મોટી સેવા (ભગવાનના ચોપડે) લખાઈ જશે.''

આજના પ્રતીક ગુરુપૂનમ ઉત્સવે સંતોએ સુંદર અને કલાત્મક હારતોરા વડે ગુરુહરિને વધાવીને આશિષ લીધા હતા.

સાયંકાળે ગુરુપૂર્ણિમાની પ્રતીક સભા યોજાઈ હતી. ધૂન-પ્રાર્થના અને ગુરુમહિમાનાં કીર્તનોથી આરંભાયેલી સભામાં સ્વામીશ્રીના સેવક-સંતોએ 'મારા ગુરુ મારી નજરે' શીર્ષક હેઠળ સ્વાનુભવેલા સ્વામીશ્રીના પ્રસંગો કહ્યા હતા. આદર્શજીવનદાસ સ્વામીએ 'ખરું ગુરુપૂજન એટલે શું?' વિષયક પ્રવચનનો લાભ આપ્યો હતો.

રાજકોટના યુવકોએ ઉત્સાહ સાથે *'કરીએ સ્વાગતમ્... શત શત સ્વાગતમ્'* કીર્તન પર નૃત્ય કરી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને સત્કાર્યા. સ્વાગત-નૃત્ય બાદ ભાદરા મંદિરમાં સેવા આપતા સંતોએ ઈષ્ટદેવ અને ગુરુદેવનું પૂજન કર્યું હતું. અન્ય સંતોએ મંત્રપુષ્પાંજલિ સમર્પિત કરી હતી. ધર્મકુંવરદાસ સ્વામીએ આભાર વ્યક્ત કરીને સ્વામીશ્રીની આ અપાર કૃપાને નવાજી. સંતોએ કલાત્મક હાર પહેરાવી ગુરુવંદન કર્યાં.

ગુરુપૂર્ણિમાના આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''ભગવાનની આજ્ઞાનું પાલન એ ગુરુપૂજન. તમારે ગૃહસ્થ માટે આજ્ઞા - એક નારી સદા બ્રહ્મચારી! પુરુષ માટે પોતાની પત્ની સિવાય બીજી બધી સ્ત્રીઓ માતા-બહેન અને દીકરી છે અને સ્ત્રીઓ માટે પોતાના પતિ સિવાય અન્ય પુરુષ પિતા-ભાઈ અને પુત્ર સમાન છે. આવી રીતે આજ્ઞા પળાય તો તે ગુરુપૂજન. અને ત્યાગી માટે અષ્ટપ્રકારે સ્ત્રી-ધનનો ત્યાગ, અને પંચવર્તમાન. તે સંતો માટે ગુરુપૂજન કહેવાય, નહીં તો ખોળામાં હોય, પડ્યો પાથર્યો હોય તોય ગુરુપૂજન નહીં.

બીજું, ગુરુમાં નિર્દોષભાવ. ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મનું સ્વરૂપ છે. યોગીબાપાએ કહ્યું: 'ગુરુમાં નિર્દોષભાવ એ જ ગુરુપૂજન'. ભગવાન અને સંત મનુષ્યરૂપે હોય, બધું જ આપણા જેવું કરે, પણ તેઓ સાક્ષાત્ પરબ્રહ્મનું સ્વરૂપ છે. ગુરુ પોતે જ એવા નિર્દોષ હોય, એવા પંચવર્તમાને યુક્ત હોય, એવા ધર્મ-નિયમે યુક્ત હોય, તેઓમાં કહેવાપણું હોય નહીં, એ સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે - એમ માનીને આપણે ગુરુનું પૂજન-ભજન કરીએ, આજ્ઞાપાલન કરીએ એ જ પ્રાર્થના.''

● તા. ૧૫-૭-૨૦૨૪, આજે અષાઢ સુદ ૯ એટલે તિથિ મુજબ સ્વામીશ્રીનો દ્વિતીય પાર્ષદી દીક્ષા દિન. આજથી ૬૪ વર્ષ પૂર્વે યોગીજી મહારાજે કપોળવાડીમાં સ્વામીશ્રીને પાર્ષદી દીક્ષા આપી હતી. આ પ્રસંગે સ્વામીશ્રીએ ગુણાતીતાનંદ સ્વામીના પ્રાકટ્ય સ્થાનમાં પ્રાતઃપૂજા કરીને સંતો, પાર્ષદો, સાધકોને દિવ્ય સ્મૃતિ પ્રદાન કરી હતી. સંતોએ ગુણાતીતાનંદ સ્વામીના માહાત્મ્યનાં કીર્તનોનું ગાન કર્યું હતું. પૂજા બાદ સ્વામીશ્રીના ભાદરા સાથે સંકળાયેલા પ્રસંગોની સ્મૃતિ કરી હતી. પ્રશ્નોત્તરી દ્વારા પણ સંતોએ સ્વામીશ્રીની દીક્ષાની સ્મૃતિ કરી હતી. આજના દિને સ્વામીશ્રીએ સંતોને વિશિષ્ટ અને અલૌકિક લાભ આપ્યો હતો.

## ■ પ્રાસાદિક ઊંડ નદીના ઘાટે સ્વામીશ્રી...

તા. ૧૬-૭-૨૦૨૪, અષાઢ સુદ દશમ એટલે બાળવયે ભગવાન સ્વામિનારાયણે કરેલો ગૃહત્યાગ દિન.


આ પ્રસંગે મંદિરમાં ઘનશ્યામ મહારાજને નીલકંઠવર્ણીનો વૈરાગી વેષ ધારણ કરાવી વિચરી રહ્યા હોય તેવું સુંદર દૃશ્ય સર્જાયું હતું. સ્વામીશ્રીએ દર્શનથી પ્રસન્ન થતાં આરતી ઉતારી. પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ યોગીજી મહારાજે ભાદરાનો અલૌકિક મહિમા કહ્યો હતો તે વચનો ટાંકી સુંદર નિરૂપણ કર્યું. ભાદરાનો અલૌકિક મહિમા જાણી સૌ ધન્ય થયા.

આજે સાયંકાળે સ્વામીશ્રી, ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની પ્રાસાદિક ઊંડ નદીના તીરે પધાર્યા હતા. ભાદરા ગામથી ઘાટ તરફ જતા નૂતન માર્ગના પ્રારંભમાં સંસ્થા દ્વારા સુંદર દ્વાર તૈયાર કરવામાં આવ્યું છે. સંતોએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીની દૃષ્ટિમાં શ્રીફળ વધેરી તથા નાડાછડી છોડી માર્ગનું ઉદ્‌ઘાટન કર્યું. અહીંથી સ્વામીશ્રી માર્ગમાં આવતાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરતાં ઊંડ નદીને ઘાટે પધાર્યા. મહારાજ-સ્વામી અને ગુરુપરંપરાની સ્મૃતિ સાથે સંતોએ ઊંડ નદીમાં સ્નાન કર્યું. આદર્શજીવનદાસ સ્વામીએ ઊંડ નદી સાથેની સ્વામીશ્રીની વિવિધ સ્મૃતિઓ વાગોળી. સ્વામીશ્રીએ સાનંદે તેમાં સમર્થન આપ્યું. *'આવ્યા હરિ ઊંડને તીરે ધીરે ધીરે...'* કીર્તન વાગી રહ્યું હતું.

અક્ષરપુરુષોત્તમ મહારાજને કમલાસનમાં વિરાજમાન કરાયા. સ્વામીશ્રીએ ઊંડ નદીનાં હૂંફાળાં કરેલાં જળથી પ્રાણપ્યારા સ્વામી-શ્રીજીનો અભિષેક કર્યો. અને તે પ્રાસાદિક જળ મસ્તક પર ચઢાવ્યું. જે દરમ્યાન સંતોએ શાંતિપાઠનું ગાન કર્યું. વિવિધ સંકલ્પોની પરિપૂર્ણતા માટે સ્વામીશ્રી સહિત સૌએ ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી હતી.

અહીં ઉપસ્થિત સંતો-પાર્ષદો-સાધકોએ ક્રમશઃ આવીને સ્વામીશ્રીનાં ચરણ પર ઊંડ નદીનાં જળથી અભિષેક કરીને ચરણસ્પર્શનો લાભ લીધો. ત્યારપછી સ્વામીશ્રીએ પિચકારી વડે ઊંડ નદીના જળથી સંતો પર જળવર્ષા કરીને દિવ્ય લાભ આપ્યો હતો. અલભ્ય લાભ બાદ જ્ઞાનપ્રસાદદાસ સ્વામી અને ધર્મકુંવરદાસ સ્વામીએ અહીંથી સ્વામીશ્રીની દૃષ્ટિ નદી પર અને જમીનો પર કરાવી. પ્રમુખસ્વામી મહારાજે પ્રતિષ્ઠા વખતે જે કૂવો ખોદાવ્યો હતો તેના પર પણ દૃષ્ટિ કરાવી સંતોએ કહ્યું, 'હજુ પણ આ જ કૂવામાંથી આપણા મંદિરનું પાણી આવે છે.'

હવે સ્વામીશ્રી વડ નીચે શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવેલાં છે તે સ્થાને પધાર્યા. અહીં સ્વામીશ્રીની સન્મુખ સંતો ગોઠવાયા. આદર્શજીવનદાસ સ્વામીએ યોગીજી મહારાજ અને મહંત સ્વામી મહારાજના અહીંના અદ્‌ભુત ઉત્સવ-પ્રસંગોની સ્મૃતિ-ગોષ્ઠિ કરી.



સ્વામીશ્રીએ પ્રસંગોમાં ભળીને સૌને વિશિષ્ટ લાભની સાથે સાથે આવા અલૌકિક સંયોગ અને સત્સંગથી ખૂબ આનંદ કરાવ્યો હતો.

હવે અંતિમ અને ચરમસીમારૂપ લાભ આપવા અક્ષરપુરુષોત્તમ મહારાજ સહ સ્વામીશ્રી વડની સામે આવેલા ખુલ્લા ચોકમાં પધાર્યા. અહીં એક નાનો સુંદર ઉપમંચ રચવામાં આવ્યો હતો. તેના પર ઇષ્ટ મૂર્તિઓ સાથે વિરાજ્યા. ધર્મકુંવરદાસ સ્વામી અને સંતોએ સ્વામીશ્રીને પુષ્પહાર પહેરાવ્યો. ફૂલોની ચાદર ઓઢાડી! અદ્‌ભુત દર્શન હતાં.

હારતોરા બાદ જામ્યો રાસોત્સવ. સ્વામીશ્રીએ કરમાં દાંડિયા ગ્રહ્યા. *'જુઓ જુઓ ને સાહેલીઓ આજ...'* જેવા રાસનાં કીર્તનો પર સંતો-પાર્ષદો-સાધકો હરિવર અને ગુરુવર્યની ફરતે રાસ રમ્યા. સ્વામીશ્રીએ એક એક સંત-પાર્ષદ-સાધકને પ્રેમભરી પ્રસન્ન નજરે સુખ આપ્યું હતું. રાસોત્સવને પૂર્ણવિરામ આપીને સ્વામીશ્રી મંદિરે પધાર્યા હતા.

● તા. ૧૭-૭-૨૦૨૪, દેવપોઢી એકાદશીના દિનથી ગુણાતીતાનંદ સ્વામીના પ્રાક્ટ્ય સ્થાનમાં બંને સમયની આરતી બાદ ગુણાતીતાનંદ સ્વામીના નૂતન સ્તુતિશ્લોકના ગાનનો સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં શુભારંભ થયો હતો. વળી, આજે નિયમ ગ્રહણની એકાદશી હોવાથી સંતોએ સ્વામીશ્રીનાં ચરણ સ્પર્શ કરીને વિશેષ તપ-વ્રત સંબંધી નિયમ લીધા હતા.

આમ, ગુણાતીતનગર-ભાદરા ખાતે એક સપ્તાહના રોકાણમાં સ્વામીશ્રી *'આનંદ આપ્યો અતિ ઘણો રે...'* પંક્તિ સાર્થક કરીને તીર્થધામ બોચાસણ પધાર્યા હતા.



## તીર્થધામ બોચાસણમાં સ્વામીશ્રીના સંગે બ્રહ્માનંદ કરતા ચરોતરી ભક્તો

*તા. ૧૮-૭-૨૦૨૪થી તા. ૧૩-૮-૨૦૨૪ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થાના તીર્થધામ બોચાસણ ખાતે બિરાજીને બ્રહ્માનંદ રેલાવ્યો હતો. સતત ૨૬ દિવસ સુધી સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં સત્સંગ-ભક્તિની મોસમ પુરબહારમાં ખીલી હતી. નિત્ય મંદિરમાં ઠાકોરજીનાં દર્શને પધારતા સ્વામીશ્રીનાં સમીપદર્શનની સાથે સાથે તેઓની ઈષ્ટભક્તિએ સૌને પ્રભુદર્શનની વિશેષ પ્રેરણાઓ આપી હતી. વળી, મંદિરના ઘુમ્મટ તળે દિવસના મધ્યવર્તી વિચારને કેન્દ્રમાં રાખીને મહિલાભક્તો દ્વારા રચવામાં આવેલી રંગોળીઓ પર સ્વામીશ્રીએ આશીર્દષ્ટિ કરીને પ્રસન્નતા વરસાવી હતી. સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન અને સત્સંગ સભાઓનો લાભ લેવા ઊમટતા હજારો હરિભક્તોથી 'પ્રમુખસ્વામી સભાગૃહ' છલકાતો હતો. સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં અહીંના વિવિધ ઝોનના બાળકો-યુવકો-કાર્યકરોએ ભક્તિપદોથી લઈને વિવિધ ભક્તિમય કાર્યક્રમોની રજૂઆત કરીને સ્વામીશ્રીનો રાજીપો ઝીલ્યો હતો. પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીના શ્રીમુખેથી વહેતી મંગલ પ્રવચનની અમૃતગંગામાં સ્નાન કરીને સૌ કોઈ વધુ પરિશુદ્ધ થયા હતા. વળી, સંધ્યા સમયે યોજાયેલી સત્સંગ સભાઓમાં સ્વામીશ્રીનું સામીપ્ય અને દર્શન-આશીર્વાદનો લાભ પ્રાપ્ત કરીને સૌ કોઈ કૃતકૃત્ય બન્યા હતા. દર્શનાર્થે પધારેલા મહાનુભાવો તેમજ વિવિધ ક્ષેત્રોના હજારો હરિભક્તોને સ્વામીશ્રીએ સમીપદર્શન-આશિષ અર્પ્યા હતા. ભારત સરકાર દ્વારા આયોજિત 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત મંદિર પરિસરમાં લહેરાવાયેલા રાષ્ટ્રધ્વજને નીરખીને સ્વામીશ્રીએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.*

*સ્વામીશ્રીના સુસ્વાસ્થ્યની મંગલકામના સાથે અસંખ્ય આબાલ-વૃદ્ધ ભક્તોએ દૂર-દૂરથી વિવિધ વ્રત-તપ-ઉપવાસ સાથે પદયાત્રા કરીને ઠાકોરજીનાં શ્રીચરણે ભક્તિ સમર્પિત કરી હતી.*

*ચાતુર્માસમાં હિંડોળા ઉત્સવ એ ભક્તિમાં વૃદ્ધિ કરનારું અને કલા-કૌશલ્યને ખીલવનારું વિશિષ્ટ પર્વ છે. અષાઢ વદ પડવાથી શ્રાવણ વદ પડવા સુધી ઊજવાતા હિંડોળા ઉત્સવ દરમ્યાન બી.એ.પી.એસ.નાં હજારો મંદિરોમાં સંતો-હરિભક્તો વિવિધ કલાત્મક હિંડોળા રચીને તેમાં ઠાકોરજીને ઝુલાવે છે. આ પર્વ અંતર્ગત સ્વામીશ્રીએ પણ રોજ ઠાકોરજીને કલાત્મક હિંડોળે ઝુલાવી વિશેષ ભક્તિ-અર્ઘ્ય અર્પ્યું હતું.*

*બોચાસણ ખાતે સ્વામીશ્રીએ ચરોતરી ભક્તોને આપેલા સત્સંગલાભનું આપણે પણ અહીં આચમન કરીએ...*

## ■ આગમન

તા. ૧૮-૭-૨૦૨૪ના રોજ સ્વામીશ્રી ભાદરાથી સંતો-ભક્તોની ભાવભરી વિદાય લઈને, ધ્રોળથી હવાઈ માર્ગે તીર્થધામ બોચાસણ પધાર્યા. 'અક્ષરપુરુષોત્તમ વિદ્યાલય'ના મેદાન પર હેલિકૉપ્ટરે ઉતરાણ કર્યું. અહીં વેદજ્ઞદાસ સ્વામી, ભગવત્ચરણદાસ સ્વામી અને ગોવિંદ-વલ્લભદાસ સ્વામીએ હાર પહેરાવીને સ્વામીશ્રીનું શુભ સ્વાગત કર્યું. અહીંથી સ્વામીશ્રી શણગારેલા રથમાં બિરાજી મંદિર તરફ અગ્રસર થયા. માર્ગો પર સ્વામીશ્રીનાં દર્શન માટે હરિભક્તો અને ભાવિકોની કતારો લાગી હતી. તે સૌને દર્શન આપતાં સ્વામીશ્રી બાઇકસવાર યુવકોના એસ્કોર્ટિંગ સાથે મંદિર તરફ આગળ વધતા ગયા તેમ તેમ ભક્તો-ભાવિકોનો પ્રવાહ વધુ ને વધુ ગાઢ બનતો ગયો. મંદિરમાં સ્વામીશ્રીને સત્કારતાં સ્વાગત-કીર્તનો ગુંજી રહ્યાં હતાં. સ્વામીશ્રીનો રથ મંદિરમાં પ્રવેશતાં જ હર્ષોલ્લાસ સાથે જયજયકારો ગુંજી ઊઠ્યા. બાળકો-યુવકોએ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવી સ્વામીશ્રીને વધાવ્યા. સૌનો પ્રેમભાવ સ્વીકારતા સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા. પૂજારી સંતોએ હાર પહેરાવીને ગુરુહરિનું અભિવાદન કર્યું. તમામ ખંડોમાં ભક્તિભાવપૂર્વક દર્શન કરીને સ્વામીશ્રી મંદિરના ચોકમાં પધાર્યા. અહીં સ્વામીશ્રીએ ફુગ્ગાઓ ગગનગામી કર્યા.

નીલકંઠવર્ણીનો અભિષેક કરીને સ્વામીશ્રી સભામંડપમાં પધાર્યા. તાળીઓના નાદ અને જયજયકારોના જયઘોષ વચ્ચે પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ ગુલાબના તોરાનો ભવ્ય હાર સ્વામીશ્રીને પહેરાવ્યો. તત્પશ્ચાત્, અન્ય વડીલ સંતોએ પણ સુંદર પુષ્પહારો અને કલાત્મક હારો વડે સ્વામીશ્રીને આવકાર્યા. વિવિધ તપ-વ્રત કરનાર ભક્તોને સ્વામીશ્રીએ 'જય સ્વામિનારાયણ' કરીને આશિષ પાઠવ્યા હતા.

● તા. ૧૯-૭-૨૦૨૪, આજે અષાઢ સુદ તેરશનો શુભદિન હતો. આજથી ૧૧૩ વર્ષ પૂર્વે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ જૂનાગઢથી શ્રીહરિકૃષ્ણ મહારાજને લઈને બી.એ.પી.એસ. સંસ્થામાં પધાર્યા હતા. આ ઐતિહાસિક પ્રસંગના ઉમંગમાં મંદિર ફરતે અક્ષરપુરુષોત્તમ મહારાજની પાલખી-યાત્રા યોજાઈ હતી. સંતો-ભક્તોએ બી.એ.પી.એસ.ની ધજાઓ અને વિવિધ વાદ્યો સાથે પાલખીયાત્રામાં જોડાઈને ઈષ્ટદેવનું સ્વાગત કર્યું હતું. પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ પૂજન કરીને તેઓને વધાવ્યા હતા.

## ■ ગુરુપૂર્ણિમા

સનાતન હિન્દુ સંસ્કૃતિમાં ગુરુપૂર્ણિમાના દિનનું ખૂબ જ મહત્ત્વ છે. સેંકડો ભક્તો આજના દિને ગુરુનું પૂજન કરીને ગુરુભક્તિ અદા કરે છે.

તા. ૨૧-૭-૨૦૨૪, ગુરુપૂર્ણિમાના શુભદિને બોચાસણ ખાતે ગુરુવર્ય પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં શ્રીચરણોમાં વંદના કરતો અવસર ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો.

ગુરુહરિનાં દર્શન, પૂજન અને આશીર્વાદ માટે દેશ-વિદેશમાંથી ૬૦,૦૦૦થી વધુ હરિભક્તો બોચાસણ પધાર્યા હતા. સવારે ૮:૦૦ વાગ્યાથી ભારેલવાડી સ્થિત સ્વામિનારાયણ બાગમાં ગુરુવંદનાનો અવસર યોજાયો હતો. ગુરુમહિમાનાં ભક્તિપદોથી આરંભાયેલી ઉત્સવ-સભામાં ગુણાતીત ગુરુઓનો મહિમા ગવાયો હતો.

તા. ૨૦-૭-૨૦૧૨ના દિવસે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પૂજ્ય મહંત સ્વામી મહારાજને બી.એ.પી.એસ. સંસ્થાના ગુરુપદે નિયુક્ત કરતો એક ઐતિહાસિક પત્ર લખ્યો હતો. આ પત્ર લખીને પ્રમુખસ્વામી મહારાજે આપણને જે ગુરુની ભેટ આપી છે તે ગુરુ કેવા છે? તે ગુણાતીતાનંદ સ્વામીની બીજા પ્રકરણની પહેલી વાતઃ 'ગુરુની શુદ્ધિ ત્રણ પ્રકારની જોવી...' ને આધારે વધુ સ્પષ્ટ થયું હતું. આ જ વાતના આધારે ત્રણ વિભાગમાં સભા-કાર્યક્રમ વહ્યોઃ

**● ગુરુના ગુરુઓની ગુણિયલ ગાથા**

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ

પોતાની વાતમાં ગુણાતીત ગુરુનું પ્રથમ પ્રમાણ બતાવ્યું: 'જેને સેવ્યા હોય તેનું સામર્થ્ય જોવું...'

આ વિષય અંતર્ગત અનિર્દેશદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજે સેવેલા બંને ગુરુવર્યો - બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના 'સ્વરૂપ' (શાસ્ત્રોમાં વર્ણિત વચનોને આધારે ગુણાતીત સ્વરૂપનો મહિમા), 'સ્થિતિ' (અહંશૂન્યતા, પંચવર્તમાનની પૂર્ણતા, સ્થિતપ્રજ્ઞતા) અને 'સામર્થ્ય' (અંતઃશત્રુઓ ટાળનાર, અંતકાળે તેડવા આવનાર, આત્યંતિક મુક્તિ કરનાર)ને પ્રસંગોચિત વર્ણવીને ગુરુઓનો મહિમા ગાયો હતો.

સંગીતજ્ઞ યુવાવૃંદે ગુરુમહિમાની કીર્તનપંક્તિઓનું ગાન કરીને યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને વંદના કરી હતી.

**● ગુરુના વર્તનની ગુણિયલ ગાથા**

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ ભગવત્ સ્વરૂપ અને અણિશુદ્ધ ગુરુનું દ્વિતીય પ્રમાણ બતાવ્યું: 'ગુરુનું પંડનું વર્તન તપાસવું...'

આ વિષય પર પ્રકાશ પાથરતાં આદર્શજીવનદાસ સ્વામીએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં કહ્યું, 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે પૂજ્ય મહંત સ્વામી મહારાજ બી.એ.પી.એસ. સંસ્થાની ધુરાનું વહન કરી રહ્યા છે. શાસ્ત્રોમાં વર્ણવેલા ગુરુનાં આદર્શ લક્ષણોનું દર્શન તેમના વર્તનમાં થાય છે. શાસ્ત્રકથિત અને ગુરુઓ દ્વારા પ્રમાણિત એવા ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ મહંત સ્વામી મહારાજ ગુરુરૂપે આપણને મળ્યા છે. તેમના માટે 'ગુરુરૂપ હરિ' ઉપમા સાર્થક ઠરે છે.'

પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કાર્યો, ગુણો અને પ્રભાવનું દર્શન સૌએ વીડિયોમાં કર્યું. વીડિયો બાદ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ 'શ્રીજીમહારાજનું સ્વરૂપ મહંત સ્વામી મહારાજ' વિષયના અનુસંધાનમાં ગુરુમહિમા કહ્યો: 'શ્રીજીમહારાજથી લઈને તમામ ગુણાતીત ગુરુઓનું પ્રગટપણું મહંત સ્વામી મહારાજમાં અખંડ રહ્યું છે. તેઓ સાક્ષાત્ શ્રીજીમહારાજનું સ્વરૂપ છે. તેમનામાં આપણે દૃઢ આત્મબુદ્ધિ અને પ્રીતિ રાખીએ તો આપણું મોક્ષનું કાર્ય સહેજે સહેજે સિદ્ધ થઈ જાય.'

**● ગુરુના શિષ્યોની ગુણિયલ ગાથા**

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ આદર્શ ગુરુનું તૃતીય પ્રમાણ બતાવ્યું: 'તેના સંગ થકી જે થયા હોય તેને જાણવા...'

આદર્શ ગુણાતીત ગુરુવર્યોના પગલે પગલે દેશ-વિદેશમાં લાખો હરિભક્તો ધર્મપરાયણ જીવન જીવી રહ્યા છે. વર્તમાન સમયે આ દિવ્ય સત્સંગ-સમાજનું વહન પૂજ્ય મહંત સ્વામી મહારાજ કરી રહ્યા છે. તેમના યોગથી તૈયાર થયેલા સત્સંગ-સમાજની ગુણગાથા ગાતા પૂજ્ય આનંદ-સ્વરૂપદાસ સ્વામીએ 'સદ્‌ગુણી શિષ્ય સમુદાય' વિષયક પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. ત્યારબાદ પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીએ 'આપણે આદર્શ શિષ્ય કેવી રીતે બનીએ?' તદ્વિષયક ગુરુઆજ્ઞાના પ્રસંગો ટાંકી કહ્યું, 'ગુરુની મરજી જાણી તેમની આજ્ઞામાં સારધાર વર્તવું અને તેમનામાં નિર્દોષભાવ રાખવો એ જ આદર્શ શિષ્યનું લક્ષણ છે.' તત્પશ્ચાત્, પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રેરણાવચનોમાં કહ્યું, 'આપણે સૌ આદર્શ ગુરુના આદર્શ શિષ્ય બનીએ અને તેમના આજ્ઞાવચને પવિત્ર જીવન જીવીને સમાજની, રાષ્ટ્રની, સત્સંગની સેવા કરીએ એ જ સાચી ગુરુપૂર્ણિમા.'

ગુરુમહિમાની ગુણિયલ ગુણગાથાનું આચમન કર્યા બાદ સમય આવ્યો - ગુરુપૂજનનો. સૌ સંતો-ભક્તો વતી પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી અને પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું પૂજન કરીને, પુષ્પહાર અર્પણ કરીને વધાવ્યા હતા. વડીલ સંતો અને અન્ય સંતોએ કલાત્મક હારતોરા અર્પણ કરીને ગુરુહરિના આશીર્વાદ લીધા. પૂજન અને હારતોરા બાદ અહીં ઉપસ્થિત અને વેબકાસ્ટ દ્વારા જીવંત પ્રસારણ માણી રહેલા દેશ-વિદેશના હજારો સંતો-હરિભક્તોએ ગુરુદેવનાં ચરણોમાં પ્રાર્થનાપૂર્વક મંત્રપુષ્પાંજલિ અર્પણ કરીને ગુરુભક્તિ અદા કરી હતી.

ગુરુપૂર્ણિમાના સૌને 'જય સ્વામિનારાયણ' કરીને સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા: ''આજે બધા ગુરુઓનું પૂજન થાય છે, થવાનું છે, ચાલુ છે પણ મુખ્ય તો ગુરુની આજ્ઞાનું પાલન કરવું એ ખરું ગુરુપૂજન છે.

શ્રીજીમહારાજથી લઈને બધા ગુરુઓએ શિર સાટે આજ્ઞાનું પાલન કર્યું છે. આપણે (પૂર્વે સંતો દ્વારા થયેલાં પ્રવચનોમાં) બધાં દૃષ્ટાંતો સાંભળ્યાં: બધાને ગુરુ પર કેટલું તાન! ગુરુમય થઈ ગયેલા. એ સિવાય બીજું કાંઈ રહ્યું જ નહોતું - ગુરુ ગુરુ ગુરુ! યોગીબાપા તો નાનો બાળક હોય તોય 'ગુરુ!' કહીને સંબોધે.

બીજું, ગુરુમાં નિર્દોષબુદ્ધિ રાખવાની. તો એ રૂપ જ તમે થઈ જાઓ. કાંઈ બાકી રહે નહીં. (એટલે)

આજ્ઞાપાલન અને નિર્દોષબુદ્ધિ આ બે મુખ્ય છે.

'બધા દિવ્ય છે... બધા દિવ્ય છે' એ રીતે આપણે જોવાનું છે. એકબીજાને અરસપરસ પગે લાગીએ, આદર કરીએ, નાનો હોય તો પણ 'આપણાથી મોટો છે' એમ માનીએ એટલે ગુરુપૂજન થયું કહેવાય.''

આજના શુભદિને સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ માટે આવેલા મહાનુભાવોનું સંતોએ હારતોરા વડે અભિવાદન કર્યું હતું. તેમજ ચરોતરનાં વિવિધ સત્સંગ કેન્દ્રોમાંથી પદયાત્રાઓ કરીને ગુરુગાદી સ્થાને પધારેલા આબાલ-વૃદ્ધ હરિભક્તો ઉપર અને વિવિધ સેવાઓ કરનાર ભક્તો-ભાવિકો ઉપર સ્વામીશ્રીના અંતરના આશિષ વરસ્યા હતા. અંતમાં બાળ-યુવાવૃંદે *'મહંત સ્વામીનાં દર્શન કરતાં હૈયાં સૌ હરખાતાં...'* કીર્તન પર ઉમંગભર્યું નૃત્ય કરીને આજના ઉત્સવની પૂર્ણાહુતિ કરી હતી.

## ■ યજ્ઞપુરુષને દ્વાર

તા. ૨૩-૭-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'યજ્ઞપુરુષને દ્વાર' મધ્યવર્તી વિચાર સાથે વિશિષ્ટ સભા યોજાઈ હતી. અહીંના સત્સંગના પ્રચાર-પ્રસારમાં મહેળાવ ઝોનના કાર્યકરોનું સમર્પણ અને અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજની કટિબદ્ધતાને કેન્દ્રમાં રાખીને મહેળાવ ઝોનના કાર્યકરોએ પ્રેરણાત્મક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો.

ધૂન-પ્રાર્થનાગાનથી આરંભાયેલી સભામાં કાર્યકરોએ મધ્યવર્તી વિચારને સુસંગત સંવાદ રજૂ કર્યો હતો. યુવાવૃંદે *'વંદન કરીએ દીનભાવથી હે શાસ્ત્રીજી મહારાજ...'* મહિમાનાં કીર્તન પર ભક્તિનૃત્ય કરી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને વધાવ્યા હતા. નૃત્યના અંતે મહેળાવના સંતો-હરિભક્તોએ ભક્તિભાવથી રચેલા હારતોરા સ્વામીશ્રીને અર્પણ કર્યા હતા.

મહેળાવ ઝોનના નેજા હેઠળ ૫૮ ગામોમાં સત્સંગ મંડળો ચાલે છે. ૪૦ ગામોમાં હરિમંદિરો છે. આ સત્સંગના પ્રચાર-પ્રસારમાં અનન્ય ફાળો આપનાર કાર્યકરોએ પોતાના વિસ્તારના મંદિરની વિશેષતાઓ વર્ણવી. મોટા ભાગનાં આ મંદિરોમાં સ્વામીશ્રી પધારેલા છે અને કેટલાકમાં તો સ્વામીશ્રીએ સ્વયં પ્રતિષ્ઠા કરેલી છે. મહેળાવ ઝોનનાં ગામોમાંથી સંસ્થાને ૪૦ સંતોની ભેટ મળી છે! તે સંતોનાં દર્શન કરાવતો વીડિયો દર્શાવાયો. વીડિયો બાદ એક બાળકે નિર્ગુણદાસ સ્વામીનો એકપાત્રીય અભિનય રજૂ કરીને તેઓના સત્સંગ પ્રચારનાં કાર્યોનું દર્શન કરાવ્યું. બે બાળકોએ મહેળાવ ઝોનના હરિભક્તો-સંતો વતી વિવિધ પ્રાર્થનાઓ કરી.

સૌની પ્રાર્થનાઓનો સ્વીકાર કરતાં સ્વામીશ્રીએ આશીર્વચનમાં શાસ્ત્રીજી મહારાજના દિવ્ય પ્રસંગો અને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજે કરેલાં કાર્યો, વેઠેલો ભીડો વગેરે વર્ણવ્યાં. અને વિશેષમાં કહ્યું, ''શાસ્ત્રીજી મહારાજ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે જ જન્મેલા. આ આખો સત્સંગ જ - દેશ-પરદેશ - શાસ્ત્રીજી મહારાજે જ અને તેઓના સંતો નિર્ગુણદાસ સ્વામી વગેરેએ મળીને કરાવ્યો છે. શાસ્ત્રીજી મહારાજ અક્ષરપુરુષોત્તમના હિમાયતી હતા. હિમાયતી એટલે પ્રખર!! બીજી કોઈ વાત ના આવે એવી જોરદાર શાસ્ત્રીજી મહારાજની પ્રકૃતિ હતી. ઉપાસનાની બાબતમાં ખાસ, કોઈની મહોબતમાં લેવાય નહીં ને તેઓએ આવો ડંકો મારી દીધો છે.''

● યુ.કે., યુરોપ અને નોર્થ અમેરિકાથી 'ભારત યાત્રા'એ આવેલા કિશોર-કિશોરીઓ પૈકી કિશોરોએ સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં વિવિધ કાર્યક્રમો રજૂ કરીને ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સ્વામીશ્રીએ તેમની યાત્રાની ગાઇડબુક પ્રાસાદિક કરી હતી. તેમજ નોર્થ અમેરિકાનાં કિશોર-કિશોરીઓએ એકબીજાના ગુણો લખીને તૈયાર કરેલી 'સંપ બુક'નું વિમોચન કર્યું હતું.

## ■ કિશોર સભા

તા. ૨૫-૭-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં, 'ભારતયાત્રા'એ આવેલા યુ.કે., યુરોપ અને નોર્થ અમેરિકાનાં કિશોર-કિશોરીઓની વિશિષ્ટ સભા યોજાઈ હતી. સભાનો મધ્યવર્તી વિચાર હતોઃ 'મળ્યા મુને શાસ્ત્રીજી મહારાજ.' સ્વામીશ્રીએ મસ્તક પર શાસ્ત્રીજી મહારાજ જેવું ફાળિયું ધારણ કરીને સૌને વિશિષ્ટ દર્શનલાભ આપ્યો. કિશોરોએ બુલંદ તાળીનાદ કરીને સ્વામીશ્રીને વધાવ્યા.

સભાના કાર્યક્રમમાં કિશોરોએ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સમયના હીરામુખી, જીવાભાઈ (ભાઈલી), સોમા ભગત, પ્રવીણભાઈ ચાતુર્વેદીનું પાત્ર રજૂ કર્યું હતું. આ હરિભક્તોએ પોતાના સમયમાં શાસ્ત્રીજી મહારાજનું સાંનિધ્ય સેવ્યું હતું તે પ્રસંગો સુંદર રીતે રજૂ કર્યા હતા. આજે શાસ્ત્રીજી મહારાજના સ્થાને તેઓનું પ્રગટ સ્વરૂપ મહંત સ્વામી મહારાજ હતા. સ્વામીશ્રીએ પ્રસંગોમાં ભળીને અદ્‌ભુત લાભ આપ્યો હતો. સુંદર પ્રસ્તુતિ બાદ

સ્વામીશ્રીએ તમામ કિશોર-કિશોરીઓને સ્મૃતિભેટ રૂપે આપવામાં આવનાર પૂજાની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી હતી!

અંતમાં સૌ કિશોરોના અંતરમાં નિષ્ઠા દૃઢાવતાં સ્વામીશ્રીએ શુભાશિષ અર્પ્યાઃ ‘‘શ્રીજીમહારાજ સાચા છે, ગુણાતીતાનંદ સ્વામી સાચા છે, એકાંતિક ધર્મ સાચો છે, હરિભક્તો સાચા છે, બધું સાચું છે. આ નિષ્ઠા જીવમાં દૃઢ દૃઢ દૃઢ હોય તો ગમ્મે એ મુશ્કેલી આવે, ગમ્મે એ આઘુંપાછું થાય, આકાશ-પાતાળ એક થઈ જાય પણ તોય નિષ્ઠામાં ફેર ના પડે, કેમ કે શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, બધા ભક્તો, નિયમ-ધર્મ આ બધું જ અનાદિનું છે. માટે દૃઢ કરીને આ નિષ્ઠા જીવમાં જડી દેવી.’’ આશીર્વાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રી સંગે કિશોરોએ અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી ઉતારી.

અંતે આટલો બધો લાભ આપવા બદલ, શાસ્ત્રીજી મહારાજનો પ્રત્યક્ષ અનુભવ કરાવવા બદલ કિશોરોએ સ્વામીશ્રીનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## ■ સત્સંગ સભા

તા. ૨૬-૭-૨૦૨૪ના રોજ યોજાયેલી સત્સંગ સભામાં આણંદ ઝોનના કાર્યકરોએ સભામાં આણંદની સ્મૃતિઓ રજૂ કરી હતી. ‘કરુણા અપરંપાર’ મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી સભામાં શ્રીજીમહારાજથી માંડીને પૂજ્ય મહંત સ્વામી મહારાજ સુધી ગુણાતીત ગુરુવર્યોએ આણંદ પર વરસાવેલી અપાર કરુણાને નૃત્ય-નાટિકા દ્વારા પ્રસ્તુત કરી હતી. જેમાં, શ્રીજીમહારાજનું આણંદની નગરયાત્રામાં અપમાન અને પછી અંતર્દૃષ્ટિ થતાં તે સહનશીલતાના કારણે જ આણંદમાં સત્સંગનો રંગ જામ્યો; શાસ્ત્રીજી મહારાજે વરતાલથી મહાભિનિષ્ક્રમણ કર્યું. પછી આણંદની સભામાં ‘હવે મંદિર કરવું’ તે ચર્ચાયું. શાસ્ત્રીજી મહારાજે બોચાસણ પર કળશ ઢોળ્યો; પ્રમુખસ્વામી મહારાજની આણંદમાં હાથી પર સવારી નીકળી હતી. આવા મોટા સન્માનના બીજા જ દિવસે પ્રમુખસ્વામી મહારાજ આણંદની દુકાનોમાં દાળનો ખરડો કરવા નીકળ્યા હતા! વગેરે પ્રેરક પ્રસંગો રજૂ થયા હતા. નાટિકાના અંત ભાગમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજના આણંદ સાથે જોડાયેલા પ્રસંગોની સ્મૃતિ કરવામાં આવી હતી. સભાજનો શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓની સ્મૃતિઓમાં સરી પડ્યા હતા.

યુવાવૃંદે *‘ગુરુઋણ અદા કેમ કરીએ...’* કીર્તન પર નૃત્યાંજલિ અર્પી.

સભાના અંતમાં સ્વામીશ્રીએ ટૂંકમાં આશીર્વાદ આપ્યાંઃ ‘‘જય સ્વામિનારાયણ... બધાને આશીર્વાદ છે, બધા તને-મને-ધને ખૂબ સુખી થાય.’’

● તા. ૨૭-૭-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ બી.એ.પી.એસ.નાં જુદાં જુદાં મંદિરોમાંથી આવેલા સંતોને



વિશિષ્ટ સ્મૃતિલાભ આપ્યો હતો. 'ચરોતરમાં ચારુચરિત્ર' વિષય અંતર્ગત શ્રીજીમહારાજથી લઈને મહંત સ્વામી મહારાજ સુધી ઈષ્ટદેવ અને ગુરુદેવોએ જે સુખ આપ્યાં હતાં તેના સ્મરણ સાથે સંતોએ સ્મૃતિલાભ માણ્યો હતો.

### ■ છાત્રાલય દિન

તા. ૨૮-૭-૨૦૨૪ના રોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, વિદ્યાનગરના છાત્રોએ સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં રવિસભામાં 'છાત્રાલય દિન' ઊજવ્યો હતો. આ નિમિત્તે યોજાયેલી સભામાં છાત્રાલયની સ્મૃતિઓને જીવંત કરતો કાર્યક્રમ છાત્રોએ રજૂ કર્યો હતો.

યોગીબાપાએ છાત્રાલય માટે કહ્યું હતુંઃ 'અહીંથી શાસ્ત્રીજી મહારાજનો દાખડો ફળીભૂત થશે.' તે દાખડો શું હતો? તે છાત્રોએ સુપેરે રજૂ કર્યું. તેમાં મુખ્ય તો અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજે અનેક કષ્ટો વેઠ્યાં તેમજ સાધુતા અને નિયમ-ધર્મ શિર સાટે રાખ્યાં - તેની રજૂઆત થઈ. પ્રત્યેક રજૂઆત પછી છાત્રો દૃઢતાથી કહેતા હતાઃ 'હવે અમારો વારો છે... શાસ્ત્રીજી મહારાજ જેવા ગુણો-નિષ્ઠા-દૃઢતા અમે અમારા જીવનમાં લાવી તેઓનો દાખડો ફળીભૂત કરીશું. યોગીબાપાનાં વચનો સત્ય કરીશું.'

વિદ્યાર્થીઓ તપ, ઉપવાસ, સંયમ, નિયમ, દંડવત્, માળા, પ્રદક્ષિણા, મુખપાઠ વગેરે કરી રહ્યા હતા તેની વિગતો જાણી સ્વામીશ્રી પ્રસન્ન થયા. તમામ છાત્રોની પ્રાર્થનાઓ અને પ્રતિજ્ઞાઓ સ્પર્શીને સ્વામીશ્રીએ પ્રાસાદિક કરી. બી.એ.પી.એસ. માટે જીવવાની પ્રતિબદ્ધતા સાથે છાત્રવૃંદે 'Live for BAPS...' કીર્તન પર જોશભર્યું નૃત્ય કર્યું હતું.

નૃત્યાંજલિ બાદ છાત્રાલયના સંચાલક સંત અદ્ભુતાનંદદાસ સ્વામી અને છાત્રોએ પ્રશ્નોત્તરી દ્વારા સ્વામીશ્રીનું માર્ગદર્શન મેળવ્યું. તેમાં સ્વામીશ્રીએ છાત્રોને નિયમ-ધર્મની વાત દૃઢાવતાં કહ્યું, ''શ્રીજીમહારાજે જે નિયમ-ધર્મ આપેલા છે એમાં તેઓએ કાંઈ બાકી રાખ્યું નથી. મહારાજ-સ્વામી અને ગુરુપરંપરા નિયમ-ધર્મથી રાજી થવાના છે. નિયમ-ધર્મથી સારાં પરિણામ આવશે. તમે ચારિત્ર્યવાન તૈયાર થશો. નિયમોથી સલામતી રહેશે અને કોઈ વાંધો નહીં આવે.'' સૌએ નિયમ-ધર્મ પાળવાની કટિબદ્ધતા સાથે સ્વામીશ્રીનાં વચનો શિરોધાર્ય કર્યાં.

સૌ છાત્રો વતી આભાર માનતાં સંતોએ સ્વામીશ્રીને હાર પહેરાવી આશિષ લીધા. *'આપે છાત્રાલયમાં પધારી વારંવાર...'* ધ્રુવપંક્તિ સાથે છાત્રોએ પણ કાવ્યાત્મક આભાર માન્યો તથા વિવિધ પ્રાર્થનાઓ રજૂ કરી. તેને સપ્રેમ સ્વીકારી સ્વામીશ્રીએ સભામાંથી વિદાય લીધી હતી.

ભારતયાત્રાએ અમેરિકાથી આવેલા યુવાનોને વિશિષ્ટ લાભ આપતા સ્વામીશ્રી...



### ■ સત્સંગ સભા

તા. ૩૦-૭-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં સત્સંગ સભા યોજાઈ હતી. ધૂન-પ્રાર્થનાગાનથી આરંભાયેલી સભામાં બોચાસણ યુવામંડળના યુવકોએ 'દસ મૂર્ખાઓ' સંવાદ રજૂ કર્યો હતો. જ્ઞાન સાથે ગમ્મત કરાવતો આ સંવાદ નિહાળી સભાજનોમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી બાદ અલીન્દ્રા યુવામંડળના યુવકોએ 'પ્રાપ્તિ' સંવાદ રજૂ કર્યો હતો. આ સંવાદનો સાર હતો કે જે વસ્તુ આપણને અતિદુર્લભ મનાઈ હોય, તે જાય તો ઢીલા થઈ જવાય. તેમ મહારાજ-સ્વામી અને સત્પુરુષની આ પ્રાપ્તિ આપણને દુર્લભ મનાય તો ભજન-ભક્તિમાં પાગલ થઈ જવાય. સ્વામીની વાતોમાં પણ કહ્યું છે કે 'જે ગાંડો થાય તે પ્રભુ ભજે છે.'

સંવાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ પ્રશ્નોત્તરીના માધ્યમથી માર્ગદર્શન આપતાં જણાવ્યું, ''આપણું સાચું સ્વરૂપ તો આત્મા છે. એટલે પોતાને આત્મા માનવો. સાચું સ્વરૂપ તો - અક્ષર છીએ... અક્ષરરૂપ થઈને સેવા-ભક્તિ કરવી. અને આત્મારૂપ વર્તવું એ સાચું છે, એવું મનાશે ત્યારે બધા પ્રૉબ્લેમ સૉલ્વ થઈ જશે.

આ સત્સંગ સાચો છે, શ્રીજીમહારાજ સાચા છે, ગુણાતીત સાચા છે, ગુરુપરંપરા સાચી છે, ધર્મ-નિયમ સાચા

છે. આ બધું સાચું માનીને એ રીતે વર્તીએ તો કૃપા થાય.''

## ■ પ્રાસાદિક સ્થાનોનાં દર્શન

તા. ૩૧-૭-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય સ્વામીશ્રી બોચાસણમાં આવેલાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શને પધાર્યા હતા. સૌ પ્રથમ સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજની પ્રાસાદિક ઓરડીમાં ભાવપૂર્વક દર્શન કરીને સ્મૃતિઓ કરી. ત્યારબાદ તપોમૂર્તિ નીલકંઠવર્ણી વિચરણ કરતાં જે તળાવના કાંઠે વિરાજ્યા હતા તે સ્થાને નિર્માણ પામેલી છત્રીનાં દર્શન કર્યાં. અહીં પધરાવવામાં આવેલાં ચરણારવિંદોનો મહિમાપૂર્વક સ્પર્શ કર્યો. અહીંથી પુરુષોત્તમ સ્વામીની દેરીએ પધાર્યા. અહીં મહિમાપૂર્વક દર્શન કર્યા અને અહીં પધરાવેલાં ચરણારવિંદોનાં પણ દર્શન કર્યાં. અહીં શ્રીજીમહારાજની પ્રાસાદિક વસ્તુઓ પણ મૂકવામાં આવી છેઃ ગાડું-દરવાજો-દાદરો તે તમામનો પણ સ્વામીશ્રીએ ભાવપૂર્વક સ્પર્શ કર્યો. દેરીની ત્રણેક પ્રદક્ષિણા કરી નિજનિવાસે પધાર્યા.

● તા. ૧-૮-૨૦૨૪ઃ દર વર્ષે પવિત્ર શ્રાવણ માસમાં બી.એ.પી.એસ.ના સંતો ગુજરાતનાં જુદાં જુદાં ગામડાંઓમાં અને શહેરોમાં વિચરણ કરીને સમાજમાં ઘર કરી ગયેલા વિષય-વ્યસન-વહેમના દૂષણમાં લપેટાયેલા લોકોને અધ્યાત્મનું સાચું જ્ઞાન આપીને સદાચારના માર્ગે વાળે છે. આ વખતે શ્રાવણ માસના વિચરણમાં જોડાઈને સમાજોત્કર્ષનું કાર્ય કરનાર સંતો-પાર્ષદો-સાધકોને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

## ■ સ્મૃતિ-સભા

તા. ૨-૮-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં બદલપુર ઝોનના કાર્યકરોએ સભામાં ગુરુવર્યોની સ્મૃતિ કરતાં સુંદર કાર્યક્રમ રજૂ કર્યો હતો.

સ્મૃતિ-સભાનો મધ્યવર્તી વિચાર હતોઃ 'પથારીએ-પથારીએ સત્પુરુષનું વિચરણ... કોતરે-કોતરે સત્પુરુષનું વિચરણ...' પ્રાદેશિક ભાષામાં પથારી એટલે ખેતરોમાં બનાવવામાં આવેલાં નાનાં ઘર. પૂર્વે ગુરુવર્યોએ આ ઘરોમાં વિચરણ કરીને સૌ ભક્તોને અનહદ સત્સંગ સુખ આપ્યું છે. બદલપુર ઝોનના કાર્યકર્તાઓએ ક્રમશઃ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે આ ઝોનનાં વિવિધ ગામડાંઓમાં ઘરે ઘરે વિચરણ કરીને આપેલા દિવ્ય સત્સંગલાભની સ્મૃતિઓ કરી હતી. ગુરુવર્યોના વિવિધ પ્રસંગોનું સ્મરણ કરીને તેઓની સ્મૃતિઓ કરી હતી. વિશેષમાં વીડિયો ઇન્ટર્વ્યૂ દ્વારા પણ સ્મરણ-સ્મૃતિઓ કરી હતી.

પરમ પૂજ્ય સ્વામીશ્રીએ ગુરુવર્યોની સ્મૃતિઓમાં ભળીને દિવ્ય લાભ આપ્યો હતો. અને સૌને શ્રીજીમહારાજે આપેલા નિયમ-ધર્મનું પાલન કરવા, ઘરસભા કરવા, સત્સંગના ગ્રંથોનું વાંચન કરવા, બહારની ખાણીપીણીનો ત્યાગ કરવા આજ્ઞા કરી હતી. અને સાથે સાથે સર્વોપરિ ભગવાન મળ્યા, ગુણાતીત ગુરુવર્યો મળ્યા અને આવો દિવ્ય સત્સંગ મળ્યો - આ જે પ્રાપ્તિ થઈ છે તેનું સતત અનુસંધાન રાખવા અનુરોધ કર્યો હતો.

આ ઝોનના સત્સંગ વ્યાપનો પરિચય આપતાં કાર્યકરોએ જણાવ્યું, સત્પુરુષોના આવા અણથક અને અવિરત વિચરણથી બદલપુર ઝોનમાં અત્યારે ૪૦ હરિમંદિરો છે! આ ઝોનમાંથી ૨૦ સંતોની ભેટ મળી છે! અને અત્યારે તમામ પાંખના કુલ મળીને ૬૦૪ કાર્યકરો કાર્યરત છે!

અંતમાં સૌ હરિભક્તો વતી કાર્યકરોએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી. સૌની પ્રાર્થના સ્વીકારી સ્વામીશ્રીએ કૃપાશિષ વરસાવ્યાઃ ''તમે બધાએ સંપ રાખીને સેવાભક્તિ કરી છે, મંદિરો કર્યાં છે અને મહારાજ-સ્વામીને સંપ ગમે છે. સંપીને તમે બધું કાર્ય કરો છો એટલે તેઓ તમારા પર રાજી છે.

આ ઝોનમાં તો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજે ખૂબ વિચરણ કર્યું છે એટલે તમે બધા ધન્ય છો. સ્વામીબાપા જીવ સામું જુએ છે, દેહ સામું નહીં. દેહ તો ગરીબ હોય, અમીર હોય - પણ સત્પુરુષ એની સામે જોતા નથી - એમાં બદલપુર નિશાનમાં આવી ગયું એટલે તેઓએ અહીંયાં વિચરણ કર્યું અને આપણે બધા ધન્ય થઈ ગયા.'' સૌએ તાળીનાદથી સ્વામીશ્રીનાં કૃપાવચનોને વધાવ્યાં.

આ ઝોનમાં વિચરણ કરતા સંતોએ સૌ હરિભક્તો વતી સ્વામીશ્રીને કંઠી અને માળાનો હાર પહેરાવી આશીર્વાદ લીધા.

બોચાસણ મંદિરના નવીનીકરણ માટે આ ઝોનમાંથી ખૂબ સારી સેવાઓ કરનાર હરિભક્તો પર તથા તપસ્વી હરિભક્તો પર સ્વામીશ્રીએ આશીર્દૃષ્ટિ કરી હતી.

## ■ નિષ્ઠા-સભા

તા. ૩-૮-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં ખંભાત ઝોનના કાર્યકરોએ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની નિષ્ઠા દૃઢ કરાવતો પ્રેરણાત્મક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો.

'અક્ષરપુરુષોત્તમ માટે મુંડાવ્યું

છે...' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી સભામાં કાર્યકરોએ ગોષ્ઠિમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આ નિષ્ઠા-વાક્યને વિવિધ પ્રસ્તુતિઓ દ્વારા પ્રતિપાદિત કર્યું હતું. સ્વામીશ્રીના આગમન બાદ 'હીરામુખી' સંવાદ રજૂ થયો હતો. હીરાભાઈએ દૃઢ પક્ષ રાખ્યો તેથી બોચાસણ મંદિરની પ્રતિષ્ઠા નિયત થઈ... તેના આનંદમાં યુવાવૃંદે *'અક્ષરપુરુષોત્તમ દયાળુ પ્રભુ અક્ષરપુરુષોત્તમ...'* કીર્તન પર ઉમંગભેર નૃત્ય કર્યું. જે દરમ્યાન સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજના ડંકા વગાડીને ઉપાસનાનો જયઘોષ કર્યો હતો.

આજના શુભ દિવસે ખંભાત ઝોનના ૨૧૦ પરિવારો પોતાના ઘરમંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પધરાવવાના હતા. સ્વામીશ્રીએ આ તમામ મૂર્તિઓની આરતી ઉતારી! આરતી બાદ ખૂબ આનંદ સાથે જણાવાયું કે 'આજે મહંત સ્વામી મહારાજ રૂપે અક્ષરપુરુષોત્તમ મહારાજ પ્રગટ અને પ્રત્યક્ષ છે!' તેના આનંદમાં *'બોચાસણમાં વહાલો કરે રે કિલ્લોલ...'* કીર્તનના તાલે ખૂબ ઉમંગથી બાળકો-યુવકો તથા વૃદ્ધોએ પણ હાથમાં કરતાલ સાથે મન મૂકીને નૃત્ય કર્યા. સ્વામીશ્રીએ પણ કરમાં છડી ગ્રહણ કરીને કીર્તનના તાલે સૌને સ્મૃતિઓ આપી.

અંતમાં કાર્યકરોએ 'નિષ્ઠા' વિષયક સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી કરી. તેના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ જણાવ્યું, ''નિષ્ઠાવાન હરિભક્ત તેને કહેવાય જેનામાં આજ્ઞા-ઉપાસના હોય. આજ્ઞાઃ જે શ્રીજીમહારાજે પ્રબોધેલી છે તે. આપણે તે આજ્ઞામાં દૃઢ રહેવું. અને ઉપાસના તો 'સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે' એ બધાના જીવમાં દૃઢ છે જ. એમાં શંકા નથી. અને આ જીવમાં દૃઢ હોય તો પહેલામાં પહેલું તો તે શ્રીજીમહારાજના અક્ષરધામમાં બેસી જાય! બીજો લાભ - આ લોકમાં પણ નીતિ-નિયમમાં દૃઢ રહે. જીવમાં બળ રહે, કોઈથી દબાય નહીં. જીવમાં બળ-નિષ્ઠા હોય તો ઉપાસના પ્રવર્તનના કાર્યમાં ઉત્સાહ આવે. હીરામુખી સંવાદમાં જોયું - કેટલી દૃઢતા હતી!? નિષ્ઠા હોય તો આવી શૂરવીરતા આવે.''

પ્રશ્નોત્તરી બાદ સ્વામીશ્રીએ ખંભાત ઝોનના તમામ પાંખના ૭૨૪ કાર્યકરોનાં નામ પર પુષ્પપાંદડી વરસાવીને આશીર્વાદ અર્પ્યા. વિશેષમાં - સમગ્ર ખંભાત ઝોનના હરિભક્તોએ સ્વામીશ્રીના રાજીપા માટે ૧૫ દિવસ સુધી અખંડ 'અક્ષરમ્ અહં પુરુષોત્તમ-દાસોસ્મિ' મંત્રનો જાપ કર્યો હતો - ગુણગ્રહણ કર્યા હતા - પ્રાપ્તિનાં પદોનું ગાન કર્યું હતું - બોચાસણ મંદિરના નવીનીકરણ માટે સેવા કરી હતી. આ તમામ પર સ્વામીશ્રીના અંતરના આશિષ વરસ્યા હતા.

આજે સવારે સ્વામીશ્રીએ ઝૂમકૉલના માધ્યમથી લંડન ખાતે યોજાયેલા સમગ્ર યુ.કે.-યુરોપનાં ૪૫ બાળ-બાલિકાઓના સન્માન સમારોહમાં દર્શન-આશિષ આપ્યા હતા. આ બાળકો પૈકી કુલ ૩૬ બાળકોએ અને ૯ બાલિકાઓએ સંસ્કૃતમાં સત્સંગદીક્ષાનો મુખપાઠ સંપન્ન કર્યો હતો. સ્વામીશ્રીનાં દર્શનથી સૌ બાળકો પુલકિત થઈ ઊઠ્યાં હતાં.

વળી, આજે સ્વામીશ્રીએ 'પ્રમુખ એકેડમી'માં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને શુભાશિષ પાઠવ્યા હતા.

## ■ પ્રાપ્તિ-સભા

તા. ૪-૮-૨૦૨૪ના રોજ રવિસભામાં બોચાસણ ઝોનના હરિભક્તોએ 'પ્રાપ્તિ મોટી થઈ છે' મધ્યવર્તી વિચાર સાથે સુંદર કાર્યક્રમ રજૂ કર્યો હતો. ધૂન-પ્રાર્થનાગાનથી યોજાયેલી સભામાં વ્યક્તિના જીવનમાં કેવા કેવા પ્રશ્નો આવતા હોય છે?' તે એક પ્રહસન દ્વારા રજૂ થયું હતું. આવા ક્ષુલ્લક પ્રશ્નોને લીધે આપણે હિમાલય જેવી પ્રાપ્તિને માણી શકતા નથી તે 'સિક્કો પડી ગયો' નામક સંવાદ દ્વારા રમૂજી શૈલીમાં પ્રસ્તુત થયું. સંવાદનો સાર હતો - એક રૂપિયો પડ્યા જેવા દુઃખમાં આપણે અબજો રૂપિયાની પ્રાપ્તિ માણતા નથી, પરંતુ જીવનમાં ઘણાં દુઃખો આવ્યાં તેમ છતાં પ્રાપ્તિના કેફમાં મહાલતા હરિભક્તોના પ્રસંગો રજૂ થયા હતા.

પ્રેરણામૂર્તિ - ગુરુહરિ મહંત સ્વામી મહારાજ જૈફ વયે શરીરની નાદુરસ્તી વચ્ચે અને સંસ્થાની આટલી બધી જવાબદારીઓ વચ્ચે પણ હંમેશાં પ્રાપ્તિના આનંદમાં, કેફમાં રહે છે. તદ્વિષયક પ્રવચન ઉત્તમયોગીદાસ સ્વામીએ કર્યું હતું.

'પ્રાપ્તિ' વિષયક પ્રશ્નોત્તરીના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ જણાવ્યુંઃ ''પ્રાપ્તિનો વિચાર કરવાથી ભગવાનનો રાજીપો થાય. અને જીવનમાં સ્થિરતા આવે. બધા પ્રૉબ્લેમ સૉલ્વ થાય. ભલે આપણે ગરીબ હોઈએ, ભલે ગમે એવી પરિસ્થિતિ હોય પણ તોય; ઉપરથી દેખાય નહીં પણ અંતરમાં જબ્બરજસ્ત કેફ વર્તે. અખંડ કેફમાં રહીએ. અંતરમાં પ્રાપ્તિનો કેફ અખંડ હોય તો એ એમાં મહાલ્યા જ કરે.''

આશીર્વચન બાદ સ્વામીશ્રીએ

બોચાસણ ઝોનના હરિભક્તોને આશિષ અર્પ્યા. સાથે મહિલા ભક્તોએ હાથથી ફોલીને મોકલાવેલા અક્ષતની સેવાઓ સ્વીકારી અને સરાહી. આ ઝોનના તમામ હરિભક્તો વતી સંતોએ હાર પહેરાવી ગુરુહરિના આશીર્વાદ લીધા.

ચાતુર્માસ નિમિત્તે વિવિધ તપ-વ્રત-ઉપવાસ સંબંધી નિયમ ગ્રહણ કરીને દર્શનાર્થે આવેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, નડિયાદ અને અટલાદરાના છાત્રોને સ્વામીશ્રીએ દર્શન-આશિષ આપ્યા હતા.

- તા. ૫-૮-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ બોચાસણ મંદિર સંકુલના નવીનીકરણનું નિરીક્ષણ કર્યું હતું. અહીં નૂતન રચાનાર વિવિધ આયામો દર્શાવીને સંતોએ આશીર્વાદ લીધા હતા. નવીનીકરણ પામી રહેલા 'અભિષેક મંડપ'માં પધારી સ્વામીશ્રીએ, શાસ્ત્રીજી મહારાજનું આ કાર્ય સેંકડો હજારો વર્ષો રહે, તેવા પાયાનો ઐતિહાસિક ખાતવિધિ કર્યો હતો. વિધિ અંતર્ગત સૌપ્રથમ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ વેદોક્ત મંત્રોના ગાન વચ્ચે અક્ષરપુરુષોત્તમ મહારાજનું અને સ્વામીશ્રીનું પૂજન કર્યું. ત્યારબાદ સ્વામીશ્રીએ ગર્તમાં ક્રમશઃ પુષ્પ તથા પ્રવાહીરૂપમાં અબીર, હળદર, કંકુ અને ગુલાલ પધરાવ્યાં. અક્ષતની વર્ષા કરીને દ્રવ્યોનું મિશ્રણ ગર્તમાં પધરાવ્યું હતું. ત્યારબાદ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, વેદજ્ઞદાસ સ્વામી, ભક્તિનંદનદાસ સ્વામી અને દેવકૃષ્ણદાસ સ્વામીએ પણ ગર્તમાં મિશ્રણ પધરાવવાનો લાભ લીધો.

## ■ બાળ દિન

તા. ૭-૮-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં બાળકોએ 'બાળ દિન' ઊજવ્યો હતો. બાળ દિનની સભામાં બાળકોનો દબદબો હતો. ૪,૦૦૦થી વધુ બાળ-બાલિકાઓ ઉપસ્થિત હતાં. શેષ જગ્યામાં હરિભક્તોએ સ્થાન ગ્રહણ કર્યું હતું. આજની સભાનો કાર્યક્રમ બોચાસણ અને મહેળાવ મંદિરના નેજા હેઠળ ચાલતાં બાળમંડળોના બાળકો-કાર્યકરોએ રજૂ કર્યો હતો.

ધૂન-પ્રાર્થનાથી બાળવૃંદે સભાનો પ્રારંભ કર્યો. આજના 'બાળ દિન'નો મધ્યવર્તી વિચાર હતોઃ 'સ્વામિનારાયણ ચરિત્ર.' જે અંતર્ગત ઘનશ્યામ મહારાજ અને નીલકંઠવર્ણીનાં ચરિત્રો વિવિધ માધ્યમો દ્વારા રજૂ થયાં હતાં. જેમાં 'કાલિદત્ત' અને 'સેવકરામ' સંવાદ મુખ્ય હતા. સાથે નૃત્યો, સ્પર્ધાઓ અને રમતગમતે બાળકોને આનંદિત કર્યા હતા.

સ્વામીશ્રી મંચ પર પધાર્યા ત્યારે સ્વાગત-કીર્તનના સંગે કાર્યકરોએ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવીને તથા બાળકોએ ફુગ્ગા ફોડીને હર્ષનાદથી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું સ્વાગત કર્યું.

અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી બાદ શ્રીજીમહારાજના વખતના જગામેડી ગામના બાળભક્ત 'ડાહ્યા'નો



પ્રસંગ રજૂ થયો હતો. પ્રસંગકથન બાદ *'પાંદડે પાંદડે સ્વામિનારાયણ...'* ભક્તિનૃત્ય પ્રસ્તુત થયું. જે દરમ્યાન બાળપ્રવૃત્તિના સંતોએ સ્વામીશ્રીને હાર પહેરાવીને સત્કાર્યા.

નૃત્યાંજલિ બાદ બાળકોએ પોતાની મીઠી-કાલીઘેલી ભાષામાં સ્વામીશ્રી સાથે પ્રાર્થનાપૂર્વક પ્રશ્નોત્તરી કરી. સ્વામીશ્રીએ બાળશૈલીમાં ઉત્તરો આપીને તેમના પ્રશ્નોનું સમાધાન કર્યું અને વિશેષમાં જણાવ્યું, ''તમે બાળકો અભ્યાસમાં પણ ખૂબ આગળ આવો, એમાંય રેકોર્ડ તોડો. બીજા બાળકોને પણ મન થાય કે 'આપણે બાળમંડળમાં જોડાવું છે' એવી રીતે વર્તન કરવું.

આપણે નિયમ-ધર્મ-આજ્ઞા પ્રમાણે ચાલવું. ક્લાસમાં તમને કહેવામાં આવે તે પ્રમાણે કરવું ને શિક્ષકોનો પણ રાજીપો લેવો. કોઈ એવું ના કહે કે 'આ છોકરો ખરાબ છે.' એવું બધું મનમાં રાખીને આપણે કાર્ય કરીએ, અને સાથે સત્સંગ કરીએ તો સત્સંગ કર્યો પ્રમાણ કહેવાય.''

આજની સભામાં વિવિધ પ્રસ્તુતિઓ કરનાર બાળકો-કાર્યકરો સાથે સમૂહછબી પડાવીને સ્વામીશ્રીએ તેઓને ચિરંતન સ્મૃતિ આપી હતી. રક્ષાબંધનના પવિત્ર તહેવારને ધ્યાનમાં રાખીને સ્વામીશ્રીએ હરિભક્તોની કાળ-માયા-પાપ-કર્મ થકી રક્ષા થાય તે માટે રાખડીઓ પ્રસાદીભૂત કરી હતી.

## ■ સમર્પણ દિન

તા. ૧૧-૮-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'સમર્પણ દિન' ઊજવાયો હતો. ધૂન-પ્રાર્થનાથી આરંભાયેલી સભામાં 'સમર્પણ અને તેનાથી થતા અગણિત લાભ' વિષયક આદર્શજીવનદાસ સ્વામીએ પ્રવચન કર્યું હતું. તેમના પ્રવચન બાદ 'સમર્પણ' નામક સંવાદ રજૂ થયો. જેમાં, શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજના વખતના હરિભક્તોનાં પાત્રોએ તેમના પ્રસંગો અને અનુભવો જણાવ્યા.

સ્વામીશ્રીએ બોચાસણ ખાતે સુદીર્ઘ રોકાણ કરી સંતો-ભક્તોને ખૂબ સુખ આપ્યું, તે બદલ કોઠારી સંત વેદજ્ઞદાસ સ્વામીએ હૃદયપૂર્વક આભાર માન્યો. આ રોકાણ દરમ્યાનની વિશિષ્ટ સ્મૃતિઓ પણ કરી. અને અંતે મદદરૂપ થનાર તમામનો પણ આભાર માન્યો.

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વચનમાં, બોચાસણ મંદિરના નવીનીકરણમાં સેવા કરવા અનુરોધ કરતાં કહ્યું, ''આ સેવા શાસ્ત્રીજી મહારાજની જ સેવા છે. એટલે આપણે પોતાનાં ભાગ્ય માનીને આ સેવા કરવી. આ સેવાનું ફળ તો તેઓ પોતે જ આપશે, કારણ કે શાસ્ત્રીજી મહારાજે અહીં અક્ષર-પુરુષોત્તમ પધરાવ્યા એટલે મહિમા સમજીને આ સેવા કરવી. અને તમે બધાએ સેવા તો કરી જ છે, તો વિશેષ સેવા કરવાનું બળ મળે એ પ્રાર્થના.''

બોચાસણ ખાતે સ્વામીશ્રીના રોકાણની આ અંતિમ સભા હતી, તેથી પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, વેદજ્ઞદાસ સ્વામી અને ભક્તવત્સલદાસ સ્વામીએ હાર પહેરાવી સ્વામીશ્રીને વિદાયમાન આપ્યું હતું.

વર્તમાન સમયમાં બાંગ્લાદેશમાં ફેલાયેલી અરાજકતા શાંત પામે અને ત્યાં પુનઃ ભાઈચારો, સૌહાર્દ અને સ્થિરતા સ્થપાય તે માટે સ્વામીશ્રી સહિત સૌએ ધૂન કરી હતી.

તીર્થધામ બોચાસણ ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ ચરોતરી ભક્તો ઉપરાંત ગુજરાતનાં વિભિન્ન સત્સંગ કેન્દ્રોમાંથી ઊમટેલા હજારો હરિભક્તો-ભાવિકોને સત્સંગ-દર્શનનું સુખ આપીને કૃતકૃત્ય કર્યા હતા.

તા. ૧૩-૮-૨૦૨૪ના રોજ અહીંથી સંતો-હરિભક્તોની ભાવભરી વિદાય લઈને સ્વામીશ્રી દેશની રાજધાની દિલ્હી પધાર્યા હતા.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

## બોચાસણ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે મૂર્તિપૂજન-પ્રતિષ્ઠા કરેલાં ગામોની યાદી

■ **મૂર્તિપ્રતિષ્ઠાઃ** બીલીમોરા (નવસારી), વણોતી (આણંદ), યોગીનગર (નડિયાદ), રાયછા (બોડેલી), આણંદ ગ્રામ્યના ભઈજીપુરા, અગાસ સ્ટેશન; સાંકરીના મઢી-સ્યાદલા, પલસાણા (ઘનશ્યામ મહારાજ); બામણવા (જલસણ), અંકલેશ્વરના મારુતિધામ, અંદાડા, ગડખોલ પાટિયા; પામોલ (ગુરુપરંપરા), વાલવોડ (ગુરુપરંપરા).

■ **ચલસ્વરૂપોની પ્રતિષ્ઠાઃ** સુરતના વરાછા, ચિત્રકૂટ, કતારગામ; વાસદ, સોજીત્રા, પેટલાદ, વડદલા-કણિયા, ઉત્તરસંડા, ડભાણ, ચકલાસી, પીપળાતા, વસો, યોગીનગર (નડિયાદ), બી.એ.પી.એસ. છાત્રાલય (નડિયાદ), કપડવંજ.

■ **ઇષ્ટિકા-ભૂમિપૂજનઃ** મઘરોલ (મહેળાવ), વસો (આણંદ), નેશ (આણંદ), બોરસદ, વડેલી, આણંદ ગ્રામ્યના રાવળાપુરા, કણભઈપુરા, આંકલાવડી, મોગર.

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, હોંગકોંગમાં ઊજવાયો દશાબ્દી મહોત્સવ



દક્ષિણ-પૂર્વના દેશોમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પુરુષાર્થ અને પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગનાં બીજ વવાયાં હતાં, જે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં વૃક્ષ બની વિસ્તરી રહ્યાં છે. તેનું એક ઉદાહરણ એટલે હોંગકોંગમાં આધ્યાત્મિક સુવાસ પ્રસરાવી રહેલું બી.એ.પી.એસ. મંદિર.

છેલ્લાં દસ વર્ષોથી અનેક મુમુક્ષુઓમાં અહીં સનાતન વૈદિક પરંપરાનું પોષણ કરી રહેલ આ મંદિરનો દશાબ્દી મહોત્સવ તાજેતરમાં સદ્‌ગુરુવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને અન્ય સંતોની ઉપસ્થિતિમાં વૈવિધ્યસભર કાર્યક્રમોની શૃંખલા સાથે ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો.

દસ વર્ષ પૂર્વે તા. ૨૯-૬-૨૦૧૪ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ચીનના પ્રસિદ્ધ વ્યાપારી મથક હોંગકોંગમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર પ્રતિષ્ઠિત કર્યું હતું. આમ તો છેલ્લાં ૩૫ વર્ષથી સંનિષ્ઠ હરિભક્ત શ્રી રાજાબાબુ ગુપ્તા અને શ્રી વસંતભાઈ જેઠવા વગેરે હરિભક્તો અહીં સત્સંગપ્રવૃત્તિ કરી રહ્યા છે. એ સૌ ભક્તોના ઉત્સાહથી દશાબ્દી વર્ષના ઉપક્રમે ભક્તિસભર કાર્યક્રમોની શૃંખલા રચાઈ હતી. તેના ઉપક્રમે વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં તા. ૧૨ થી ૧૫ જુલાઈ દરમ્યાન પ્રેરણાસભર કાર્યક્રમો યોજાયા હતા.

ઉત્સવ નિમિત્તે હરિભક્તોએ અનન્ય ઉત્સાહથી મંદિરને માંગલિક શણગારોથી સુશોભિત કર્યું હતું. પ્રથમ દિને સ્વાગતસભામાં વરિષ્ઠ સંતમંડળનું સ્થાનિક હરિભક્તોએ અનેરા ભક્તિભાવથી સ્વાગત કર્યું હતું. સંધ્યા સભામાં ભક્તિસંગીતના કાર્યક્રમમાં યોગીપ્રેમદાસ સ્વામીએ વિવિધ ભાષાઓમાં સુમધુર ભક્તિપદોનું ગાન કરીને ઉપસ્થિત ભક્તજનોને ભક્તિરસમાં ગરકાવ કરી દીધા હતા. અંતે વિવેકસાગરદાસ સ્વામીએ સત્સંગ-મહિમા વર્ણવ્યો હતો. સૌ માટે ભક્તિ-સંગીતની અનોખી રંગત અવિસ્મરણીય બની રહી.



તા. ૧૩ જુલાઈ ૨૦૨૪ના રોજ હકડેઠઠ

ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં બાળ-કિશોરોએ સમાજમાં મંદિરોની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને સ્પષ્ટ કરતા ચોટદાર સંવાદ ‘મંદિરમાં પ્રભુ બિરાજે છે’ની પ્રસ્તુતિ કરી. ઉપસ્થિત સૌએ જીવનમાં આધ્યાત્મિક, નૈતિક મૂલ્યોના વિકાસમાં મંદિરની અનન્ય ભૂમિકાને હૃદયસ્થ કરી. વિવેકસાગરદાસ સ્વામીએ સાધનામંત્ર ‘અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ’ના ગહન મર્મની વિશદ છણાવટ કરી. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ હિન્દુ સનાતન ધર્મના મુખ્ય ત્રણ આધારસ્તંભ શાસ્ત્ર, મંદિર અને સંતનો મહિમા વર્ણવીને, વિશ્વભરમાં ૧,૬૦૦થી વધુ બી.એ.પી.એસ. મંદિર પ્રતિષ્ઠિત કરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો હૃદયસ્પર્શી મહિમા વર્ણવ્યો હતો.

## હોંગકોંગ મંદિર દશાબ્દી મહાપૂજા

તા. ૧૪ જુલાઈની માંગલિક સવારે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતમંડળની ઉપસ્થિતિમાં વૈદિક મહાપૂજાવિધિ યોજાયો. સંતોના વૈદિક મંત્રોની સાથે વિધિને અનુસરતા ૬૦૦થી વધુ યજમાનો પૂજાવિધિમાં સંમિલિત થયા. વેદમંત્રોના ગાનથી મંદિર પરિસર ભક્તિમય અને મંગલમય બની ઊઠ્યું. અંતે શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને દેવસ્વરૂપો સમક્ષ ભક્તિભાવથી અન્નકૂટ રચીને સૌએ આરતી-અર્ઘ્ય અર્પણ કર્યું. મહાપૂજાવિધિ બાદ પ્રાસંગિક સભા યોજાઈ. કિશોરોએ ભક્તિનૃત્યની શાનદાર પ્રસ્તુતિ કરી. ધર્મવત્સલદાસ સ્વામીના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી હોંગકોંગ બી.એ.પી.એસ. સત્સંગમંડળના પાયાના હરિભક્ત શ્રી રાજાબાબુ ગુપ્તા અને શ્રી વસંતભાઈ જેઠવાએ આ મંદિર દ્વારા છેલ્લાં દસ વર્ષ દરમ્યાન કરેલી નોંધપાત્ર સામાજિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત ઈતિહાસ પ્રસ્તુત કર્યો. પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ હોંગકોંગ સહિત પૂર્વ એશિયામાં બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિઓના વિકાસ અને વિસ્તારમાં ગુણાતીત ગુરુવર્યોએ કરેલા પુરુષાર્થ-પ્રેરણાનો મહિમા ગાયો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી આશીર્વચન ઉચ્ચારતાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આવનારી પેઢીઓમાં સત્સંગનું સિંચન કરવા અંગે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રાસંગિક સમારોહમાં હોંગકોંગમાં ભારતના કોન્સલ જનરલ શ્રીમતી સતવંત ખનાલિયા પણ પધાર્યા હતા. મહિલા અગ્રણીઓએ તેઓનું પુષ્પહારથી સ્વાગત કર્યું. સાથે સાથે કોન્સલ શ્રી કે. વેંકટ રમણ, કોવલૂન સિટી ડિસ્ટ્રિક્ટના પૂર્વ ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલ સભ્ય શ્રી એડમંડ યૂ તેમજ વિવિધ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌના હૈયે દશાબ્દી ઉત્સવની અવિસ્મરણીય સ્મૃતિઓ જડાઈ ગઈ. આજે આ મંદિર દશાબ્દી ઉત્સવના ભાગરૂપે બાલિકા-કિશોરી મંડળે સંસ્થાની પ્રવૃત્તિઓ દર્શાવતું સુંદર પ્રદર્શન યોજ્યું હતું.

## કાર્યકર સુવર્ણ મહોત્સવ

બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ભારત અને વિશ્વભરમાં યોજાઈ રહેલા કાર્યકર સુવર્ણ મહોત્સવ અંતર્ગત ઠેર ઠેર કાર્યકર અભિવાદન સમારોહ યોજાઈ રહ્યા છે. તે શૃંખલામાં હોંગકોંગમાં તા. ૧૫ જુલાઈના રોજ આ સમારોહ યોજાયો હતો. હોંગકોંગ જેવા વિશ્વવિખ્યાત શહેરમાં ઘડિયાળના કાંટે દોડતી જીવનની ઘટમાળમાંથી સમય કાઢીને સત્સંગના વિકાસકાર્યમાં પરોવાયેલા કર્તવ્યનિષ્ઠ કાર્યકરોએ સ્થાનિક સત્સંગમંડળના વિકાસમાં અતુલનીય યોગદાન આપ્યું છે. વર્ષોથી હોંગકોંગમાં સત્સંગકાર્યને ગતિમાન રાખવામાં મુખ્ય ચાવીરૂપ ભૂમિકા ભજવનાર કાર્યકરોની સેવા, સમર્પણ અને કર્મઠતાને સંતોએ બિરદાવ્યાં હતાં.

અંતે વિવેકસાગરદાસ સ્વામી અને ત્યારબાદ ઈશ્વરચરણદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે વર્ણવેલા કાર્યકરોના પાયાનાં મૂલ્યો હૃદયસ્પર્શી રીતે સમજાવી આ કાર્યકરોને બિરદાવ્યા હતા.

આમ, હોંગકોંગ ખાતે મંદિરનું દશાબ્દી પર્વ શાનદાર રીતે સંપન્ન થયું. ◆



# થાઈલેન્ડના મહાનગર બેંગકોકમાં પ્રતિષ્ઠિત થયું નૂતન બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર



પ્રાચીન સમયથી ભારતીય સંસ્કૃતિની સૌરભ પૂર્વના દેશોમાં એક આગવો પ્રભાવ પાથરી રહી છે. એ દેશોમાં આજે શતાબ્દીઓ પછીયે રામાયણ, મહાભારત, શ્રીમદ્-ભાગવત જેવાં પુરાણો તેમજ સંસ્કૃત ભાષાનો વૈભવ ત્યાંની વિવિધ પરંપરાઓ અને રીત-રિવાજોમાં સહજતાથી નીરખવા મળે છે. ભારતીય સંસ્કૃતિની એવી વિશિષ્ટ અનુભૂતિ કરાવતા દેશોમાં થાઈલેન્ડનું નામ મોખરે ગણી શકાય.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના વિચરણ અને તેમના પ્રભાવથી અહીં ઘણા સમયથી સ્થાનિક ભારતીયો એકત્રિત થઈને વિવિધ સત્સંગપ્રવૃત્તિઓ કરી રહ્યા છે અને ભારતીય સંસ્કૃતિનાં સનાતન મૂલ્યોને જાળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ સાથે અહીં શરૂ થયેલી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગપ્રવૃત્તિ છેલ્લાં કેટલાંય વર્ષોથી અનેક મુમુક્ષુઓને પવિત્ર પ્રેરણાઓ આપે છે. મુનિવત્સલદાસ સ્વામી,







વેદોક્ત વિધિપૂર્વક મંદિરનો ઉદ્‌ઘાટન વિધિ અને પ્રતિષ્ઠાવિધિ કરતા ઈશ્વરચરણદાસ સ્વામી અને વિવેકસાગરદાસ સ્વામી

દિવ્યમૂર્તિદાસ સ્વામી વગેરે સંતોના નિયમિત વિચરણ અને ભક્તોના ઉત્સાહથી અહીં સત્સંગની અભિવૃદ્ધિ થઈ રહી છે.

આ ભક્તોની ભક્તિને સાર્થક કરતાં તાજેતરમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી થાઈલેન્ડની રાજધાની બેંગકોક ખાતે કલામંડિત છ મંજિલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચવામાં આવ્યું છે. આ મંદિરનો વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ, તા. ૨૧-૭-૨૦૨૪ના રોજ ગુરુપૂર્ણિમાના પવિત્ર દિને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં શાનદાર રીતે યોજાઈ ગયો.

આજથી ૪૦ વર્ષ પહેલાં, સન ૧૯૮૪માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે બેંગકોકમાં પગલાં પાડ્યાં ત્યારથી અહીં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગના શ્રીગણેશ થયાં હતાં. ફરીવાર સ્વામીશ્રી સન ૧૯૯૬માં પધાર્યા અને સત્સંગપ્રવૃત્તિને વેગવંતી બનાવી. ત્યારબાદ નિયમિત રીતે સંતવિચરણ યોજાતું રહ્યું. ગુરુહરિ મહંત સ્વામી મહારાજ સન ૨૦૧૮માં બેંગકોક પધાર્યા ત્યારે 'અહીં મંદિર થશે' તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી સુરેન્દ્રભાઈ પટેલ અને અન્ય હરિભક્તોએ તે દિશામાં પ્રયત્નો આદર્યા અને યોગ્ય ભૂમિ સંપાદિત થઈ ગઈ. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ સૌ ભક્તો મંદિરનિર્માણ માટે કટિબદ્ધ બન્યા અને તા. ૧૧-૧૨-૨૦૨૧ના રોજ ખાતવિધિ સાથે મંદિરનું નિર્માણકાર્ય વેગવંતું બન્યું.

કોવિડના પ્રતિબંધો હટ્યા બાદ મંદિર બાંધકામની ગતિ વધી. શ્રી સુરેન્દ્રભાઈ પટેલ, મયૂરભાઈ દેસાઈ વગેરે હરિભક્તોના નિષ્ઠાપૂર્વકના પ્રયાસો તથા બ્રહ્મચરણદાસ સ્વામી અને તેમની ટીમના સર્જનાત્મક પરિશ્રમના કારણે ટૂંક સમયમાં કલામંડિત છ મંજિલા મંદિરનું નિર્માણ થયું.

આ મંદિરમાં ચતુર્દિવસીય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનો પ્રારંભ તા. ૧૮ જુલાઈના રોજ થયો. છેલ્લા કેટલાય સમયથી આ મંદિર માટે ગુરુહરિ મહંત સ્વામી મહારાજે પ્રતિષ્ઠિત કરેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની ચલમૂર્તિ સુરેન્દ્રભાઈ પટેલના નિવાસસ્થાને ભક્તિભાવ ગ્રહણ કરી રહી હતી. તા. ૧૮ જુલાઈના રોજ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પૂજનવિધિ કરી તે મૂર્તિને નૂતન મંદિરમાં પધરાવી. દ્વિતીય દિને સવારે મંદિરનો પ્રાસાદ-પ્રવેશ વિધિ યોજાયો. વરિષ્ઠ સંતોએ નૂતન મંદિરના દ્વારશાખનું વિધિવત્ પૂજન કરીને જયનાદ સાથે પ્રવેશ કર્યો. ત્યારબાદ વિશ્વશાંતિ મહાયજ્ઞની શરૂઆત થઈ. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને સત્સંગ-મંડળની ઉપસ્થિતિમાં સંતોના વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે યજ્ઞવિધિ સંપન્ન થયો. પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક આશીર્વચનમાં વિશ્વશાંતિ યજ્ઞનું મહત્ત્વ સમજાવ્યું. ત્યારબાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ નવધાભક્તિનું મહત્ત્વ સમજાવી સૌને આધ્યાત્મિક પંથે આગળ ધપવાની પ્રેરણા આપી હતી.

## વૈદિક મહાપૂજા, શોભાયાત્રા અને ભજન સંધ્યા

તા. ૨૦ જુલાઈના રોજ માંગલિક સવારે મંદિર પરિસરમાં ૩૫૦થી વધુ યજમાન ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં વૈદિક મહાપૂજાવિધિ યોજાયો. હરિભક્તોએ સૌની સુખાકારી માટે વિશેષ ધૂન-પ્રાર્થનાઓ કરીને આરતી અર્ઘ્ય અર્પણ કર્યું. ત્યારબાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આશીર્વચન અર્પ્યાંઃ 'આ મંદિર એવું પવિત્ર સ્થાન છે કે જ્યાં હરકોઈ ભગવાનની ભક્તિ અને સેવા

કરીને સુખ, શાંતિ અને જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.'

ઢળતી બપોરે સેંકડો ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા બેંગકોકના માર્ગો પર, ફાઉ લેંગ એસોસિયેશન હૉલથી મંદિર તરફ જવાના માર્ગ પર યોજાઈ. આ શોભાયાત્રામાં બેનરધારી થાઈ યુવકો, સૂરાવલિ વહાવતું થાઈ બેન્ડ, આગવા ડ્રેસકોડમાં સજ્જ કિશોર-યુવા અને હરિભક્તવૃંદ, સુશોભિત રથમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, પાલખીઓમાં વિરાજમાન ગુણાતીત ગુરુપરંપરા, રાધાકૃષ્ણદેવ, શિવ-પાર્વતીજી, હનુમાનજી-ગણપતિજીનું વહન કરતા થાઈ ભક્તોથી શોભાયાત્રા દર્શનીય બની હતી. માંગલિક વસ્ત્રોમાં સજ્જ ભક્તિભજન કરતી કળશધારી બહેનો તેમજ અન્ય ભક્તિમય પ્રસ્તુતિઓથી શોભતી આ શોભાયાત્રા દ્વારા મૂર્તિઓએ સૌ પર કલ્યાણમય દૃષ્ટિ પાથરી હતી.

સંધ્યા સભામાં ફાઉ લેંગ એસોસિયેશન સભા હૉલમાં યોગીપ્રેમદાસ સ્વામી અને અન્ય સંતોનો ભજનસંધ્યા કાર્યક્રમ સૌએ માણ્યો હતો.

## મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ અને પ્રાસંગિક સમારોહ

સારંગપુરમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજ દ્વારા તા. ૨૮-૪-૨૦૨૪ના રોજ પૂજિત મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૧ જુલાઈના રોજ, ગુરુપૂર્ણિમાના પવિત્ર દિને, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને વિવેકસાગરદાસ સ્વામીના હસ્તે સેંકડો ભક્તોની ઉપસ્થિતિમાં શાનદાર રીતે સંપન્ન થયો.

આ પ્રસંગે થાઈલેન્ડ ખાતેના ભારતીય રાજદૂત શ્રી નાગેશસિંહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ઉદ્‌બોધન કરતાં કહ્યું: 'હું ભગવાન સ્વામિનારાયણની જન્મભૂમિ છપૈયાની ખૂબ જ નજીકના ગામમાંથી આવતો હોવાથી આજના પવિત્ર પ્રસંગે અહીં હું અત્યંત સન્માનની લાગણી અનુભવું છું. બી.એ.પી.એસ. સંસ્થાની સમાજોદ્ધારક સેવાઓને નજીકથી નીરખવાનું પુણ્ય મને ઘણીવાર પ્રાપ્ત થયું છે. હું ભાગ્યશાળી છું કે મને વર્ષ ૨૦૧૭માં અમેરિકા ખાતે પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. આ સુંદર મંદિર, ભારત અને થાઈલેન્ડ વચ્ચેના સાંસ્કૃતિક સંબંધોને વધુ ગાઢ કરવામાં સહાયક બનશે. ત્યારબાદ વિવેકસાગરદાસ સ્વામીના પ્રાસંગિક વક્તવ્ય બાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આશીર્વચન વરસાવ્યા હતા. સભાને અંતે, આ ઉત્સવમાં સહકાર આપનાર ફાઉ લેંગ એસોસિયેશનના પ્રતિનિધિઓનું સન્માન કર્યું હતું. અંતે ગુરુહરિ મહંત સ્વામી મહારાજના વીડિયો આશીર્વાદ સૌએ પ્રાપ્ત કર્યા હતા.

## બેંગકોક ખાતે યોજાયો કાર્યકર સુવર્ણ મહોત્સવ

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઠેર ઠેર કાર્યકર સુવર્ણ મહોત્સવના ઉપક્રમે કાર્યકર અભિવાદન સમારોહ યોજાઈ રહ્યા છે. બેંગકોકમાં પણ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં બેંગકોક સત્સંગપ્રવૃત્તિમાં કાર્યરત ૨૮૦થી વધુ ભક્તો-કાર્યકરોનો અભિવાદન સમારોહ તા. ૨૨-૭-૨૦૨૪ના યોજાઈ ગયો. બેંગકોક મહાનગરમાં વહેતી નદીમાં તરતી નૌકામાં આ સમારોહ યોજાયો હતો. પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી તેમજ અન્ય સંતોએ કાર્યકરોની નિ:સ્વાર્થ સેવાભાવના અને કર્તવ્ય પરાયણતાને બિરદાવ્યાં હતાં.

બેંગકોકની ગગનચુંબી ઈમારતો વચ્ચે વહેતી સરિતામાં સરકતી નૌકામાં સૌએ આ સત્સંગ સમારોહમાં વિશેષ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

આમ, થાઈલેન્ડના મહાનગર બેંગકોક ખાતે સુંદર કલામંડિત સ્તંભો, ઝરૂખાઓ, ગોખ-ગવાક્ષો, છતો અને શિખર-સામરણથી શોભતું સુંદર બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ મંદિર થાઈલેન્ડની ધરતી પર હિન્દુઓના એક ગૌરવચિહ્‌ન તરીકે સ્થપાઈ ગયું. બેંગકોકવાસી ભક્તો-ભાવિકો આવનારાં અનેક વર્ષો સુધી અહીંથી પવિત્ર પ્રેરણાઓ પ્રાપ્ત કરતા રહેશે. ◆

શોભાયાત્રામાં અક્ષરપુરુષોત્તમ મહારાજના રથનું વહન કરતા થાઈ ભક્તો...



# અમેરિકામાં મોન્ટગોમરી અને વોરિંગ્ટન શહેરમાં રચાયાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર






મોન્ટગોમરી મંદિરમાં પ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે યોજાયેલી શોભાયાત્રામાં ભક્તગણ, મૂર્તિસ્થાપનવિધિમાં રત યજ્ઞવલ્લભદાસ સ્વામી

અમેરિકામાં ૫૦ વર્ષ પૂર્વે આરંભાયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગના ઓજસ અમેરિકાનાં વિવિધ રાજ્યોનાં શહેરોમાં પથરાઈ રહ્યાં છે. બી.એ.પી.એસ. સંસ્થાના ગુણાતીત ગુરુવર્યોના અથાક વિચરણના પગલે પગલે સંતો-કાર્યકરો વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન દ્વારા સ્થાનિક હિન્દુઓમાં આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન કરવાનું સેવાકાર્ય કરી રહ્યા છે. ગુણાતીત સત્પુરુષના દિવ્ય આશીર્વાદથી લગાતાર અભિવૃદ્ધિ પામી રહેલા આ સત્સંગના ઇતિહાસમાં તાજેતરમાં વધુ બે નોંધપાત્ર પૃષ્ઠો ઉમેરાઈ ગયાં. તે પૃષ્ઠો એટલે મોન્ટગોમરી અને વોરિંગ્ટન શહેરમાં પ્રતિષ્ઠિત થયેલાં નૂતન બી.એ.પી.એસ. મંદિર. આ મંદિરોમાં યોજાયેલા પ્રાણ-પ્રતિષ્ઠા ઉત્સવની એક આછેરી ઝલક અહીં પ્રસ્તુત છે.

## મોન્ટગોમરી ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

વિખ્યાત અલાબામા નદીના કિનારે વસેલું સુંદર શહેર મોન્ટગોમરી અમેરિકાના અલાબામા રાજ્યનું પાટનગર પણ છે. બે લાખથી વધુ જનસંખ્યા ધરાવતા આ શહેરમાં વર્ષોથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગ ગતિમાન છે. હરિભક્તો પોતાના કાર્યક્ષેત્રની સાથે સાથે વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતનું પણ ખૂબ ઉત્સાહથી પ્રવર્તન કરી રહ્યા છે. આબાલવૃદ્ધ હરિભક્તોમાં સત્સંગપ્રવૃત્તિની અભિવૃદ્ધિ થતાં આ શહેરમાં મંદિરની જરૂરિયાત ઊભી થઈ. યોગ્ય ભૂમિ સંપાદિત થતાં સૌના પુરુષાર્થથી સુંદર મંદિર નિર્માણ પામ્યું. તેમાં મૂર્તિપ્રતિષ્ઠાના ઉપક્રમે ત્રિદિવસીય ઉત્સવ યોજાયો હતો. પ્રથમ દિને તા. ૭-૬-૨૦૨૪ના રોજ કીર્તન-આરાધના યોજાઈ, જેમાં શોભિતસ્વરૂપદાસ સ્વામી, અન્ય સંતો તેમજ યુવકમંડળે સંકીર્તન ભક્તિની રસલહાણ પીરસીને સેંકડો ભક્તોને ભજનભક્તિની મોજ કરાવી. સૌએ ભારતીય ભક્તિ-સંગીતની એક આગવી અનુભૂતિ કરી હતી. ત્યારપછી ભક્તિથી થનગનતા ભક્તોના અદ્ભુત ઉત્સાહ વચ્ચે, પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા મોન્ટગોમરીના માર્ગો પર યોજાઈ હતી.

તા. ૮-૬-૨૦૨૩ના રોજ સવારે પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે મહાપૂજાવિધિ યોજાયો. સૌ બાઈ-ભાઈ હરિભક્તો આગવા ડ્રેસકોડમાં સજ્જ બનીને વિધિમાં જોડાયાં. સંતોના વૈદિક મંત્રોચ્ચારો સાથે વિધિને અનુસરતા ૫૦૦થી વધુ હરિભક્તોએ વેદોક્ત પૂજાવિધિનો લાભ પામીને કૃતાર્થ થયા. ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે રોબિન્સવિલમાં તા. ૨૦-૮-૨૦૨૩ના રોજ

પૂજિત મૂર્તિઓનો કલાત્મક સિંહાસનોમાં સ્થાપનવિધિ મંગલમય વાતાવરણમાં યજ્ઞવલ્લભદાસ સ્વામી અને સંતોએ પૂર્ણ કર્યો. ત્યારબાદ યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં બાળકો-યુવકોએ કીર્તન-ભક્તિ અને ભક્તિનૃત્યની પ્રસ્તુતિ કરીને પવિત્ર અવસરને વધાવ્યો. અતિથિઓની સ્વાગતવિધિ બાદ સંતોએ આશીર્વચન પાઠવ્યા હતા. અંતિમદિને ઉદ્‌ઘાટન સમારોહના ભાગરૂપે મહિલાપાંખ દ્વારા શાનદાર સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો.

સનાતન ધર્મની સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતું મોન્ટગોમરીનું બી.એ.પી.એસ. મંદિર આજે મંગલમય બનીને સેંકડો ભક્તોને આકર્ષી રહ્યું છે, જે ભવિષ્યમાં હિંદુ-અમેરિકન સમાજના સંબંધોને વધુ ગાઢ બનાવતું રહેશે.

## વોરિંગ્ટન ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ઉત્તર અમેરિકામાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સંતો-કાર્યકરોના અથાગ પુરુષાર્થ અને ભક્તો-ભાવિકોની સેવાઓને પરિણામે સત્સંગની સતત અભિવૃદ્ધિ થઈ રહી છે. આ શૃંખલામાં અમેરિકાના પેન્સિલવેનિયા રાજ્યમાં આવેલા વોરિંગ્ટન શહેરમાં પણ સન ૨૦૧૦થી નિયમિત સત્સંગસભાની શરૂઆત થતાં સત્સંગનો અરુણોદય થયો હતો. અહીં ૧૨૦૦ જેટલા ભારતીય પરિવાર વસે છે. સન ૨૦૧૧ના અંતમાં અહીં મંદિર માટે એક જૂના બેન્ક્વેટ હૉલની જગ્યા પસંદ કરાઈ હતી, ત્યારે યોગાનુયોગ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ વોરિંગ્ટનમાં વિચરણ માટે પધાર્યા હતા. સૌ હરિભક્ત કટિબદ્ધ થયા અને ફક્ત એક જ અઠવાડિયામાં સંતો-સ્વયંસેવકોએ બેન્ક્વેટ હૉલને મંદિરમાં રૂપાંતરિત કરી દીધો. તેમાં તા. ૨-૧-૨૦૧૨ના





વોરિંગ્ટન માર્ગો પર યોજાયેલી ભક્તિસભર શોભાયાત્રાનું એક દૃશ્ય, નૂતન મંદિરમાં મૂર્તિસ્થાપન વિધિમાં રત સંતો...

રોજ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિ સંપન્ન થઈ ગયો. ત્યારથી આ મંદિરમાં નિયમિત બાળ-બાલિકા, યુવક-યુવતી, મહિલા અને સંયુક્ત સત્સંગસભા યોજાઈ રહી છે. હરિભક્તો વચ્ચેના સંપ, સુહૃદભાવ અને એકતાને કારણે પારાયણ, ઉત્સવોના આયોજનોથી ભારતીય સંસ્કૃતિની વસંત મહોરાવતું આ મંદિર અનેકવિધ સામાજિક-સાંસ્કૃતિક કાર્યોનું પણ કેન્દ્રસ્થાન બની રહ્યું છે. તાજેતરમાં આ મંદિરને વિશેષ સુવિધાસજ્જ બનાવવાના હેતુથી તેનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. તેમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓનો વેદોક્ત પૂજનવિધિ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે રોબિન્સવિલ અક્ષરધામમાં તા. ૧૧-૮-૨૦૨૩ના રોજ કર્યો હતો.

વોરિંગ્ટનના આ નવીનીકરણ પામેલા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનો આરંભ તા. ૨૮-૭-૨૦૨૪ના રોજ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની શોભાયાત્રા સાથે થયો. તેમાં હરિભક્તોએ કીર્તન-રાસની રમઝટ બોલાવીને ઉત્સવનો જયઘોષ કર્યો. ત્યારબાદ જ્ઞાનપ્રિયદાસ સ્વામી અને યજ્ઞવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં વૈદિક મહાપૂજાવિધિ યોજાયો, જેમાં સૌ હરિભક્તો ભક્તિ-ભાવપૂર્વક સંમિલિત થયા. મહાપૂજા બાદ સંતોની ઉપસ્થિતિમાં મૂર્તિસ્થાપનવિધિ સંપન્ન થયો.

આજે સંધ્યાસભામાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. અંતે મંચસ્થ સંતોએ આશીર્વચન પાઠવ્યા હતા. આમ, ગુરુહરિ મહંત સ્વામી મહારાજે અમેરિકામાં વધુ બે બી.એ.પી.એસ. મંદિર પ્રતિષ્ઠિત કરીને ભક્તો-ભાવિકો માટે કલ્યાણનાં દ્વાર ખુલ્લાં કર્યાં હતાં.


(**અનુસંધાન પૃષ્ઠ ૧૨ ઉપરથી**) હતું કે તે યજ્ઞમાત્ર કર્મકાંડ રૂપે જ નહોતા પ્રયોજાયા, પરંતુ તેની સાથે એક બ્રહ્માંડીય અનુસંધાન તેમજ આત્મા-પરમાત્માનાં રહસ્યોને સાંકળવામાં આવ્યાં હતાં.[૧૫] ભગવાન સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૮મા વચનામૃતમાં બ્રહ્મયજ્ઞ અને જ્ઞાનયજ્ઞની સર્વોત્તમ વિભાવના આપીને એવી આધ્યાત્મિક વિદ્યાને વિશદતાથી સમજાવે છે.

આધ્યાત્મિક મર્મની આ ચોકસાઈ સાથે શુલ્બસૂત્રોમાં યજ્ઞવિધિ અને ભૂમિતિના પ્રમેયો ગૂંથી લેવાયા છે, જેમાંનો એક પ્રસિદ્ધ સિદ્ધાંત છે - કાટખૂણ ત્રિકોણ સિદ્ધાંત.

જો કોઈ ત્રિકોણમાં એક ખૂણો ૯૦ ડિગ્રીએ એટલે કે કાટખૂણે હોય તો તેની બે ભુજાઓ અને તેના કર્ણ વચ્ચેનો સંબંધ નીચે મુજબ હોયઃ $a^2+b^2 = c^2$

અર્થાત્ ધારો કે કાટખૂણ ત્રિકોણની એક બાજુ ૪ ઇંચની હોય, બીજી બાજુ ૩ ઇંચની હોય, તો તેના કર્ણની લંબાઈ ૫ ઇંચ થાય. તેની ગણતરી ઉપરના સૂત્ર મુજબ આવી રીતે થાયઃ

(૪ x ૪ + ૩ x ૩) = (૧૬ + ૯) = ૨૫ = ૫$^{૨}$ = કર્ણ$^{૨}$




વિશ્વમાં આ સિદ્ધાંત ગ્રીક વિદ્વાન પાયથાગોરસે આપેલા સિદ્ધાંત તરીકે ભણાવવામાં આવે છે, પરંતુ હકીકતે પાયથાગોરસ કરતાં આશરે ૩૦૦ વર્ષ પહેલાં એટલે કે આજથી ઓછામાં ઓછાં ૨૮૦૦ વર્ષ પહેલાં શુલ્બસૂત્રોના રચયિતા મહર્ષિ બૌધાયને ભારતમાં નાના-નાના વિદ્યાર્થીઓને શીખવી દીધો હતો. મોરિટ્સ કેન્ટર જેવા વિદ્વાનોએ સિદ્ધ કરી બતાવ્યું છે કે પાયથાગોરસનો સિદ્ધાંત તેના પહેલાં શુલ્બસૂત્રોમાં જોવા મળે છે.[૧૬]

બૌધાયન પોતાના સૂત્રમાં લખે છે કેઃ दीर्घचतुरश्रस्याक्ष्णया रज्जुः पार्श्वमानी तिर्यग् मानी च यत् पृथग् भूते कुरूतस्तदुभयं करोति ॥[૧૭]

બૌધાયન કહે છે કે કોઈ એક કાટખૂણ ત્રિકોણના વિકર્ણ ઉપર ચોરસવર્ગ આકૃતિ કરવામાં આવે તો તેનું ક્ષેત્રફળ, એ ત્રિકોણની અન્ય બે ભુજાઓ પર દોરેલા ચોરસવર્ગના ક્ષેત્રફળની બરાબર થાય. આગળના પૃષ્ઠમાં આપેલી આકૃતિ પરથી તેની વધુ સ્પષ્ટતા થશે.

કાટખૂણ ત્રિકોણના પ્રયોગોના આર્કિયોલોજિકલ પુરાવાઓ ભારતમાં આધુનિક સંવત પૂર્વે ત્રણ હજાર વર્ષ પૂર્વેના ઉપલબ્ધ છે. 'હિસ્ટરી ઓફ મૅથેમૅટિક્સ'માં તેના લેખક ડી. ઈ. સ્મિથ લખે છે તે મુજબ ચીન અને ઈજિપ્તના લોકોને પણ આ અંગે જાણ હતી. પરંતુ તેનું શાસ્ત્રીય અને એક ફૉર્મ્યુલાના સ્વરૂપમાં કદાચ સૌથી પ્રથમ કોઈને જ્ઞાન હોય તો તે એ વૈદિક ઋષિઓ હતા, જેઓ વિધિવત્ યજ્ઞકુંડોનું નિર્માણ કરવા આ વિદ્યાનો ઉપયોગ કરતા હતા. પ્રસિદ્ધ જર્મન ગણિતશાસ્ત્રી એ. બર્ક (A. Burk) અને એમ. કેન્ટર (M. Cantor) જેવા વિદ્વાનો નોંધે છે કે વિશ્વમાં આ ફોર્મ્યુલા સૌ પ્રથમ બૌધાયનનાં શુલ્બસૂત્રોમાં જ જોવા મળે છે.[૧૮]

બૌધાયને વર્તુળના ક્ષેત્રફળ અંગેની પણ રીત દર્શાવી છે. બૌધાયને પાઈ(Pi)નું માપ પણ શોધ્યું હતું.[૧૯] જો કે તેનો હેતુ માત્ર વૈદિક યજ્ઞની રચના માટે હોવાથી તેમાં પૂર્ણતઃ શુદ્ધિ નથી. બૌધાયનનાં શુલ્બસૂત્રોમાં આવા વિવિધ પ્રમેય છે, જેમાંનો એક પ્રમેય ૨નું વર્ગમૂળ કાઢવાનું પણ દુર્લભ માર્ગદર્શન આપે છે.[૨૦]

શુલ્બસૂત્રોમાં બૌધાયન ઋષિ વર્તુળ, ચોરસ, ત્રિકોણ, ષટ્કોણ, અષ્ટકોણ વગેરે પ્રકારની યજ્ઞવેદીઓની રચનાઓની સાથે કેટલાક વિશિષ્ટ આકારોની યજ્ઞવેદીઓની રચનાઓનું સૈદ્ધાંતિક માર્ગદર્શન પણ આપે છે. આ યજ્ઞવેદીઓના નિર્માણમાં દિશા, માપ-પ્રમાણ અને આકારની બાબતમાં ચોકસાઈ રાખવાનું ખૂબ અનિવાર્ય હતું. જેમ કે સૌમિકી

૧૫. Kapila Vatsyayan, *Square and the Circle of the Indian Arts*, (Abhinav Publications, New Delhi, 1997) p. 23-24


૧૬. T. A. Sarasvati Amma, *Geometry in Ancient and Medieval India*, (Motilal Banarsidass Publishers PVT. LTD., Delhi, 1999) p. 6

૧૭. बौधायन शुल्बसूत्र, १.६१-६२


૧૮. T. A. Sarasvati Amma, *Geometry in Ancient and Medieval India*, (Motilal Banarsidass Publishers PVT. LTD., Delhi, 1999) p. 6-7

૧૯. ibid.


૨૦. ibid.




મહાવેદી અને પ્રાચીનવંશની રચનાની આ આકૃતિ બૌધાયન શુલ્બસૂત્રોની ભૂમિતિના સિદ્ધાંતોનું ઉત્તમ ઉદાહરણ છે...



ઊડતા બાજ પક્ષી આકારના સ્યેનચિતિના નિર્માણમાં શુલ્બસૂત્રો આ રીતે ઇંટો ગોઠવવાનું વિધાન કરે છે.




જુદા જુદા આકારોની ઇંટોમાંથી સ્યેનચિતિ, કૂર્મચિતિ જેવા યજ્ઞકુંડોની રચનાનું ટેક્નિકલ માર્ગદર્શન શુલ્બસૂત્ર આપે છે.

વેદીની રચના પ્રાચી એટલે કે બરાબર પૂર્વ અને ઉત્તરની વચ્ચે કરવાનું ચોક્કસ સૂચન છે. કપિલા વાત્સ્યાયન નોંધે છે કે, બ્રહ્માંડીય સમય અને બ્રહ્માંડીય અસ્તિત્વ સાથે આપણા અસ્તિત્વને જોડવા માટે યજ્ઞના આકારો, યજ્ઞના સમય, ઋતુ, દિશા, નક્ષત્રો અને યજ્ઞ કરનાર વ્યક્તિ અંગે આવું ઊંડું મંથન કરવામાં આવ્યું છે.[૨૧]

શુલ્બસૂત્રોમાં એક ધ્યાનાકર્ષક બાબત છે - ૧૨ દિવસીય 'અગ્નિચયન' યજ્ઞવિધિ. તેમાં એક એક વિશાળ અને ખુલ્લા ચોકમાં થતો આ વિધિ બે વિભાગોમાં કરવામાં આવે છે:

**૧. મહાવેદી(great altar)ની સંરચના:** બૌધાયન સમજાવે છે કે મહાવેદીની રચના પૂર્વ-પશ્ચિમ દિશામાં એવી લંબચોરસ કરવી કે જે ઉપરથી થોડી સાંકડી અને નીચેથી થોડી પહોળી હોય.[૨૨] કેવું હોય તેનું પ્રમાણ? શતપથ બ્રાહ્મણ ગ્રંથ[૨૩] કહે છે: પૂર્વ છેડે ૨૪ પ્રક્રમ (અંતર માપવાનું એક પ્રકારનું વૈદિક માપ), પશ્ચિમ છેડે ૩૦ પ્રક્રમ અને ૩૬ પ્રક્રમ તેની પૂર્વ-પશ્ચિમ લંબાઈ રાખવી. એક પ્રક્રમ એટલે આશરે ૮૦ સેન્ટિમીટર. કેમ આ જ માપ? કારણ કે તેનું અનુસંધાન ૩૬૦ દિવસના ચાંદ્ર કેલેન્ડર સાથે છે. વિદ્વાનો તેનું મહત્ત્વ સમજાવે છે.[૨૪]

આ મહાવેદીના એક ભાગરૂપે જ 'સ્યેનચિતિ' રચવામાં આવે છે. 'સ્યેનચિતિ' એટલે પાંખ ફેલાવેલા વિશાળ બાજ પક્ષી આકારની યજ્ઞવેદી. (સ્યેન એટલે બાજ પક્ષી અને ચિતિ એટલે એક યજ્ઞવેદી.) ઊડતા બાજ પક્ષીના આકારની આ ચિતિ દ્વારા ઋષિઓ આત્માની ઊર્ધ્વગતિ સૂચવે છે.

સ્યેનચિતિ અંગે સૂત્રમાં કહે છે કે, वक्रपक्षव्यस्तपूच्छ

૨૧. Kapila Vatsyayan, *Square and the Circle of the Indian Arts,* (Abhinav Publications, New Delhi, 1997) p. 23

૨૨. बौधायन शुल्बसूत्र, ३.११-१२, ४.३

૨૩. शतपथ ब्राह्मण, ३/५.१.३-६

૨૪. George Gheverghese Joseph, *The Crest of the Peacock Non-European Roots of Mathematics,* (Princeton University Press, Princeton & Oxford, 2011) p. 324



કેરળના પાંજલ ગામે બૌધાયન શુલ્બસૂત્રના માર્ગદર્શન અનુસાર સ્યેનચિતિ રચીને ૧૨ દિવસ સુધી અમેરિકાના વિદ્વાનોએ અગ્નિચયનકર્મ કરાવ્યું તે એક ઇતિહાસ બની ગયો. તેમાં ભારતીય ભૂમિતિની સાથે અધ્યાત્મની નવી દિશાઓ ઊઘડી.

स्येनचिति।[૨૫] એટલે કે ઊડતાં બાજ પક્ષીના આકારની એવી વેદીની રચના કરવી કે જેની બંને પાંખોમાં વળાંક હોય અને તેની પૂંછ ફેલાયેલી હોય. આવી રચના કરવા માટે વિવિધ આકારની નાની નાની ઈંટોની ગોઠવણી કરવાનું કહેવામાં આવ્યું છે. એ માટે ઘણા ભૌમિતિક સિદ્ધાંતો ઉપયોગમાં લેવામાં આવે છે. શુલ્બસૂત્રો પ્રત્યેક ઈંટના ચોક્કસ માપ, કદ અને આકાર વિશે ખૂબ સુંદરતાથી માર્ગદર્શન આપે છે. (જુઓ પૃ. ૩૫ ઉપરની આકૃતિ)

અમેરિકામાં બર્કલી ખાતે આવેલી પ્રસિદ્ધ 'યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા'ના વિદ્વાન જોહાન ફ્રેડરિક સ્ટાલ (Johan Frederik 'Frits' Staal) અને સાથીઓએ આ બૌધાયન સૂત્ર મુજબ વૈદિક યજ્ઞો, તેના યજ્ઞકુંડોની ભૌમિતિક આકૃતિઓ અને મંત્રો પર ઊંડું અધ્યયન કર્યું હતું. સંસ્કૃત તેમજ ગ્રીક ભાષા અને તત્ત્વજ્ઞાનના આ પ્રખર વિદ્વાને સન ૧૯૭૫માં કેરળમાં પાંજલ નામના ગામે બૌધાયન સૂત્ર મુજબ સ્યેનચિતિ રચીને સંપૂર્ણ વૈદિક અગ્નિચયન કર્મ કરાવ્યું હતું. ૧૨ દિવસનો આ સંપૂર્ણ વિધિ રેકોર્ડ કરીને તેમણે તેની એક ડૉક્યુમેન્ટરી ફિલ્મ 'Altar of Fire' નામથી પ્રસિદ્ધ કરી હતી. હિન્દુસ્તાન ટાઇમ્સે ત્યારે નોંધ્યું હતું કે ''Kerala village hosts 4000-year-old ritual for world peace.''[૨૬] બાજુમાં મૂકેલી આકૃતિ અને કેરલમાં પાંજલ ખાતે થયેલા આવા યજ્ઞ માટેની સ્યેનચિતિના વિશાળ યજ્ઞકુંડની છબિ તેની સ્પષ્ટતા કરે છે.[૨૭]

જ્યારે આ વિધિ કર્યો ત્યારે એમ માનવામાં આવતું હતું કે બૌધાયન શાસ્ત્રના સંપૂર્ણ માર્ગદર્શન મુજબ જ થનારો આટલો વિસ્તૃત અગ્નિચયન વિધિ કદાચ આ છેલ્લામાં છેલ્લી વખત થઈ રહ્યો છે, પરંતુ નોંધવા જેવું છે કે આજે


૨૫. बौधायन शुल्बसूत्र, १०.१

૨૬. Hindustan Times, New Delhi, December 13, 2017

૨૭. Kim Plofker, *Mathematics in India*, (Princeton University Press, 2009.) JSTOR, http://www.jstor.org/stable/j.ctt7s03d. pg. 13-42

હજુ પણ બૌધાયનનાં સૂત્રો મુજબ એ વિધિ જીવંત રહ્યો છે.

સ્યેનચિતિને બદલે આ જ રીતે કૂર્મચિતિ (કૂર્મ એટલે કાચબો) આકારની પણ યજ્ઞવેદી કરવાનું વિધાન છે. કાચબાના આકારની આ યજ્ઞવેદી દ્વારા, આત્મા ઇન્દ્રિયોનો સંયમ કરીને બ્રહ્મના પ્રદેશને પામે છે તેવું સૂચવવામાં આવ્યું છે. આ ઉપરાંત વિવિધ ખૂણાવાળી આકૃતિની યજ્ઞવેદી કરવાનું પણ વિધાન છે. અંતઃશત્રુ અને બાહ્યશત્રુઓ સામે વિજય મેળવવાની તેમાં ભાવના છે.[૨૮]



બૌધાયન સૂત્ર મુજબ
કૂર્મચિતિની આકૃતિ

એવી એક ચિતિ એટલે રથચક્રચિતિ. આરાવાળા ચક્ર જેવી યજ્ઞવેદી. બૌધાયન કહે છે કે આ રથચક્રચિતિ કુલ ૨૮૯ ઈંટોની બનાવવી. એ પૈકી ૨૫૬ ઈંટોનો ચોરસ બનાવવો અને બાકીના ભાગને ૩૩ ઈંટોથી મઢીને ગોળ આકૃતિ કરવી.

આવી તો અનેકવિધ આકૃતિઓના યજ્ઞોની વાતો આ સૂત્રોમાં ભંડારેલી છે. દક્ષિણ ભારતમાં, વિશેષ કરીને તમિલનાડુ અને કેરાલામાં હજુ પણ પંડિતો, બ્રાહ્મણો બૌધાયન શુલ્બસૂત્રો પ્રમાણે ભૌમિતિક આકારની ઈંટો બનાવીને તેના આધારે યજ્ઞવેદીઓનું નિર્માણ કરે છે. આર્કિયોલોજીમાં વૈદિક યજ્ઞની એવી ભૂમિતિનું એક નોંધપાત્ર ઉદાહરણ એટલે દક્ષિણ ભારતમાં નાગાર્જુનકોંડા ખાતે મળી આવેલો અશ્વમેધ યજ્ઞનો વિશાળ યજ્ઞકુંડ. આ યજ્ઞકુંડ શાસ્ત્ર અને ભૂમિતિના ઇતિહાસ વચ્ચેની એક કડી રૂપ છે.

**૨. પ્રાચીનવંશઃ** પ્રાગ્વંશ અથવા પ્રાચીનવંશ નામની આ લંબચોરસ સંરચના મહાવેદીની પશ્ચિમે કરવામાં આવે છે, જેમાં ત્રણ યજ્ઞકુંડની રચના કરવામાં આવે છેઃ (૧) ગાર્હપત્યઃ આ વર્તુળાકાર યજ્ઞકુંડ પૃથ્વીના પ્રતીકરૂપે કરવામાં આવે છે. (૨) દક્ષિણાગ્નિઃ આ અર્ધ વર્તુળાકાર યજ્ઞકુંડ અંતરિક્ષનું પ્રતીક છે. (૩) આહ્‌વનીયઃ ચોરસ આકારનો યજ્ઞકુંડ, જે આકાશનું પ્રતીક છે. આ ત્રણેય કુંડનું ક્ષેત્રફળ એક પુરુષ વર્ગ જેટલું (આશરે પાંચ ચોરસ મીટર જેટલું માપ) એક સમાન હોવું જોઈએ. આ રીતની સમાન ક્ષેત્રફળવાળી અલગ અલગ આકારની રચના કરવા માટે ભૂમિતિનાં ખાસ સિદ્ધાંતો, પ્રમેયો અને ફોર્મ્યુલા આપવામાં આવ્યાં છે.

આવી ભાતભાતની બાબતોથી બૌધાયન સૂત્રો છલકે છે. યજ્ઞ કરનાર વ્યક્તિ અગ્નિશાળા કેવી રીતે બનાવી શકે? કયા મહિનામાં અને કયા નક્ષત્રમાં યજ્ઞ-અગ્નિની સ્થાપના કરવી જોઈએ? કયા યજ્ઞમાં કેટલા ઋત્વિજોએ ભાગ લેવો જોઈએ? યજ્ઞ-અગ્નિની સ્થાપના પહેલાં અને સ્થાપના બાદ શી વિધિ થવી જોઈએ? અગ્નિહોત્ર, ચાતુર્માસ્ય યાગ, અગ્નિચયન, વાજપેય યજ્ઞ, રાજસૂય યજ્ઞ, અશ્વમેધ યજ્ઞ વગેરે કેવી રીતે થવા જોઈએ? આવી અનેકવિધ વિગતોથી ભરપૂર આ શુલ્બસૂત્રો ભૂમિતિ અને ગણિતનો જ નહીં, પરંતુ આધ્યાત્મિક વિદ્યાનો પણ એક મહાઅધ્યાય શીખવે છે.

નોંધવા જેવી બાબત એ છે કે બૌધાયન, આપસ્તંબ, કાત્યાયન વગેરે મહાન ઋષિઓ હતા, માત્ર ભૂમિતિશાસ્ત્રી કે ગણિતશાસ્ત્રી નહોતા. આથી તેઓ યજ્ઞવેદીના નિર્માણ માટે ભૂમિતિના પ્રમેયો કે સિદ્ધાંતોની રચનામાં સહજતાથી સેન્ટિમીટર, ઇંચ, ફૂટ કે મીટર જેવાં ભૌતિક પરિમાણોને બદલે 'આત્મા', 'પુરુષ', 'સમાધિ' જેવાં આધ્યાત્મિક પરિમાણો પ્રયોજે છે.

જુઓ ઉદાહરણઃ

पैतृक्याम् द्विपुरुषं चतुरस्त्रं कृत्वा करणीमध्येषु शंकवः, स समाधिः (कात्यायन शुल्बसूत्र, 2.6)

અર્થાત્, પૈતૃકી નામની વેદી બનાવવા માટે બે પુરુષ વર્ગ (પુરુષ$^{2}$) ક્ષેત્રફળનો ચોરસ બનાવવો અને તેના બે ખૂણે રેખા દોરીને મધ્યબિંદુએથી ઊભી અને આડી રેખાઓ દોરો, તે સમાધિ છે.

આમ, ભારતમાં ભૂમિતિ અને અધ્યાત્મને જોડવામાં આવ્યા છે. વિદ્વાનો કહે છે કે ઉપનિષદોમાં આત્મા, પરમાત્મા અને જગત વિશે જે તાત્ત્વિક સ્પષ્ટતાઓ કરવામાં આવી છે તેને યજ્ઞના કર્મકાંડ તથા તેની ભૌમિતિક આકૃતિઓથી અલગ કરી શકાય નહીં. તે બંને એક સિક્કાની બે બાજુ જેવાં છે. જાણીતાં વિદુષી કપિલા વાત્સ્યાયન નોંધે છે કે, 'Indeed it may be asserted that often some of Upanishadic thought cannot be fully comprehended without an acquaintance with the ritual of the Vedas

૨૮. S. N. Sen, A. K. Bag, *The Śulbasūtras of Baudhāyana, Āpastamba, Kātyāyana and Mānava: With Text, English Translation and Commentary,* (Indian National Science Academy, 1983) pp.86 & 98.

and Brahmanas.' (23)

ભારતમાં બૌધાયન શુલ્બસૂત્રો ભુલાઈ ગયાં છે, પરંતુ Mathematical Association of America(MAA)ના વિદ્વાનો સિન્થિયા જે. હફમેન (Cynthia J. Huffman) અને સ્કોટ વી. થૌંગ (Scott V. Thuong) જેવાં ગણિતના પ્રાધ્યાપકો શુલ્બસૂત્ર પ્રમાણે ભૌમિતિક આકૃતિઓ બનાવવાનું અમેરિકામાં ક્લાસરૂમમાં શીખવે છે. આ માટે તેઓ ક્લાસરૂમમાં વિવિધ એક્ટિવિટી કરાવીને શુલ્બસૂત્રની વિશેષતાઓ નવી પેઢીને શીખવે છે.[૨૯] કિમ પ્લોફકર જેવા અમેરિકી વિદ્વાનો ભારતીય ભૂમિતિની હવે પ્રિન્સ્ટન જેવી વિખ્યાત યુનિવર્સિટીઓના ચોકમાં દુહાઈ આપે છે.[30]

વૈદિક ભૂમિતિનું આવું ગૌરવ આપણે પુનઃ જાગ્રત કરવું જ રહ્યું! આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ, પરંતુ ગણિત અને ભૂમિતિ આપણાં આધુનિક જીવન અને પ્રાચીન જીવનનો એક એવો હિસ્સો બની રહ્યાં છે કે, જેના વિના ચાલી શકે તેમ નથી. પછી ભલે તે ધાર્મિક બાબતો કેમ ન હોય! પ્રાચીન ઇજિપ્તનાં પિરામિડો અને દેવાલયોથી માંડીને અનેક ઇમારતોની રચનામાં તત્કાલીન એન્જિનિયરો અને ડિઝાઇનરોએ ગણિત અને ભૂમિતિના પ્રાથમિક જ્ઞાનને આધારે ભવ્ય સંરચનાઓ કરી છે. ચીનમાં પ્રાચીન સમયમાં ધાર્મિક વિધિ-વિધાનો માટે ગણિત અને ભૂમિતિનો ઉપયોગ કરાતો. એ જ રીતે ભારતમાં પણ વિધિ-વિધાનોમાં ગણિત અને ભૂમિતિનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો છે. વર્તમાન સમયે બની રહેલાં ભવ્ય અક્ષરધામ મહામંદિરો હોય, અયોધ્યાના શ્રીરામ મંદિર જેવા ઐતિહાસિક પ્રકલ્પ હોય કે અન્ય શિખરબદ્ધ મંદિરોનાં નિર્માણો હોય, તે બધાના પાયામાં મહર્ષિ બૌધાયને આપેલી ભૂમિતિ અને તેના સિદ્ધાંતો સમાયેલા છે.

સ્વામિનારાયણ અક્ષરધામ - અમેરિકા અને નવી દિલ્હીમાં આ મહાન ઋષિનાં મૂર્તિ-શિલ્પો પધરાવીને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે તેમને ઉચિત અંજલિ અર્પી છે.

આપણા નિત્ય જીવનનો અદૃશ્ય ભાગ બની ગયેલા એ મહાન ઋષિ બૌધાયનને વિનમ્ર વંદના. ◆

---


૨૯. http://www.maa.org/press/periodicals/convergence/ancient-indian-rope-geometry-in-the-classroom


૩૦. Kim Plofker, *Mathematics in India*, (Princeton University Press, 2009.) JSTOR, http://www.jstor.org/stable/j.ctt7s03d.


## સ્વામિનારાયણ અક્ષરપીઠનાં આગામી કૅલેન્ડર :

**ઘરની દિવાલોને શણગારે, નિત્ય દર્શન-પ્રેરણાથી છલકાવે...**

### તિથિ-તારીખ કૅલેન્ડર - ૨૦૨૫







આપનો વ્યાવસાયિક સંદેશો
હજારો ગ્રાહકો સુધી પહોંચાડવાનું
અનોખું માધ્યમ...
આપણાં પર્વો-ઉત્સવો,
મુહૂર્તો સાથે તિથિ-તારીખની
મનોહર રજૂઆત...
મનભાવન બહુરંગી વિવિધ છબીઓ...

સંપર્ક : બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરના તમામ બુકસ્ટોલ.

# ઑસ્ટ્રેલિયાના સિડની બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં ન્યૂ સાઉથ વેલ્સના પ્રીમિયર શ્રી ક્રિસ મિન્સનું અભિવાદન





તા. ૨૪-૭-૨૦૨૪ના રોજ ઑસ્ટ્રેલિયાના મહાનગર સિડની સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં ન્યૂ સાઉથ વેલ્સના રાજ્યના વડા પ્રીમિયર શ્રી ક્રિસ મિન્સ પધાર્યા હતા. ભારતથી પધારેલા મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ મંદિર પરિસરમાં તેઓનું પુષ્પહારથી સ્વાગત કર્યું હતું.

મંદિર પરિસરમાં કિશોરોએ સત્સંગ દીક્ષાના સંસ્કૃત શ્લોકોનું મધુર પઠન કરીને વાતાવરણને વિશ્વશાંતિ, સમૃદ્ધિ અને એકતાના સંદેશાઓથી ભરી દીધું હતું. આ પઠનથી ખૂબ જ પ્રભાવિત થયેલા પ્રીમિયરશ્રીએ નોંધ્યું હતું કે ‘અહીં પ્રાચીન અને મધુર ભાષા સંસ્કૃત શીખતી યુવાપેઢી તેમજ બાળકોને સંસ્કૃતનું પઠન કરતાં જોવાં એ મારા માટે અદ્‌ભુત ક્ષણ છે. આમ તો આ કઠિન કાર્ય છે, પરંતુ બી.એ.પી.એસ. સંસ્થાના સત્સંગીઓ આ પ્રાચીન વિધિ, સંસ્કૃત લિપિ અને ભાષાના વારસાને જીવંત રાખી આજથી ૧૦૦ વર્ષ પછી પણ આ બધું રમતું રાખશે. તે વખતની પેઢીમાં પણ આ જ ભાષા બોલાતી હશે અને સંસ્કૃતિ અને ધર્મનું જતન કરીને તેઓ આગામી પેઢી સુધી તેઓ પહોંચાડશે.’

આજે યોજાયેલી પ્રાસંગિક સભામાં પ્રીમિયરશ્રી મિન્સે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ‘હું વ્યક્તિગત રીતે પ્રતિબદ્ધ છું કે મારે સિડનીમાં આ સંતો અને બી.એ.પી.એસ. પાસેથી હિન્દુ શાસ્ત્રો લઈ અમારી સંસદમાં મૂકવાં છે અને સંસદ સભ્યો તેમજ અન્ય પરંપરામાં માનતા લોકોને શાંતિ, સહિષ્ણુતા અને એકતાના સંદેશ તરીકે આ શાસ્ત્રો ઉપલબ્ધ કરાવવાં છે. આધુનિક ઑસ્ટ્રેલિયન સમુદાય માટે હું આનાથી વધુ સારો સંદેશ કલ્પી શકતો નથી.’

શ્રી મિન્સે અહીં રચાનાર ભવ્ય પરંપરાગત બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક પરિસર પાછળના વિઝન માટે બી.એ.પી.એસ. સંસ્થાની પ્રશંસા કરી જણાવ્યું કે આ મંદિર પરિસર બી.એ.પી.એસ.ના સત્સંગીઓ માટે જ નહીં, પરંતુ આ પ્રાંતમાં રહેતી દરેક વ્યક્તિ માટે આઇકોનિક સ્થાન બની રહેશે. તેના ઉદ્‌ઘાટનમાં ભાગ લેવા મેં અત્યારથી જ સમય આરક્ષિત રાખ્યો છે.

સભાનું સમાપન ભદ્રેશદાસ સ્વામીના હૃદયસ્પર્શી પ્રવચન સાથે થયું હતું. બી.એ.પી.એસ.ની પ્રવૃત્તિઓમાં રસ લઈને સહકાર અને પ્રોત્સાહન આપવા બદલ તેમણે શ્રી મિન્સનો આભાર માન્યો હતો.

# કેનેડા ખાતે ટોરન્ટોમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં યોજાઈ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી શિબિર




બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ટોરન્ટો, કેનેડા ખાતે તા. ૧૩ અને ૧૪ જુલાઈ, ૨૦૨૪ના રોજ ભારતથી ઉચ્ચ શિક્ષણ માટે આવેલા ૧,૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે શિબિર યોજાઈ હતી : 'ધ પાથ ટુ સક્સેસ'.

વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડતી આ શિબિરમાં જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને જ્ઞાનવત્સલદાસ સ્વામીએ પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ શિબિરમાં, વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને આધ્યાત્મિક જીવનમાં સફળતા મેળવવા માટેના ત્રણ મૂળભૂત સિદ્ધાંતો પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતુંઃ નિયમિત અભ્યાસ, નિયમ-પાલનની દઢતા અને નિયમિત સત્સંગ.

આ સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખી જ્ઞાનવત્સલદાસ સ્વામીએ સફળતા પ્રાપ્ત કરવા માટે અમૂલ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શૈક્ષણિક અને વ્યક્તિગત જીવનના ઉચ્ચ ધ્યેય સુધી પહોંચવા માટે રોડમેપ પ્રસ્તુત કરીને સફળતાના માર્ગમાં આવતા અવરોધોને દૂર કરવાની વ્યૂહરચના પણ તેમણે રજૂ કરી હતી.

વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રના નિષ્ણાતો સાથેની પેનલચર્ચા પણ શિબિરમાં ખૂબ રસપ્રદ બની રહી. આ શિબિરમાં ઓન્ટારિયોના શ્રમ, ઈમિગ્રેશન, તાલીમ અને કૌશલ્ય વિકાસમંત્રી શ્રી ડેવિડ પિસ્સિની ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ઓન્ટારિયો પ્રાંતમાં ઊઘડતી વ્યાવસાયિક ક્ષિતિજો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઈન્ટરેક્ટિવ પ્રશ્નોત્તરી સત્રમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને વિદ્યાર્થીઓને વિશદ સમજ આપી હતી.

સંતોએ શિક્ષણમાં સફળતા મેળવવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક જીવન અને વ્યક્તિગત વ્યવસાયમાં શિસ્ત કેળવવા પ્રોત્સાહિત કર્યા. આ સેમિનારમાં સોશિયલ મીડિયાનું વ્યસન, સમયનું મેનેજમેન્ટ, ઈમિગ્રેશનના પડકારો, આહારશુદ્ધિ, નાણાકીય કટોકટી વગેરે વ્યવહારુ વિષયોને આવરી લેવામાં આવ્યા હતા.

ઈન્ટરેક્ટિવ પ્રશ્નોત્તરી સત્રોએ આધ્યાત્મિક મૂલ્યોને જાળવીને શૈક્ષણિક સફળતા હાંસલ કરવા માટે મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સ્કિટ્સ, વીડિયો અને સંવાદ સહિતની આકર્ષક પ્રસ્તુતિઓએ વિષયવસ્તુને વધુ અસરકારક બનાવી હતી. વધુમાં, વિવિધ વર્કશોપ દ્વારા સહભાગીઓને સોશિયલ મીડિયાથી સાવધાન કરવામાં આવ્યા હતા.

આમ, આ શિબિરે, વિશેષતઃ ભારતથી કેનેડા ગયેલા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની અનેકવિધ મુશ્કેલીઓ અને સમસ્યાને નિવારવામાં મહત્ત્વની ભૂમિકા પૂરી પાડી હતી. સૌ વિદ્યાર્થીઓએ આવી હૂંફ આપવા બદલ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો હૃદયથી આભાર માન્યો હતો.




# ઇટલીના ઐતિહાસિક શહેર રોમમાં ૨૫મી વર્લ્ડ કૉંગ્રેસ ઑફ ફિલોસોફીમાં અક્ષર-પુરુષોત્તમ તત્ત્વજ્ઞાનનું ઉષ્માભર્યું સ્વાગત

તાજેતરમાં વિશ્વની સૌથી જૂની યુનિવર્સિટીઓમાંની એક તેમજ યુરોપની સૌથી મોટી યુનિવર્સિટી 'સેપિઅન્ઝા યુનિવર્સિટી ઑફ રોમ'માં તા. ૧ થી ૮ ઑગસ્ટ, ૨૦૨૪ દરમિયાન '૨૫મી વર્લ્ડ કૉંગ્રેસ ઑફ ફિલોસોફી' પરિષદ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં ૧૨૦ દેશોના, ૮૯ તત્ત્વજ્ઞાન વિદ્યાશાખાઓના ૫,૦૦૦ કરતાં વધુ વિદ્વાનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતમાંથી બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંત મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી અને અન્ય વિદ્વાન સંતો આ કૉન્ફરન્સમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કૉન્ફરન્સ દરમ્યાન, 'વર્લ્ડ કૉંગ્રેસ ઑફ ફિલોસોફી'ના પ્રમુખ પ્રૉફેસર લ્યુકા સ્કારેન્ટિનોએ સનાતન ધર્મની વેદાંત પ્રસ્થાનત્રયી પર આધારિત અક્ષર-પુરુષોત્તમ દર્શનને રજૂ કરતાં ભાષ્યો સ્વીકારીને હર્ષ વ્યક્ત કર્યો હતો.

'ઇન્ટરનેશનલ ફેડરેશન ઑફ ફિલોસોફિકલ સોસાયટીઝ'(FISP) દ્વારા આયોજિત આ કૉન્ફરન્સે વિશ્વભરની ૮૯ જેટલી ફિલોસોફિકલ શાખાઓના તેજસ્વી વિદ્વાનો માટે, વૈશ્વિક પડકારોને લક્ષમાં રાખીને માનવ અસ્તિત્વની ઊંડી સમજણને પ્રોત્સાહન આપવા આ મંચ પૂરો પાડ્યો હતો.

કૉન્ફરન્સ દરમિયાન તા. ૨-૮-૨૦૨૪ના રોજ, ભદ્રેશદાસ સ્વામીની અધ્યક્ષતા હેઠળ 'અક્ષર-પુરુષોત્તમ દર્શન અને આધ્યાત્મિક પર્યાવરણીય વિઝન' પર એક રસપ્રદ સત્ર યોજાયું હતું. વૈદિક અક્ષર-પુરુષોત્તમ દર્શનના માધ્યમથી પર્યાવરણ જાગૃતિનો આ સત્રમાં ઉદ્‌ઘોષ થયો હતો. આ સત્રમાં યુ.કે., યુ.એસ.એ. અને ભારતના વિદ્વાનોએ અક્ષર-પુરુષોત્તમ દર્શનના સિદ્ધાંતો કેવી રીતે માનવસેવા અને પર્યાવરણ સાથે સુમેળ સાધે છે તે વિષયક સંશોધન-નિબંધો રજૂ કર્યા હતા. આ વિદ્વાનોની શ્રેણીમાં બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંતો - પૂજ્ય પરમતત્ત્વદાસ સ્વામી, પૂજ્ય પરમવિવેકદાસ સ્વામી, પૂજ્ય અક્ષરાનંદદાસ સ્વામી વગેરેએ શોધપત્રો પ્રસ્તુત કર્યા હતા.

આ પ્રસંગે દિલ્હી યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાનના પ્રૉફેસર બાલગણપતિ દેવારાકોન્ડાએ કહ્યું: 'અક્ષર-પુરુષોત્તમ વેદાંત દર્શનનું મૂળ પવિત્ર સનાતન હિન્દુ શાસ્ત્રોમાં છે. પશ્ચિમી તત્ત્વજ્ઞાનના વિદ્વાનોને આ દર્શનમાં રસ લેતા જોઈને






વર્લ્ડ કૉંગ્રેસ ઓફ ફિલોસોફી, ૨૦૨૪ના પ્લેટફોર્મ પર અક્ષર-પુરુષોત્તમ દર્શન વિષયક સત્રમાં પ્રસ્તુતિ કરતા ભદ્રેશદાસ સ્વામી અને અક્ષરાનંદદાસ સ્વામી. અન્ય વિદ્વાનોની ઉપસ્થિતિમાં વર્લ્ડ કૉંગ્રેસ ઓફ ફિલોસોફીના અધ્યક્ષશ્રીને અક્ષરપુરુષોત્તમ દર્શનનાં સ્વામિનારાયણ ભાષ્યો ભાષ્યકર્તા ભદ્રેશદાસ સ્વામીએ અર્પણ કર્યાં ત્યારે અધ્યક્ષશ્રીએ ગૌરવ અનુભવ્યું હતું.

આનંદ થયો છે. આ એવાં મૂળભૂત મૂલ્યો અને માન્યતાઓ છે, જે આપણા વિશ્વમાં એક શક્તિશાળી સકારાત્મક પ્રભાવ પેદા કરી શકે છે.' આ કૉન્ફરન્સમાં વ્યાખ્યાન સત્રો ઉપરાંત, વર્કશોપ, પરસ્પર સંવાદ અને મુલાકાતો દ્વારા સંતો અને વિદ્વાનોએ વિવિધ દાર્શનિક વિચારોનું અર્થપૂર્ણ આદાન-પ્રદાન કર્યું હતું.


FISP તથા વિશ્વ તત્ત્વજ્ઞાન સંસ્થાના પ્રમુખ પ્રૉફેસર સ્કારેન્ટિનો અને ભદ્રેશદાસ સ્વામીએ આ પરિષદની ફળશ્રુતિ અને તેની ભવિષ્યની દિશા વિશે ચર્ચા કરી હતી. તેમણે વર્તમાન સમાજમાં તત્ત્વજ્ઞાનની પ્રાસંગિકતા, સતત સંવાદ અને રિસર્ચની જરૂરિયાતને દ્રઢાવી હતી. પ્રૉફેસર સ્કારેન્ટિનોએ પરિષદમાં અક્ષર-પુરુષોત્તમ દર્શન રજૂ કરવા બદલ પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીનો આભાર માન્યો હતો.

દાર્શનિક ચર્ચા પછી, પ્રૉફેસર લ્યુકા સ્કારેન્ટિનોએ, વેદાંત પ્રસ્થાનત્રયી પર એકવીસમી સદીના સંસ્કૃતમાં લખાયેલાં નૂતન શાસ્ત્રીય ભાષ્યો 'સ્વામિનારાયણ ભાષ્યમ્'ના ગ્રંથોને તેના લેખક મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામી પાસેથી સ્વીકારીને આનંદ વ્યક્ત કર્યો હતો.

જાપાનના ફિલોસોફિકલ એસોસિએશનના પ્રમુખ અને વર્લ્ડ કૉંગ્રેસ ફિલોસોફીની આગામી કૉન્ફરન્સના યજમાન પ્રૉફેસર નોબુરુ નોટોમી પણ આ બેઠકમાં ઉપસ્થિત હતા. તેમણે અક્ષર-પુરુષોત્તમ દર્શનને ૨૦૨૮માં ટોક્યોમાં યોજાનારી ૨૬મી વર્લ્ડ કૉંગ્રેસ ઑફ ફિલોસોફીમાં રજૂ કરવા હાર્દિક આમંત્રણ આપ્યું હતું. ◆

**અક્ષરવાસ** **બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી સંતને હાર્દિક શ્રદ્ધાંજલિ...**

**પૂજ્ય ધર્મતનયદાસ સ્વામી, સારંગપુર, ઉં.વ. ૭૫. અક્ષરવાસ: તા. ૨૦-૮-૨૦૨૪**



સારંગપુર ખાતે વસતા પૂજ્ય ધર્મતનયદાસ સ્વામીનો અક્ષરવાસ થતાં એક સેવામય સંતની બી.એ.પી.એસ. સંસ્થાને ખોટ પડી છે. મૂળ ગુણાતીતનગર-ભાદરાના વતની આ સંતે પૂર્વાશ્રમમાં ભાદરા મંદિરના નિર્માણકાર્યમાં ખૂબ મહિમાથી તનતોડ સેવા કરીને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તથા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

સન ૧૯૭૦માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં કરકમળો દ્વારા દીક્ષા ગ્રહણ કર્યા બાદ શરૂઆતનાં વર્ષોમાં તેઓએ ગોંડલ ખાતે અક્ષરમંદિરમાં પૂજારી, મેઈન્ટનન્સ વગેરે સેવાઓ ખૂબ જ ખંતથી અને શ્રમ વેઠીને કરી હતી. ૧૯૮૧ પછી પાંચેક વર્ષ સુધી મહેસાણા મંદિરમાં રહીને પણ તેઓએ વિચરણ અને સત્સંગસેવાઓ કરી હતી. ત્યારબાદ વર્ષો સુધી મુંબઈ મંદિરમાં રહીને વિવિધ સત્સંગપ્રવૃત્તિઓમાં તેઓએ સેવાઓ કરી. ૨૦૧૩ પછી તેઓ સારંગપુરમાં રહીને ભક્તિમય જીવન પસાર કરતા હતા. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેમને કંપવા જેવી શારીરિક તકલીફનો સામનો કરવો પડ્યો હતો. આમ છતાં ભક્તિ, આહ્નિક અને કથાવાર્તામાં છેલ્લે સુધી તેમનો ખટકો અને ઉત્સાહ એવા ને એવા જ હતા. દેહની કપરી સ્થિતિમાં પણ તેઓ બને એટલી ક્રિયા જાતે જ કરી લેતા અને ભજનના બળે આનંદમાં રહેતા. હૃદય બંધ પડી જતાં તેઓ અક્ષરવાસી થયા છે. સેવાભાવી, સદાનંદી એવા પૂજ્ય ધર્મતનયદાસ સ્વામીને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆
















## ગુજરાતમાં પૂરગ્રસ્તોની વહારે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંતો-સ્વયંસેવકો

તાજેતરમાં સમગ્ર ગુજરાતમાં અતિવૃષ્ટિને કારણે ઠેર ઠેર તારાજી સર્જાઈ અને જનજીવન ખોરવાઈ ગયું. આ પરિસ્થિતિમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી અસરગ્રસ્ત લોકોને તાત્કાલિક રાહત આપવા માટે જુદાં જુદાં બી.એ.પી.એસ. મંદિરોમાં સંતો અને સ્વયંસેવકોએ પૌષ્ટિક ભોજનસામગ્રી તૈયાર કરી પૂરગ્રસ્તોને પહોંચાડવાનું યશસ્વી સેવાકાર્ય કર્યું છે. જેમ કે, વડોદરા જિલ્લામાં બી.એ.પી.એસ. મંદિર દ્વારા ૬૦,૦૦૦ લોકોને ગરમ ખીચડી, ૨૫,૦૦૦ લોકોને ગરમ શીરો અને ૫૦,૦૦૦થી વધુ લોકોને ફૂડ પેકેટ્સ અને પેયજળનું વિતરણ કરવામાં આવ્યું. જામનગરમાં બી.એ.પી.એસ. મંદિર દ્વારા ૫,૦૦૦ પૌષ્ટિક ફૂડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું. સંસ્થાના સંતો-સ્વયંસેવકોએ અપાર જહેમત ઉઠાવીને, કેડ સમાં પાણીમાં જઈને, અને ક્યાંક નાવમાં બેસીને પણ અસરગ્રસ્તોને રાહત સામગ્રી પહોંચાડી છે. ચાતુર્માસના ઉપવાસ વચ્ચે પણ સંતો-હરિભક્તોની આ નિઃસ્વાર્થ શ્રમભરી સેવાથી રાહત પામેલા હજારો અસરગ્રસ્તો હૃદયપૂર્વક બી.એ.પી.એસ. સંસ્થા પ્રત્યે આભાર વ્યક્ત કરી રહ્યા છે. ઉપરની છબિઓ તેનું એક દર્શન કરાવે છે.

Swaminarayan Prakash Gujarati, September 2024, Published on 1-9-2024. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.



દિલ્હી અક્ષરધામ મહામંદિરના કલામંડિત ગર્ભગૃહમાં ભગવાન શ્રી સ્વામિનારાયણને
આરતી-અર્ઘ્ય અર્પણ કરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ...



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas